—: શ્રીમેરૂતુંગસૂરિ વિરચિત :—

શ્રુતજ્ઞાનના આરાધન-વિરાધન ઉપર

# ૧ શ્રી કામ્દેવ નૃપતિ ચરિત્ર. તથા

પૂર્વકૃત સુકૃતના ફળ ઉપર

પૂર્વાચાર્ય વિરચિત

# ૨ શ્રી દેવકુમાર ચરિત્ર ભાષાંતર.


ભાષાંતર કર્તા-

કુંવરજી આણંદજી.



છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર.

વીર સંવત ૨૪૫૫. વીક્રમ સંવત ૧૯૮૫.

ધી "શારદા વિજય" પ્રીં. પ્રેસ-ભાવનગર.

કિંમત છ આના.

# ખાસ સુચના.

આ બંને ચરિત્રવાળી બુક શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના લાઇફ મેમ્બરોને ભેટ આપવાની છે.

ઉપરાંત આ બંને ચરિત્રની જુદી જુદી ૫૦૦ બુકો બે ગૃહસ્થની સહાયથી છપાવીને બંધાવી છે તે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના વાર્ષિક મેમ્બરોને ભેટ દાખલ આપવાની છે.

વેચાણ લેનારને આ બે ભેળા ચરિત્રવાળી બુકો છ આનાની કિંમતે મળી શકશે.

# પ્રસ્તાવના.

## ૧ શ્રી કામદેવ ચરિત્ર ભાષાંતર.

આ ચરિત્ર જો કે નાનું છે પરંતુ જ્ઞાનના આરાધન-વિરાધનથી થતી લાભહાનિને અંગે ઘણુંજ ઉપયોગી છે. એ ચરિત્રમાં ધ્યાન ખેંચવા લાયક બાબતો બહુ છે.

૧ કામદેવના પિતાને પુત્રપ્રાપ્તિ થયેલી ન હોવાથી તેને માટે પ્રયાસ કરતાં કેવળજ્ઞાની મુનિ પધારતાં તેમણે કહેલ પૂર્વભવ, તેમાં માત્ર એકજ વાકય વારંવાર બોલવાથી બાંધેલું પુત્રપ્રાપ્તિ માટે અંતરાયવાળું કર્મ.

૨ કેવળી ભગવંતે તે અંતરાયકર્મના ક્ષય માટે બતાવેલ તપ અને એક દેવે કેવળીને પૂછેલા પોતાના પૂર્વભવ ઉપરથી જાણેલું નમસ્કાર મહામંત્રનું અપૂર્વ મહાત્મ્ય અને તેના અમુક પદનો કેવળીએ બતાવેલ જાપ.

૩ કામદેવે કરેલા તપજપથી તેના અંતરાયકર્મનો થયેલ ક્ષય અને તેથી થયેલ પુત્રપ્રાપ્તિ.

૪ સૌભાગ્યમંજરી ને પંડિત વચ્ચે થયેલો લક્ષ્મી ને સરસ્વતીની મુખ્યતા વિષે વિચારવા લાયક સંવાદ.

૫ એક મિથ્યાત્વી પરિવ્રાજિકાનું સૌભાગ્યમંજરીએ કરેલ અપમાન–તેણે કરેલો પ્રપંચ.

૬ સ્વયંવરમંડપમાં સૌભાગ્યમંજરીએ કરેલા પૂર્વપક્ષનો કામદેવનીવતી પાંચાળીએ આપેલ ઉત્તર તથા બીજા પ્રશ્નોત્તર.

આ પ્રશ્નોત્તરોમાં પહેલા બે પ્રશ્નના ઉત્તર સૌભાગ્યમંજરીએ આપ્યા નથી. તે પ્રશ્નો–દિવસ પહેલો કે રાત્રી પહેલી ? અને બીજ પહેલું કે અંકુર પહેલો ?–આ પ્રશ્ન જેઓ સૃષ્ટિને અનાદિ માનતા નથી તેને પૂછવાના છે કે જેના ઉત્તર આપી ન શકવાથી તેઓ નિરૂત્તર થાય છે. ત્રીજો પ્રશ્ન ઉદ્યમ કે કર્મમાં બળવાન કોણ ? એ છે. તેનો ઉત્તર સૌભાગ્યમંજરી આપે છે, પણ પાંચાળી તેને નિરૂત્તર કરે છે.

સૌભાગ્યમંજરીએ પ્રારંભમાં જે પૂર્વપક્ષ કર્યો હતો કે જેનો ઉત્તર કોઇ રાજાઓ આપી શકયા નહોતા તે પૂર્વપક્ષ ત્યાં જણાવેલ નથી, પરંતુ પાંચાળીએ તેનો પણ ઉત્તર આપેલ છે, તે વાંચતાં દેવ, ગુરૂ ને ધર્મરૂપ રત્નત્રયીનું સ્વરૂપ પૂછેલ હોય એમ જણાય છે.

૭ કામદેવને માર્ગમાં થયેલો કેવળી ભગવંતનો લાભ, તેમણે બતાવેલું આઠ કર્મોનું સ્વરૂપ–અને જ્ઞાનાચારના આઠ આચારની આશાતના ( વિરાધના ) કરવાથી થયેલ હાનિ ઉપર જુદા જુદા દૃષ્ટાંતો.

૮ કામદેવનો પૂર્વભવ–તે ભવમાં તેણે કરેલ જ્ઞાનના આરાધન ને વિરાધન સંબંધી હકીકત.

આટલી બાબત ખાસ ધ્યાન ખેંચે તેવી છે.

આ ચરિત્ર સંવત ૧૪૬૯માં શ્રી મેરૂતુંગસૂરિએ સંસ્કૃત ગદ્યબંધ રચેલું છે. કર્ત્તા પુરૂષ મોટા વિદ્વાન છે. તેમણે બીજા ગ્રંથો ને ચરિત્રો પણ રચેલા છે. જ્ઞાનના આરાધન-વિરાધન માટે આજ સુધી વરદત્ત ગુણમંજરીની કથાજ વિશેષ પ્રચલિત હતી, તેમાં આ ચરિત્રથી વધારો થયેલો છે. આમાં આઠે પ્રકારના જ્ઞાનાચાર માટે બહુ સ્પષ્ટતાથી અજવાળું પાડેલું છે.

વાંચનાર બંધુઓને ધ્યાનપૂર્વક વાંચી જ્ઞાનની આશાતના તજી તેના આરાધનમાં તત્પર થવા વિનંતિ છે. આ પ્રાણીનું સર્વસ્વ જ્ઞાનજ છે. આ સંબંધમાં કર્ત્તાએ પ્રારંભમાં બહુ અસરકારક લખેલ છે અને જ્ઞાનના સાધન તરીકે લખેલા ( તેમજ છાપેલા ) પુસ્તકોની સારી રીતે સંભાળ કરવાનું તેમજ બહુમાન કરવાનું સૂચવ્યું છે, જેથી અમારે વધારે લખવાની જરૂર રહેતી નથી.

એકંદર રીતે આ ચરિત્ર ખાસ વાંચવા લાયક ને ઉપકારક જાણીનેજ તેનું અમારી સભાના પ્રમુખ કુંવરજી આણંદજીએ જાતે ભાષાંતર કર્યું છે અને તે પ્રસિદ્ધ કરવામાં આવેલું છે. તેની ૫૦૦ નકલો ચી. પરમાણંદની માતુશ્રી અ. સૌ. બાઇ રૂપાળીના શ્રેયાર્થે ભેટ આપવા માટે છપાવેલ છે. તેનો આ ૧૦ મો મણકો છે. પ્રથમ નવ બુકો તેના શ્રેયાર્થે છપાવેલી છે. અન્ય બંધુઓએ આ બાબત અનુકરણ કરવા લાયક છે.

માર્ગશિર્ષ શુદિ ૧ }
સં. ૧૯૮૫ }

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા.**

ભાવનગર.

## ૨ શ્રી દેવકુમાર ચરિત્ર ભાષાંતર.

આ બુકમાં આ બીજું ચરિત્ર પણ સામેલ રાખ્યું છે. તેના કર્ત્તાએ પોતાનું નામ આપેલ નથી, તેમ પૂર્વજન્મમાં કરેલ સુકૃતના ફળ ઉપર આ કથા કહેલ છે છતાં તેમાં દેવકુમારનો પૂર્વભવ આપેલજ નથી, કે જેથી આપણે તેમણે પૂર્વભવમાં શું સુકૃત્ય કર્યું હતું તે સમજી શકીએ. માત્ર ફળપ્રાપ્તિ ઉપરથી તેણે ખાંચાવાળું સુકૃત પૂર્વે કર્યું હશે એમ અનુમાન થઇ શકે છે.

આ ચરિત્ર સાદ્યંત વાંચતાં ખરી રીતે તો તે અદત્તાદાનના ગ્રહણ–અગ્રહણથી થતી લાભહાનિ ઉપરજ હોય એમ જણાય છે. ચરિત્રની અંદર આપેલી પ્રાસંગિક કાળીસુત ને પરશુરામની કથા કે જેણે ભાષાંતરના ૧૪ પૃષ્ટ રોકયા છે તે આ વિષયપર બહુ સારૂં અજવાળું પાડે છે. એ કથા ખાસ વાંચવા લાયક છે.

આ ચરિત્રમાં દેવકુમારનું બુદ્ધિચાતુર્ય અનેક વખત બતાવવામાં આવ્યું છે, તે પણ લક્ષ ખેંચે તેવું છે.

આ ચરિત્ર ૫૨૩ અનુષ્ટુભ્ પ્રમાણ છે. પ્રાંતે જરા વિસ્તારની અપેક્ષા છતાં કર્ત્તાએ બહુ ટુંકામાં સમાપ્તિ કરી છે, પરંતુ કર્ત્તા તેને માટે સ્વતંત્ર છે. આ ચરિત્રનું ભાષાંતર પણ સભાના પ્રમુખે પોતે કરેલ છે. ચરિત્ર ખાસ વાંચવા લાયક છે. ઇત્યલમ્.

સં. ૧૯૮૫ માર્ગશિર્ષ શુદિ. — શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. ભાવનગર.

શ્રી મેરૂતુંગસૂરિ વિરચિત

શ્રુતજ્ઞાનના આરાધન–વિરાધનનું ફળ..

પ્રદર્શિત કરનાર

# श्री कामदेव नृपति कथा

## ભાષાંતર.

ઈચ્છિત પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સમાન, સુરનર અને અસુરના ઇંદ્રોએ નમ્યા છે ચરણકમળ જેમના એવા, કુશળતારૂપ કમળનો વિકાસ કરવામાં સૂર્યસમાન અને સુમતિવડે સંસારના પારને પામેલા એવા પરમેશ્વર–પરમાત્મા જયવંતા વર્તે છે.

સર્વ સામગ્રીથી સંપૂર્ણ એવા મનુષ્યભવને પામીને ભુક્તિ[1] ને મુક્તિ[2] સંબંધી સુખની સિદ્ધિને માટે પુણ્યજ એક કરવા યોગ્ય છે. પુણ્ય જ્ઞાનથી પ્રાપ્ત થાય છે (બંધાય છે), જ્ઞાન ગુરૂના ઉપદેશથી પ્રાપ્ત થાય છે, ગુરૂનો ઉપદેશ શાસ્ત્રપૂર્વક મળી શકે છે અને શાસ્ત્રનો આધાર લખેલાં પુસ્તકો છે, તેથી સર્વ ક્ષેત્રોમાં પુસ્તકોજ પ્રધાન પુણ્યક્ષેત્ર છે. કહ્યું છે કે–' પુણ્યના સર્વ ક્ષેત્રોમાં પુસ્તકજ ઉત્તમ ક્ષેત્ર છે. કેમકે

---

૧ સાંસારિકસુખ. ૨ મોક્ષસુખ.

સર્વ પ્રકારના પુણ્યોની વ્યવસ્થિતિ પુસ્તકોવડે–તેનાથી ઉત્પન્ન થતા જ્ઞાનવડેજ થાય છે.' વળી સર્વ પ્રકારના જ્ઞાનમાં શ્રુત-જ્ઞાનંજ પ્રધાન છે, કે જેથી દેવ, દાનવ, માનવને પ્રતિબોધ થઈ શકે છે. તેથી તે પુસ્તકજ ગજાધિરૂઢની જેમ રાજલીલાને અનુભવતું સતું જગતમાં જયવંતુ વર્તે છે.

"પ્રભુને મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ ને કૈવલ્ય-રૂપ પાંચ પુત્રો થયા, તેમાંથી શ્રુતજ્ઞાન નામના પુત્રને પ્રભુએ પોતાને પદે સ્થાપન કર્યો. તેથી અંગોપાંગયુક્ત એવું તે શ્રુતજ્ઞાન–પુસ્તક હસ્તિપર આરૂઢ થવાવડે ઉદયને પામીને **સિદ્ધાંતભુપતિના** નામથી ગણધર નામના અમાત્યયુક્ત ચીરકાળ પર્યંત આનંદ ( વૃદ્ધિ ) પામો."

આ કારણ માટે જ્ઞાનની એટલે તે સંબંધી પુસ્તકની યથાશક્તિ ભક્તિ કરવી, જેથી આ ભવમાં ને પરભવમાં સર્વ પ્રકારની સુખસંપત્તિ પ્રાપ્ત થાય અને સર્વ કળાઓ પણ વિલાસ કરે અર્થાત્ તેનો પણ લાભ થાય. જે પ્રાણી એ જ્ઞાનના પુસ્તકની આશાતના કરે છે તે નિવિડ એવું જ્ઞાનાવરણીય કર્મ બાંધીને અનેક પ્રકારના દુઃખનો ભાગી ( ભાજન તથા મહામૂર્ખ થાય છે. ( કામદેવરાજાની જેમ. )

જે જીવ પછીથી પણ જો જ્ઞાનની અને તે સંબંધી પુસ્તકોની ભક્તિ કરે છે તો તે પાછો સુખી, ભોગી અને વિદ્વાન્ થાય છે. જેમ તેજ કામદેવરાજા પાછા પ્રૌઢ રાજ્ય, પ્રતાપ, વિદ્યા અને કળાના પાત્ર થયા છે. જે જીવ જન્મથીજ યાવજ્જીવ પર્યંત સર્વ પ્રકારે જ્ઞાનની આરાધના કરે છે તે

સર્વદા સર્વ પ્રકારના સુખનું પાત્ર તેમજ મહાપ્રાજ્ઞ થાય છે. જેમ કામદેવની ભાર્યા અભંગુર ભાગ્યવાળી **સૌભાગ્યમંજરી** સર્વ પ્રકારના સુખ પામી તેમ.

તે કામદેવ ને સૌભાગ્યમંજરીની કથા આ પ્રમાણે છે.

આ જંબૂ નામના દ્વીપમાં ભરતક્ષેત્રમાં શ્રી સુમતિનાથજીને વારે **અયોધ્યા** નામની નગરી હતી. તે અયોધ્યાની ઉત્પત્તિ આ પ્રમાણે—પૂર્વે શ્રી ઋષભદેવ પ્રભુને પ્રાજ્ય રાજ્યપર સ્થાપન કરવાને સમયે ઇંદ્રે યુગળિકોને વિનીત જોઇને આ ભરતક્ષેત્રના દક્ષિણ બાજુના મધ્યખંડના મધ્યમાં વિનીતા નામની નગરી વસાવી દીધી. તે હકીકતને અસંખ્ય કાળ વ્યતિત થયા પછી લાખો સુભટોથી પણ અયોધ્યા—યુદ્ધ ન થાય તેવી—ન જીતાય તેવી અયોધ્યાઓ તેજ સ્થાનકે વસી. તે પૈકી છેલી **અયોધ્યા** અત્યારે શ્રી સુમતિનાથજીને વારે વિદ્યમાન છે.

તે અયોધ્યા નગરીમાં શ્રેષ્ટ કીરણોના સમૂહવડે દેદીપ્યમાન ભાળવાળા, પ્રબળ પરાક્રમથી આક્રમ્યા છે અનેક ભૂપાળોને જેણે એવા, શત્રુરૂપી સમૂહના કાળ જેવા અને ઉજ્વળ એવા સમસ્ત ગુણોથી વિશાળ એવા **શ્રી સુરદેવ** નામે રાજા પ્રાજ્ય સામ્રાજ્યને ભોગવતા સતા વિચરે છે. જેના પ્રતાપરૂપ સૂર્યની સ્ફૂટ અને ભાસ્વર એવી શોભા અને સંપૂર્ણ મંગળવાળા ચંદ્ર જેવી સૌમ્ય પ્રભા—એ બન્ને એકત્રપણે અંધકાર માત્રને આ જગતમાંથી દૂર કરે છે. તે જોઇને કોને આશ્ચર્ય ન થાય ? સર્વને થાય.

તે સુરદેવ રાજાને સહજ નિર્મળ અંતઃકરણવાળી, પાપ-માર્ગે ચાલવા માટે પરિશ્રાંત થયેલી–થાકેલી–નહીં ચાલનારી શીતળ છાયાવાળા વૃક્ષની જેવા શીળરૂપી વૃક્ષની શીતળ છાયામાં રહેનારી **સુરકાંતા** નામે પટ્ટરાણી છે. તે રાણી ભર્ત્તારની પૂર્ણ કૃપાથી સર્વ પ્રકારના સાંસારિક સુખને ભોગવતી હતી, છતાં તેને પૂર્વકૃતકર્મના વશથી એક અપત્ય સંબંધી સુખ પ્રાપ્ત થયું નહોતું. અન્યદા તે મનને હર્ષ પમાડવા માટે ક્રીડા કરવા સારૂ પોતાના આવાસની બારી વડે તેની પાછળની અશોકવાડીમાં ગઇ. ત્યાં અશોક, પુન્નાગ, નાગ, પ્રીયંગુ, પાટલ અને સહકાર વિગેરે સારાં સારાં વૃક્ષોને જોતી એક પ્રૌઢ પ્રાસાદમાં કામદેવની પ્રતિમાને નમસ્કાર કરી તેના ગોખમાં શીતળ પવનનો ઉપભોગ લેવા બેઠી.

તે વખતે તેણે ગવાક્ષના વિવરમાંથી જોતાં એક વૃક્ષ નીચે પોતાના બાળકોને રમાડતી કુકડીને જોઇ. તે કુકડી 'પોતાના ચરણાગ્રવડે ભૂમિને જરા જરા ખોદે છે, બાળક સામું જુએ છે, પોતાની પાંખવડે બચ્ચાંઓને ઢાંકે છે, તેની પીઠ ઉપર પોતાના પગવડે પંપાળે છે, બચ્ચાંઓના મોઢામાં પોતાના મોઢામાંથી થોડી થોડી ચણ આપે છે અને કુ કુ કુ શબ્દ કરે છે.' આ પ્રમાણે પોતાના બાળકો સાથે ક્રીડા કરતી તે કુકડીને જોઇને પોતાના અનપત્યપણાના દુઃખને સંભારી મહા દુઃખાર્ત થયેલી રાણી મનમાં આ પ્રમાણે ચિંતવવા લાગી કે–" આ કુકડીને પણ ધન્ય છે કે જે તિર્યંચણી છતાં પોતાના બાળકો સાથે આ પ્રમાણે નિરંતર ક્રીડા કરી આનંદ મેળવે છે. તે ઘરનેજ ધન્ય જાણવાં કે જે ઘરમાં

ધુળથી ધૂસર થયેલા તેમજ ઉઠતા, પડતા, રડતા ને આનંદ કરતા બે ત્રણ બાળકો દેખાય છે. અથવા કહ્યું છે કે:–'જ્યાં ગુણવડે ગૌરવવાળા જનોની પૂજા થતી નથી, જ્યાં ઉચ્ચ પ્રકારના સજ્જનોની સંગતિ નથી–તેમનું આવાગમન નથી અને જ્યાં નાના નાના બાળકો રમતા નથી તે ગૃહ અગૃહ છે.' વળી 'અપુત્રનું ગૃહ શૂન્ય છે, બંધુ વિનાની દિશા શૂન્ય છે, મૂર્ખનું હૃદય શૂન્ય છે અને દરિદ્રનું સર્વ શૂન્ય છે.' તેમજ 'પાણી વિનાનું સરોવર, ઇંદ્ર વિનાનું દેવભુવન, દાન વિનાનો શ્રીમંત, ન્યાય વિનાનો રાજા, વિનય વિનાનો શિષ્ય, પત્ર પુષ્પ ને ફળ વિનાનું વૃક્ષ, બુદ્ધિ વિનાનો છાત્ર, જીવ વિનાનું ગાત્ર અને નાક વિનાનું મુખ શોભતું નથી તેમ પુત્ર વિનાનું ઘર શોભતું નથી.'

રાણી વિચારે છે કે–"તે કારણથી હું સર્વથા મંદભાગ્યવાળી છું, નમતા એવા અનેક રાજાઓવડે શોભતા ભૂપાળોના પણ પ્રસાદનું પાત્ર છતાં અને ચિંતવવા માત્રથી સર્વ વસ્તુની પ્રાપ્તિ સુલભ છતાં જો એક જરા જેટલું અપત્યનું સુખ હું પામી નથી તો મારે આ પ્રાજ્ય એવા રાજ્યથી શું? અનેક સારવસ્તુવાળા સ્થાનોથી શું? મનોહર એવા નગરોથી શું? સર્વ સ્રીઓથી સુંદર એવા સ્વરૂપથી શું? કલ્પવૃક્ષની જેમ મનવાંચ્છિત આપનારા મહારાજાના પ્રસાદ (કૃપા) થી શું? ઉદાર ને સ્ફાર એવા શૃંગારથી શું? શરીરને અનુકૂળ એવા દુકૂળ વસ્ત્રોથી શું? સર્વ પ્રકારના આસ્વાદવાળા તાંબૂળથી શું? સ્ફાર એવા બીજા અલંકારોથી શું? અને સ્નેહના ગેહરૂપ દેહથી પણ શું? હા ઇતિ ખેદે! આ

સુંદર એવા જીવિતવ્યથી પણ શું ? હું સર્વથા કોઇ સ્થાને સુખે રહી શકતી નથી. પાકાં ચીભડાંની જેમ મારૂં હૃદય મહા દુઃખવડે ફાટે છે. હું શું કરૂં ? કયાં જાઉ ? અને કોની પાસે જઇને દુઃખની વાત કહું ? હા માતા ! મને શા માટે જન્મ આપ્યો ? હા પિતા ! શા માટે મને ઉછેરી ? હા ભર્ત્તા ! તમે શા માટે મને પરણ્યા ? હું તો આવી રીતે દુઃખી સ્થિતિમાંજ કાળ નિર્ગમન કરૂં છું. ”

**ઝોળી ટુટી કિં ન મુઇ, કિં ન હુઇ છારહ પુંજ;**
**ન સહત જિમ હું એવડી, દુઃખ દાવાનળ ગુંજ.**

આ પ્રમાણે મહાશોકથી વ્યાપ્ત ચિત્તવાળી, ચિંતાના કલ્લોલથી ચપળ જીવિતવાળી, મહાઆર્ત્તધ્યાનમાં પડેલી, ભૂમિપર સ્થાપન કરી છે દૃષ્ટિ જેણે એવી, હાથના તળ ઉપર સ્થાપન કર્યું છે મુખ જેણે એવી, પગના અંગુઠાવડે પૃથ્વીને ખોતરતી, દીર્ઘ શ્વાસોચ્છ્વાસવડે ઓષ્ટસંપુટને ધમતી, મોટા મોટા અશ્રુઓની ધારાવડે જમીનને સીંચતી અને મહા દુઃખને અનુભવતી પોતાની પટ્ટદેવી સુરકાંતા રાણીને તેના પરિવારના મુખેથી જાણીને સુરદેવ રાજા પણ ઝાંખા થઇ ગયેલા મુખવાળો તેમજ આકુળવ્યાકુળ મનવાળો થયો. પછી તરતજ પોતાના સિંહાસન ઉપરથી ઉઠીને ઉતાવળે પગે જ્યાં રાણી છે ત્યાં આવ્યો. તેણે દુઃખના સમૂહવડે પ્રપૂરિત ચિત્તવાળી અને નીચું મુખ કરીને રહેલી રાણીને જોઇ. તેને હાથવડે પકડી, આગળ બેસી, મુખ ઉંચું કરી, પૂછ્યું કે– ‘હા દેવી ! આમ અકસ્માત્ આટલો બધો શોક શા માટે કરે છે ? તારા આવા અતિ શોકનું કારણ શું છે ?’

આવો પ્રશ્ન સાંભળીને મહા દુઃખ ને ચિંતાથી સંકુચિત લોચનવાળી રાણીએ નેત્રો ઉઘાડી રાજા સામે જોઈને કહ્યું કે–' હે સ્વામી ! મેં શોકશૂન્યપણાથી આપ પૃથ્વીપતિને પણ અહીં પધારેલા જાણ્યા નહીં, તેમજ કુળસ્ત્રીને ઉચિત એવો અભ્યુત્થાનાદિ વિનય પણ કર્યો નહીં.' આમ બોલતી અને દાઝયા ઉપર ડાંભની જેમ દુઃખ ઉપર દુઃખને ધારણ કરતી તે એકદમ ઉભી થઇ. પ્રાણપ્રિયના ચરણ ઉપર લોચનોને સ્થાપન કરી, સૂર્યાસ્ત સમયે કમલિની જેમ સંકુચિત મુખવાળી થઈ સતી પૂર્વની જેમજ અત્યંત શોકના ક્લેશને અનુભવતી હાથ જોડીને પુતળીની જેમ સ્થિર થઇને ઉભીજ રહી. રાજા પોતાના વસ્ત્રના છેડાવડે રાણીના નેત્રને લુહીને સ્નેહથી ભરપૂર અને અમૃત જેવી મધુર વાણીવડે બોલ્યો કે–" હે દેવી ! આટલો અપરિમિત શોક અકસ્માત્ શા કારણથી કરે છે ? હું જરાપણ શોકનું કારણ જોઈ શકતો નથી. કેમકે તારા પિયરમાં તારા માતા પિતા વિગેરે કુશળ છે, ભાઇઓ આનંદમાં છે અને સઘળા સ્વજનો સુખી છે. અહીં પણ હું તારાપર પૂર્ણ પ્રસન્ન હોવાથી કોણ સેવક તારો હુકમ ઉપાડતો નથી ? મનથી પણ તારૂં વિરૂપ કોણ ચિંતવનાર છે ? તારા કયા મનોરથ અપૂર્ણ રહેલ છે ? એવું કાંઈપણ ન છતાં હે દેવી ! કહે તને શું દુઃખ છે ? કે જેથી બાષ્પથી હણાયેલા દર્પણની જેમ ઝાંખા પડી ગયેલા મુખવાળી તું દેખાય છે ? પાણીથી પલળેલા વસ્ત્રની જેમ તારાં બંને નેત્રમાંથી આંસુઓ ટપકી રહ્યા છે, દાવાનળમાં રહેલા કાષ્ટની જેમ તારૂં હૃદય બળ્યા કરતું જણાય છે, ગ્રીષ્મઋતુના તાપથી તપેલી રેતીની જેમ તારાં અંગો તપી રહ્યા છે; નિદ્રામાં પડેલી હો તેમ

તારૂં મન શૂન્યતાને પામી ગયું છે, તેથી શિઘ્રપણે મૌન તજી દે અને શોકનું કારણ કહે."

આ પ્રમાણે ઘણા આગ્રહપૂર્વક વારંવાર રાજાએ પૂછયે સતે નિઃશ્વાસ મૂકીને ગદ્‌ગદ્ સ્વરે મહાપ્રયાસે રાણી બોલી કે-'હા ઇતિ ખેદે! હું મંદભાગી પુત્ર વિનાની છું!' આ પ્રમાણેના શબ્દો સાંભળીને નિર્મળ દર્પણની પાસે રહેલા પદાર્થની જેમ તેનું સર્વ દુઃખ પોતાના હૃદયમાં સંક્રમી જવાથી સુરદેવ રાજા બહુ વખત સુધી વિચાર કરીને સ્નેહવાળી દૃષ્ટિથી દુધની ધારાની જેમ રાણીના હૃદયને સિંચતો સતો બોલ્યો-'હે દેવી! હે પ્રાણપ્રિયા! હું પણ આપણા એ મહા-શલ્યને જાણું છું. કુળદીપક એવા એક પુત્રવિના આપણી પછી સર્વ ધર્મકર્મના માર્ગ મૂળથી વિચ્છેદ પામશે, ઉત્તરોત્તર વૃદ્ધિ પામતા મનોરથો નાશ પામી જશે, પૂર્વજોના કરેલા પુણ્યના પ્રબંધો બંધ થઇ જશે એમ લાગે છે; પરંતુ શું કરીએ કર્મનું પ્રતિમલ્લ-તેનું નિવારણ કરે તેવું આ સંસારમાં કોઇ નથી.' કહ્યું છે કેઃ-

'જેણે જ્યારે જેવું શુભ કે અશુભ કર્મ કર્યું હોય છે તેને તેવુંજ ફળ ઉદય સમયે મળે છે.' વળી 'કદાચિત સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગે, મેરૂપર્વત ચળિત થાય, અગ્નિ શીતળ થઇ જાય અને પર્વતની શિલા ઉપર કમળ ઉગે તો પણ ભાવી એવી કર્મની રેખા મિથ્યા થતી નથી.' 'જે ભાવી બનવાનું હોય છે તે બનેજ છે અને ન બનવાનું હોય તે કદાપિ બનતું નથી. જુઓ! પર્વતાદિકના શિખરપરથી

ઈંદ્રધનુષ્ય થાય છે, રત્નાકરમાંથી થતું નથી.' માટે "હે દેવી ! તું રૂદન ન કર, ધૈર્યને ધારણ કર, મનને પ્રસન્ન રાખ, બધું ઠીક થઇ રહેશે."

આ પ્રમાણેના રાજાના વચનો સાંભળીને કાંઇક રોષથી રાણી બોલી કે:–"હે નાથ ! એવા ઉદાસિનતાના વચનો ન બોલો. વિચક્ષણ પુરૂષોએ ભવિતવ્યતા ઉપર ભાવીનો આધાર ન રાખવો; પરંતુ કાર્યસિદ્ધિને માટે યથોચિત પ્રયત્ન કરવો. કહ્યું છે કે–' ઉપક્રમ(ઉદ્યમ)થીજ કાર્યસિદ્ધિ થાય છે, ઉપક્રમથીજ કુટુંબની વૃદ્ધિ થાય છે, ઉપક્રમથીજ કષ્ટ નાશ પામે છે અને ઉપક્રમથીજ હિતની પ્રાપ્તિ થાય છે.' તેથી હે મહારાજ ! આ બાબતમાં સારા નિમિત્તિઆને બોલાવી પૂછો, તીર્થે જાઓ, દાન દ્યો, તપ કરો, મંત્રજાપ કરો ને કરાવો, કુળદેવતાને આરાધો અને વિદ્યાને સાધો કે જેથી આપણું અંતરાય કર્મ ક્ષીણ થાય, કોઈ દુષ્ટની કરેલી માયા હોય તો ક્ષય પામે, કલ્યાણની વાર્ત્તા વિસ્તરે અને સર્વે મનોરથ સિદ્ધ થાય."

આ પ્રમાણે સાંભળીને રાજા બોલ્યો કે–" હે દેવી ! તેં બધું યોગ્ય કહ્યું છે, તો હવે હું એવો પ્રયત્ન કરીશ કે જેથી આપણા સર્વ મનોરથ સિદ્ધ થશે." રાજા આ પ્રમાણે કહે છે તેજ વખતે આરામપ્રદેશમાં થતા ગંભીર દુંદુભીનો ધ્વનિ અકસ્માત રાજાએ સાંભળ્યો, તેથી અત્યંત ખુશી થયેલા રાજાએ માન્યું કે–' જરૂર આવા આકસ્મિક શુકન થવાથી અમારા મનોરથોની સિદ્ધિ થશે.'

રાજા આ પ્રમાણે ચિંતવે છે તેવામાં કાંતિના સમૂહવડે

આકાશતળને પૂરતી અને ચળાયમાન પતાકાઓવડે નૃત્ય કરતી તેમજ બહારના ઉદ્યાનમાં ઉતરતી દેવવિમાનોની પંક્તિ રાજાએ જોઇ. તે જોઈને 'આ શું ?' એમ બોલતો રાજા તત્કાળ રાજસભામાં આવીને બેઠો. એટલામાં આરામપાલકે આવી પ્રણામ કરીને નિવેદન કર્યું કે–" હે દેવ ! કોઇક કેવળજ્ઞાની મુનીશ્વર હમણાજ આપના ઉદ્યાનમાં પધાર્યા છે અને દેવોએ નિર્માણ કરેલા સુવર્ણમય કમળ ઉપર બીરાજ્યા છે. તેમને વંદન કરવા માટે અનેક દેવો વિમાનમાં બેસીને આકાશમાર્ગથી ઉતરે છે." આ પ્રમાણેની હકીકત સાંભળી તેને પારિતોષીક દાન આપીને રાજા વિચારવા લાગ્યો કે– "અહો ! મારા ભાગ્યના ઉદયથીજ અત્યારે કેવળી ભગવંત મારા ઉદ્યાનમાં પધાર્યા છે; તો હું તેમને વાંદીને નિષ્પાપ, નિ:સંદેહ અને સિદ્ધાવસ્થાને સાધ્ય કરનારો થાઉં."

આ પ્રમાણે આનંદપૂર્વક બોલતો રાજા અંતઃપુરના પરિવાર સહિત મોટી ઋદ્ધિવડે તરતજ વનમાં ગયો અને વિધિપૂર્વક કેવળી ભગવંતને વાંદીને તેમજ સ્તવીને પૃથ્વી-પીઠ ઉપર યથોચિત સ્થાનકે બેઠો. પછી કેવળી ભગવંતે અમૃતસમાન વાણીવડે દેશના આપવા માંડી. તે આ પ્રમાણે–

"સારાં કુળમાં જન્મ, અનેક પ્રકારની સંપદાની પ્રાપ્તિ, પ્રિયજનોનો સમાગમ, સુખની શ્રેણિ, રાજકુળમાં બહુમાન અને નિર્મળ યશ વિગેરે ધર્મરૂપી વૃક્ષનાં ફળો છે; અને દુર્ભાગીપણું, અનાથતા, વિકળતા, નીચકુળમાં જન્મ, દારિદ્ર, સ્વજનોથી પરાભવ, દુ:સ્થપણું, પરના સેવકપણું, અપત્યરહિ-તપણું, નિવૃત્તિ રહિતપણું, કુશય્યા, કુસ્ત્રી, કુભોજન અને

વ્યાધિઓ વિગેરે પાપરૂપ વૃક્ષના મોટાં અને વ્યક્ત એવાં ફળો છે. ઇત્યાદિ. ”

આ પ્રમાણેની દેશના સાંભળી રાજાએ મુનીશ્વરને નમીને પૂછ્યું કે–“ હે ભગવન્ ! કયા કર્મથી મને અને મારી રાણીને અનપત્યપણાનું દુઃખ પ્રાપ્ત થયું છે ? ’ કેવળી કહે છે કે–“ હે રાજન્ ! આજ દ્વીપમાં ને આજ **ભરતક્ષેત્રમાં અચળ** નામના ગામમાં પૂર્વે **વિક્રમ** નામનો કુટુંબી[1] વસતો હતો. તેને **વિક્રમદેવી** નામે સ્ત્રી હતી. તેના બાળકો પાડોશી બ્રાહ્મણના બાળકો સાથે ક્રીડા કરતા હતા. અન્યદા પોતાના ખેતરમાં થયેલો પાક જોવા તેઓ પોતાને ખેતરે ગયા. ત્યાં પોતાના બાળકોની સાથે પાડોશી બ્રાહ્મણના બાળકોને સીંગો તથા ચીભડાં વિગેરે ખાતાં જોઇને કોપાયમાન થઇ તે વિક્રમ બોલ્યો કે–‘ રે રે દુરાચારીઓ ! તમને અહીં કોણે બોલાવ્યા હતા ? મારૂં બધું ક્ષેત્ર ખાઇ ગયા, હવે તમને શું શિક્ષા કરૂં ? જેટલી કરૂં તેટલી ઓછી છે, પણ શું કરૂં તમે પાડોશીના છોકરાં છો, તેથી તેની દાક્ષિણ્યતા આડી આવે છે. હું તો કહું છું કે કોઇ પાડોશીને છોકરાંજ ન હોય તો સારૂં. ” આ પ્રમાણે વારંવાર કહેવાથી પુત્રપ્રાપ્તિ સંબંધી અંતરાયકર્મ બાંધ્યું. અજ્ઞાનપણું હોવાથી તેનો પશ્ચાત્તાપ ન કર્યો તેમ તે પાપને આળોવ્યું પણ નહીં.

ત્યારપછી તેઓ ઘરે ગયા. અન્યદા કોઇ માસોપવાસી મુનિ પધાર્યા. તેમને ઘી સાકર સહિત પાયસ ( ક્ષીર ) ભાવ

---

૧ કણબી–ખેડુત.

ભક્તિપૂર્વક વહોરાવવાવડે ભોગફળ કર્મ ઉપાર્જ્યું. તેણે કરીને તમે આ ભવમાં રાજા રાણી થયા છો અને સંતાન સંબંધી અંતરાય કર્મ બાંધેલ હોવાથી તમને અનપત્યપણું પ્રાપ્ત થયું છે.”

કેવળી ભગવંતના વચનથી આ પ્રમાણે પોતાનો પૂર્વભવ જાણીને રાજા રાણી વિચારવા લાગ્યા કે–‘ અહો ! અજ્ઞાનપણાથી જીવો લીલામાત્રમાં તીવ્ર કર્મબંધ કરી પોતાના આત્માને ક્લેશરૂપ સમુદ્રમાં પાડે છે. આપણને ધિક્કાર છે ! આપણે પાડોશીના બાળકોને કેવા કટુ શબ્દો કહ્યા ? હવે આજથી મનવડે પણ કોઇનું વિરૂપ–અહિત ચિંતવશું નહીં.’ આ પ્રમાણે વિચારીને પછી ગુરૂમહારાજને કહ્યું કે–‘ હે સ્વામી ! હે પ્રભુ ! હવે અમારાપર કરૂણા કરો અને અમને અમારા પાપનું પ્રાયશ્ચિત્ત આપો. આ મહા પાપમાંથી અમારો ઉદ્ધાર કરો.’ આ પ્રમાણે વારંવાર મનશુદ્ધિવડે બોલતા અને પોતાના આત્માને નિંદતા એવા તેઓએ કેવળીને નમસ્કાર કર્યો. એટલે કેવળી બોલ્યા કે–

‘ હે મહાનુભાવો ! પ્રાણીઓ સુખે સુખે સહેજે કર્મ બાંધે છે, પણ તેના વિપાક ભોગવતાં આકરાં થઇ પડે છે. જુઓ ! સ્ત્રી હસતાં હસતાં ગર્ભ ધારણ કરે છે પરંતુ પ્રસવ વખતે રોવું પડે છે. સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત ને નિકાચીત–એમ કર્મ ચાર પ્રકારે બંધાય છે. તેમાં જેમ સોયનો ઢગલો પૃથ્વીપર કર્યો હોય તે ત્યાં સુધી પરસ્પર મળેલ રહે છે કે જ્યાં સુધીમાં કોઇનો હાથ કે પગ લાગે નહી. હાથ કે પગ લાગે કે

તરતજ તે સોયો વીખરાઈ જાય છે; તેમ જે કર્મ ઉપયોગવાળાથી પણ સહસાત્કારે બંધાઇ ગયું હોય તે માત્ર આલોચના કરવાથીજ છુટી જાય છે. તે કર્મ **સ્પૃષ્ટ** કહેવાય છે. તેજ સોયનો સમૂહ દોરાવડે બાંધેલ હોય તે હાથ પગ લાગવા માત્રથી વેરાઇ જતો નથી, પણ દોરો છોડીએ ત્યારેજ છુટો થાય છે; તેમ પ્રાણાતિપાતાદિ દોષથી બંધાયેલા કર્મ આલોચન અને પ્રતિક્રમણવડેજ છુટે છે. તેવાં કર્મ **બદ્ધ** કહેવાય છે. તેજ સોયનો સમૂહ જેમ જેમ દોરે બાંધેલો વધારે વખત સુધી રહે તેમ તેમ કાટ લાગવાથી તે એકરૂપ જેવો થઇ જાય છે; તે સોય બંધ છોડવાથી છુટી પડતી નથી, પરંતુ તેલવડે મૃક્ષણ કરવાથી, અગ્નિમાં તપાવવાથી અને પથ્થર સાથે ઘસવાથી ઘણા પ્રયાસે છુટી પડે છે; તેમ જે કર્મ ધાવનવલ્ગનાદિ દર્પવડે અથવા કરણરૂપ આકુટ્ટીવડે (જાણી જોઇને) બાંધેલું હોય અને ઘણા કાળ સુધી ન આળોવવાને લીધે જીવપ્રદેશોની સાથે ગાઢ નિબદ્ધ થઈ ગયું હોય તે કર્મ તીવ્ર પશ્ચાત્તાપ, નિંદના અને ગુરૂએ આપેલા ઘોર છમાસાદિ તપવડે કરીનેજ છુટી શકે છે. તેવું કર્મ **નિધત્ત** કહેવાય છે. અને તેજ સોયનો સમૂહ અગ્નિથી ધમી લોઢાના ઘણથી ટીપી લોહના પિંડમય કરી નાખ્યો હોય છે તો તે બહુ ઉપક્રમ કરવાથી પણ છુટો પડી શકતો નથી; પરંતુ જેમ લોહપિંડ કર્યો તેમ તેને પાછો ભાંગી ભાંગીને ફરીને ઘડવામાં આવે તો જુદી જુદી સોયો થાય છે; તેમ જે કર્મ જાણી બુજીને જીવે આકુટ્ટીવડે કર્યું હોય અને મહા દુષ્ટ ભાવથી 'આ મેં બહુજ ઠીક કર્યું, ફરીને પણ આમજ કરવું.' આમ વારંવાર તેની અનુમોદના કરી હોય, જરામાત્ર પણ

આળોવ્યું ન હોય તે કર્મ જીવપ્રદેશોની સાથે ગાઢ એકત્વ પામી જાય છે. તેવું કર્મ જેવું બાંધ્યું હોય તેવુંજ-તેજ પ્રકારે ભોગવવાથી અથવા ઘોર તપસ્યા કરવાથી છુટે છે-અન્યથા છુટતું નથી. આવું કર્મ **નિકાચીત** કહેવાય છે.

તમે પૂર્વભવે 'કોઇ પાડોશીને છોકરાંજ ન હોય તો સારૂં.' આવું દુષ્ટ અને પાપકારી વાક્ય વારંવાર બોલવાથી અને પછી તેને બીલકુલ નહીં આળોવવાથી નિકાચીત જેવું અંતરાય કર્મ બાંધ્યું છે, તેમાંથી આજ સુધીમાં ઘણું ભોગવ્યું અને અત્યારે નિંદાગર્હાપૂર્વક આલોચના કરવાથી ઘણું ખપાવ્યું, હવે શેષ રહ્યું છે તે દશ પ્રકારના પ્રાયશ્ચિત્ત પૈકી છઠ્ઠા તપરૂપ પ્રાયશ્ચિત્તથી ક્ષય જશે. ઉત્કૃષ્ટ તપપ્રાયશ્ચિત્ત શ્રી ઋષભદેવને વારે બારમાસી, મધ્યના બાવીશ તીર્થંકરને વારે આઠમાસી અને શ્રી મહાવીરપ્રભુને વારે છમાસી હોય છે. તપવડે નિકાચીત કર્મનો પણ ક્ષય થાય છે, એવું સર્વજ્ઞનું વચન છે. એ તપ કર્મની નિર્જરા માટેજ કરવાનો છે. કહ્યું છે કે-'આ તપ આ લોક સંબંધી સુખને અર્થે ન કરવો, પરલોક સંબંધી સુખની પ્રાપ્તિ માટે ન કરવો, કીર્ત્તિ કે યશાદિક મેળવવા માટે ન કરવો; માત્ર નિર્જરા માટેજ કરવો.' તમારે અવશેષ રહેલા અંતરાય કર્મની નિર્જરાને માટે ૧૦૮ આંબેલ કરવારૂપ પ્રાયશ્ચિત્ત કરવું ઘટે છે. તે તપ સમ્યકત્વમૂળ બારવ્રતધારી મનુષ્યને અત્યંત ફળદાયક થાય છે." આ પ્રમાણે કહીને કેવળી ભગવંતે સમ્યકત્વનું સ્વરૂપ તથા શ્રાવકના બારવ્રત સંબંધી વિચાર વિસ્તારથી કહ્યો.

હવે રાજાએ રાણી સહિત મોટા સંવેગના રંગ સાથે

પોતાનું દુશ્ચરિત્ર બધું આળોવીને તેમજ તેવા પ્રકારનું પાપ ફરીને ન કરવાનો નિર્ણય કરીને કેવળી ભગવંતનો કહેલો તપ અંગીકાર કર્યો. તથા સમ્યકત્વમૂળ બાર વ્રતો પણ સ્વીકાર્યા. પછી અત્યંત ભક્તિપૂર્વક કેવળીને નમસ્કાર કરીને પોતાના નગર તરફ ચાલે છે તેવામાં તેના સમિપ ભાગે ઘણા આભૂષણોથી શોભતો એક દેવ પ્રગટ થયો. તે બોલ્યો કેઃ–" હે નૃપતિ ! હે મિત્ર ! જુઓ, જુઓ, પરમેષ્ટિ મહામંત્રનો કેવો પ્રભાવ છે ? મારૂં ચરિત્ર એવું છે કે જે સાંભળવાથી કોને આશ્ચર્ય ઉત્પન્ન ન થાય ? માટે હે મહીપતિ ! પાછા ચાલો ને કેવળી ભગવંતનેજ તે પૂછો, અનપત્યપણાના દુઃખને જળાંજળી આપો. સર્વ અંધકારનો નાશ કરનાર સૂર્યનો ઉદય થાય પછી દીપકનું શું કામ ?"

આ પ્રમાણે કહી રાજાને બાંહ્યવડે પકડી પોતાની સાથે કેવળી પાસે લઇ ગયો. ત્યાં ત્રણ પ્રદક્ષિણા દઈ જમીન સાથે ભાળ લગાડી ભક્તિપૂર્વક નમસ્કાર કરી હાથ જોડીને તે દેવે પોતાના પૂર્વભવનો વૃત્તાંત પૂછ્યો. એટલે કેવળી રાજાને ઉદ્દેશીને બોલ્યા કે–" આ જંબૂદ્વીપને વિષે ભરતક્ષેત્રમાં અયોધ્યા નામે નગરી છે. જ્યાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ અને ભરતચક્રી થયેલા છે. ભરતચક્રીએ સર્વ શ્રાવકોને બોલાવીને કહ્યું કે–'આજથી તમારે મારે ત્યાં નિરંતર જમવું અને ધર્મધ્યાન કરવું.' અહીંથી જતી વખત હું આદર્શમાં મારૂં રૂપ જોતો હઉં ત્યારે મારી પાસે તમારે આ પ્રમાણે બોલતા જવું કે– **जितो भवान्, वर्द्धते भीः, तस्मान्माहन माहन.** ' તમે જીતાયેલા છો, ભય વધે છે, તેથી (આત્માને) ન હણો, ન

હણો.' આ પ્રમાણે પ્રવૃત્તિ ચાલતાં જમનારાઓની સંખ્યા વધી પડી, એટલે રસોઇઆએ આવીને ભરતચક્રીને વિજ્ઞપ્તિ કરી કે-'હે સ્વામી! અમારે કેટલા માણસની રસોઇ કરવી? આમાં સંખ્યા જાણવામાં આવતી નથી અને રોજ વધતી જાય છે; માટે ખરા શ્રાવકની ખબર પડે એવું કાંઈક કરો.' પછી ચક્રીએ સમ્યગ્ પ્રકારે ધર્મની પરીક્ષા કરીને શુદ્ધ શ્રાદ્ધોના હૃદય ઉપર કાકિણી રત્નની ત્રણ રેખાઓ કરી, અને તેમને ભણવા માટે ચાર આર્યવેદો રચ્યા, તેમજ છ છ મહીને તેમની પરીક્ષા લેવાનું રાખ્યું. ભરતચક્રી મોક્ષે ગયા પછી આદિત્ય-યશા વિગેરેએ તેની આઠ પેઢી સુધી ત્રણ ખંડનું રાજ્ય ભોગવ્યું અને પ્રથમની રીતેજ શ્રાવકોને જમાડ્યા. ત્યારપછી તેમના વંશજોએ અજિતનાથજી થયા ત્યાંસુધી શ્રાવકોનું ગૌરવ કર્યું. તે શ્રાવકો દરરોજ **माहन माहन** એમ બોલતા હતા તેથી કાળે કરીને બ્રાહ્મણો કહેવાણા. ત્યારપછી અસંખ્ય કાળ વ્યતીત થયે તે બ્રાહ્મણોના વંશમાં હે રાજા! તારા પૂર્વભવમાં તારો પાડોશી **સોમશર્મા** નામે બ્રાહ્મણ થયો. જેના બાળકો તારા ક્ષેત્રમાં ખાતા હતા અને જેને તેં શ્રાપ આપ્યો હતો.

હવે તે બ્રાહ્મણ ક્રિયાવાન્ હતો, છતાં ખોટા સંસર્ગથી માંસલુબ્ધ થયો. તેણે પોતાની ભાર્યાને કહ્યું કેઃ-'તારે દરરોજ મારે માટે માંસ રાંધવું.' તે તે પ્રમાણે કરવા લાગી. અન્યદા રાત્રીએ તેણે મયૂરનું માંસ રાંધ્યું હતું, તે બીલાડી ખાઈ ગઈ, તે વખતે બીજું માંસ ન મળવાથી અને કોઇ અનાથ બાળક મરણ પામેલું મળી જવાથી તેનું માંસ તેણે રાંધ્યું. તેનો સ્વાદ અપૂર્વ આવવાથી તેણે 'આ કોનું માંસ છે?'

એમ સ્ત્રીને પૂછ્યું. તેણે ખરી વાત કરી, એટલે પછી દરરોજ મનુષ્યના બાળકો ચોરાવી, મરાવીને તેનું માંસ ખાવા લાગ્યો. આ વાત રાજાના જાણવામાં આવતાં રાજાએ તેને પોતાના નગરમાંથી કાઢી મૂકયો તે મનુષ્યરાક્ષસ થયો.

અન્યદા માર્ગે જતા કોઈ સાધુને જોઇને તે તેને મારવા દોડ્યો. સાધુએ પરમેષ્ઠિમંત્રના પાઠથી તેને સ્થંભિત કરી દીધો. પછી તેને પ્રતિબોધ પમાડી નમસ્કાર મંત્ર શીખવ્યો. તે હિંસા તજી દઇને એક ગુફામાં રહ્યો. તેને ગુફામાં રહેલો જાણીને નગરના લોકોએ ત્યાં જઇને તેને મારી નાખ્યો. પરમેષ્ઠિમંત્રના ધ્યાનથી તે મરણ પામીને દેવ થયો. હે રાજા ! તે આ તમારી પાસે ઉભો રહેલ છે. તેણે ઉપજતી વખતે "મને આ દેવ સંબંધી ઋદ્ધિ કેમ પ્રાપ્ત થઇ ?" તેનો વિચાર કરી અવધિજ્ઞાનનો ઉપયોગ દેતાં નમસ્કાર મહામંત્રનું ફળ જાણ્યું. તેથી તે અહીં અમને વાંદવા આવ્યો. ત્યાં તમને પૂર્વભવના મિત્ર પાડોશીને જોઇને નમસ્કારનું મહાત્મ્ય જણાવવા માટે તમને અહીં લઈ આવ્યો અને તમારી સાથેના સંબંધવાળો તેનો પૂર્વભવ પૂછ્યો."

આ પ્રમાણે કેવળી ભગવંત પાસેથી તે દેવનો પૂર્વભવ સાંભળી સુરદેવ રાજા ચિત્તમાં ચમત્કાર પામીને વિચારવા લાગ્યો કે–' અહો ! શું નમસ્કાર મહામંત્રનો અપૂર્વ મહિમા ! જેના ધ્યાનથી આવો બાળહત્યા કરનારો મનુષ્યરાક્ષસ પણ સ્વર્ગે ગયો ! તેથી તે મહામંત્રનુંજ ધ્યાન કરવું.' આ પ્રમાણે વિચારીને નમસ્કારનું સ્વરૂપ, ફળ અને તેના જાપની

વિધિ પૂછી. એટલે કેવળી બોલ્યા કે–' રાગ, દ્વેષ, કષાય અને પાંચ ઇંદ્રિયોને તેમજ પરિસહ અને ઉપસર્ગને જેમણે જીત્યા છે-નમાવ્યા છે તે અરિહંતને નમસ્કાર થાઓ.' આ પ્રમાણે આખા નમસ્કારના નવે પદનું સ્વરૂપ વિસ્તારથી કહ્યું. પછી તેના ફળ તરીકે કહ્યું કે–' આ લોકમાં અર્થ, કામ, આરોગ્ય અને અભિરતિની ઉત્પત્તિ અને પરલોકમાં સુકુળમાં જન્મ, સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ એ નમસ્કાર મંત્રના સ્મરણાદિકથી થાય છે. હવે તેના જાપનો વિધિ કહે છે–.

એ મંત્રનો જાપ કરનાર મનુષ્ય પ્રથમ દેહવસ્ત્રાદિકવડે શુદ્ધ થઈ ત્રણ કાળ શ્રી જિનેશ્વરની પૂજા કરીને, તેમની પાસે સુખાસનપૂર્વક બેસી, ઓષ્ટપુટ બંધ કરી, નાસિકા ઉપર દૃષ્ટિનું સ્થાપન કરીને, પરસ્પર દાંત ન અડે તેવી રીતે, પ્રસન્ન મુખવાળા તેમજ અપ્રમત્ત ( અપ્રમાદી ) થઇને, સ્થિર ચિત્તે, ત્રણ શુદ્ધિવડે શુદ્ધ ચારિત્રી થઇને, વિશિષ્ટ પ્રકારનો તપ કરીને, અખંડ ને ઊજ્વળ ૩૬-૩૬ અક્ષતોવડે ત્રણ ઢગલી કરીને ૧૦૮ વાર નવકાર મંત્રનો જાપ કરે. તે મનુષ્ય સ્વર્ગની પ્રાપ્તિ તો દૂર રહો ( તે પામે તેમાં તો નવાઇ શી ? ) પરંતુ પરિણામની નિર્મળતા વિશેષ થવાથી તીર્થંકર નામકર્મ પણ ઉપાર્જન કરે. જે કોઇ આ નિયંત્રણાવડે નિયંત્રિત થઇને જાપ ન કરી શકે તે પણ જે રીતે બની શકે તે રીતે લાખ જાપ કરીને લાખ અક્ષત પ્રભુ પાસે ઢોવે તો તે નિર્મળ સમ્યગ્ દૃષ્ટિપણું પ્રાપ્ત કરે છે. ઘોર પાપકર્મી જીવ પણ પાપકર્મથી નિવૃત્ત થઈને ક્રોડવાર જાપ કરીને ક્રોડ અક્ષત પ્રભુ પાસે ઢોવે તો તે પાપથી મૂકાઇ સાત આઠ ભવમાં

સિદ્ધિપદને પામે છે. મનની સ્થિરતાને અનુસારે સર્વત્ર ફળની પ્રાપ્તિ થાય છે એમ સમજવું.

હવે મન સ્થિર કરવાનો ઉપાય બતાવે છે–જાપ ત્રણ પ્રકારે થાય છે. પૂર્વાનુપૂર્વીએ, પશ્ચાનુપૂર્વીએ અને અનાનુપૂર્વીએ. તેમાં નવકારના નવે પદોનો ક્રમસર પાઠ કરવો તે પૂર્વાનુપૂર્વી. આ રીતનો જાપ મન સ્થિર કરવા માટે કમળબંધથી કરવો. કમળબંધ આ પ્રમાણે–નાભિપ્રદેશથી ઉદ્‌ભવેલી કમળની નાળ બ્રહ્મરંધ્રમાં પ્રતિષ્ઠિત થાય છે. તેના મધ્યમાં એક પદ ને તે કમળના આઠ દળે આઠ પદ ધ્યાવા, તે કમળબંધ કહેવાય છે. તેમાં આદ્યપદના ઉચ્ચાર વખતે કમળના મધ્યની કર્ણિકામાં અષ્ટપ્રાતિહાર્યસમેત શ્વેતવર્ણી અરિહંતનું ધ્યાન કરવું. પછી બીજા પદના ઉચ્ચાર વખતે લલાટના ઉપરલે ભાગે સિદ્ધાસને બેઠેલા રક્તવર્ણી સિદ્ધનું ધ્યાન કરવું. ત્રીજા પદના ઉચ્ચાર વખતે જમણા કાનના ઉપરલે ભાગે પ્રવચન મુદ્રાએ સૂરિમંત્રને સંભારનારા સુવર્ણ(પીત)વર્ણી આચાર્યનું ધ્યાન કરવું. ચોથા પદના ઉચ્ચાર વખતે ગ્રીવા(ડોક)ની ઉપરના પશ્ચિમદળે શિષ્યોને આગમનો પાઠ કરાવતા નીલવર્ણી ઉપાધ્યાયનું સ્મરણ કરવું. પાંચમા પદના ઉચ્ચાર વખતે ડાબા કાનના ઉપરલા ભાગે કાયોત્સર્ગમાં સ્થિત શ્યામવર્ણવાળા સાધુઓનું સ્મરણ કરવું. અથવા પાંચે પરમેષ્ઠિનું કમળના પાંચ સ્થાનમાં સ્ફટિકવર્ણે ધ્યાન કરવાથી તે ધ્યાન સર્વ કર્મના તેમજ સર્વ વ્યાધિ ઉપાધિના ક્ષય માટે થાય છે. બાકીના ચાર પદ ચાર વિદિશાના ચાર દળપર દૃષ્ટિ રાખીને ગણવા."

આ પ્રમાણે કેવળી ભગવંતના વચનોને સાંભળીને રાજાએ

'વિધિપૂર્વક લક્ષ જાપ કરીશ.' એમ નિશ્ચય કરી કેવળી ભગવંતને નમીને પેલા દેવપ્રત્યે બોલ્યા કે-' તમે બહુજ ઉત્તમ કાર્ય કર્યું-મારાપર પરમ ઉપકાર કર્યો કે મને પરમેષ્ઠિ મંત્રનો જાપ કરવાનું શીખવ્યું. આ તમારા ઉપકારનો પ્રત્યુપકાર ક્રોડાભવે પણ હું કરી શકીશ નહી અને તમારો અનૃણી પણ થઇ શકીશ નહીં.' આ પ્રમાણે પ્રીતિપૂર્વક કહીને તે દેવને વિસર્જન કર્યો. પછી પોતાના નગરમાં આવીને પોતાના દેશ આખામાં અમારી પડહ વગડાવ્યો. અને પોતે સ્વસ્થ ચિત્તવાળા થઈને સ્ત્રી સહિત કેવળી ભગવંતે કહેલા વિધિ પ્રમાણે પરમેષ્ઠિ મહામંત્રનો લક્ષ જાપ કરવાનો પ્રારંભ કર્યો. તે આ પ્રમાણેઃ-

પ્રભાતે સ્તોક જળવડે સ્નાન કરી, પવિત્ર અને શ્વેત વસ્ત્ર ધારણ કરી, આંબેલનો તપ કરી, સર્વજ્ઞ પરમાત્માની પૂજા કરી, અખંડ શીળવાળા રાજાએ અખંડ અક્ષતો મૂકી ૩૨૪ વાર નવકાર મંત્રનો જાપ કર્યો. એજ રીતે મધ્યાન્હે તેમજ સંધ્યાકાળે પણ જાપ કર્યો. એ પ્રમાણે ૧૦૮ આંબેલ કરી ૧૦૮ દિવસે લાખ ઉપરાંત[૧] જાપ પૂર્ણ થવાથી તેનું બાકી રહેલું અંતરાયકર્મ ક્ષય પામ્યું. પછી પારણાને દિવસે સર્વ જિનચૈત્યોમાં મહાપૂજા ( આંગી વિગેરે ) કરાવીને દીનાદિકને ઉચિત દાન આપ્યું. ધાર્મિક જનોને શ્રેષ્ટ અને સ્નિગ્ધ અશનવડે ભોજન કરાવી, સાધુ મુનિરાજને શુદ્ધ આહારવડે

---

૧ ત્રણ બાધાપારાની નવકારવાળી ગણવાથી ૩૨૪ નવકારનો જાપ થાય. એ પ્રમાણે ૧૦૮ દિવસ ત્રણ ટંક જાપ કરવાથી એક લાખ ઉપરાંત ૪૯૭૬ નવકારનો જાપ થાય.

પડિલાભી, ઘી સાકર ને દુધ વિગેરેથી પારણું કરી સર્વ સંસારવ્યાપાર તરફ યોગ્ય ધ્યાન આપી સુખે નિદ્રાવશ થયા.

તેજ રાત્રીએ કોઈ પુણ્યવાન જીવ રાણીના ઉદરમાં ગર્ભપણે ઉત્પન્ન થયે સતે કામદેવ ત્યાં આવીને 'કાંતિના સમૂહવડે દિશાઓને પ્રકાશિત કરતા પરંતુ અંતઃધૂસર એવા સૂર્યના બિંબની જેવા અને ધીમે ધીમે સર્વ બાજુથી દેદીપ્યમાન થતા એવા પુત્રને તું ધારણ કર.' એવું વરદાન આપીને અદૃશ્ય થયા. આવું સુખે સુતેલી રાણીએ સ્વપ્ન દીઠું. તે દેખીને રાજા પાસે જઈ મધુર વાણીવડે રાજાને જગાડીને પોતાને આવેલા સ્વપ્ન સંબંધી હકીકત કહી સંભળાવી. તે સાંભળીને રાજા બોલ્યો કે–'ભાસ્કર જેવો દેદીપ્યમાન પુત્ર તને થશે, પરંતુ રવીના બિંબની અંદર ધૂસરતાનો હેતુ હું સમજી શકતો નથી.' રાજા આમ કહે છે તેવામાં શંખના ધ્વનિવડે સર્વ નગરને પૂરી દેતો મંગળપાઠક આ પ્રમાણે બોલ્યો–'કાંઇક ધૂસર એવું જે ભાસ્કરનું બિંબ કાંતિવડે દિશાઓને પ્રકાશિત કરતું સતું અનુક્રમે પૂર્ણ કાંતિવાળું થાય છે. તે સૂર્ય તમને હર્ષને માટે થાઓ.'

હવે તે સ્વપ્નનું રાજાએ કહેલું ફળ તથા તેજ વખતે થયેલી મંગળપાઠકની વાણી સાંભળી પ્રમોદવડે વ્યાપ્ત થયેલી રાજપત્ની શકુનગ્રંથી બાંધીને પોતાને સ્થાને આવી અને પૂર્વની જેમ ધર્મકાર્ય કરતી સતી ગર્ભનું પ્રતિપાલન કરવા લાગી. અનુક્રમે ગર્ભસ્થિતિ પૂર્ણ થયે સારે સમયે સર્વ લક્ષણ સંયુક્ત પુત્રને પ્રસવ્યો. પોતાને–અપુત્રીયાને પુત્રની

ઉત્પત્તિ થઇ તેથી રાજાને વિશેષ પ્રમોદ થયો. તેથી,તેણે અનેક પ્રકારના મહોત્સવો કર્યા. સૂતકના દિવસો વ્યતિત થયા પછી સ્વપ્નને અનુસારે માતાપિતાએ પુત્રનું '**કામદેવ**' નામ પાડયું.

તે પુત્ર શુક્લપક્ષમાં ચંદ્રની જેમ અને નંદનવનમાં કલ્પવૃક્ષની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. કમળોમાં રાજહંસની જેમ રાજાઓના ખોળામાં રમતો સતો તે સર્વને આનંદ આપવા લાગ્યો. અનુક્રમે પાંચ વર્ષનો થયો એટલે રાજાએ તેને લેખશાળામાં ભણવા મૂકયો. તેજ અરસામાં શત્રુના સૈન્યાદિકથી પીડાતા પોતાના દેશને જાણીને ભંભા વગાડવાપૂર્વક સંન્નદ્ધબદ્ધ થઇ સારસાર સૈન્ય સહિત સુરદેવ રાજા દેશરક્ષા કરવા ચાલ્યા. અહીં કામદેવ કુમાર પંડિતે યથોચિત તાડનાપૂર્વક ભણાવવાનો પ્રયત્ન કર્યા છતાં પૂર્વના અશુભ કર્મના ઉદયથી અક્ષર માત્ર પણ શીખી શકયો નહીં. એમ અનુક્રમે તે સોળ વર્ષનો થયો. એ અરસામાં રાજા વૈરીઓને પરાસ્ત કરીને દેશમાં સ્વસ્થતા ઉપજાવી, પરરાજ્યમાં પણ પોતાની આજ્ઞા પ્રવર્તાવી વિજેતાપણે પોતાની રાજધાનીમાં પાછા આવ્યા.

કામદેવ કુમારે માંચાઓ, પતાકાઓ તથા તોરણો વિગેરેથી નગરને શણગારીને પિતાની સામે જઇ પૃથ્વીતળપર ભાળ લગાડીને નમસ્કાર કર્યો. રાજા પગલે પગલે અપૂર્વ મહોત્સવ સાથે નગરમાં પ્રવેશ કરીને રાજમહેલના સિંહદ્વારે હાથી ઉપરથી નીચે ઉતરી સર્વોત્તમ વેળાએ અંતઃપુરમાં પ્રવેશ કરી સિંહાસન શોભાવીને બેઠા. તે વખતે પ્રણામ

કરીને સામે બેઠેલા, સ્પષ્ટ એવા લાખો રાજલક્ષણથી શોભતા, અત્યંત તેજસ્વી, રૂપવડે જીતેલ છે કામદેવને જેણે એવા કામદેવ પુત્રને જોઈને ' સર્વગુણ સંપૂર્ણ એવો આ મારો પુત્ર યૌવન પામ્યો છે, હવે કોણ એવી ધન્ય કન્યા છે કે જેની સાથે એનું પાણીગ્રહણ થશે ? ' આ પ્રમાણે રાજા ચિંતવે છે તેવામાં પ્રતિહારીએ નિવેદન કરેલો કોઈ દૂત સભામાં આવી રાજાને પ્રણામ કરીને પોતાના આગમનનો હેતુ આ પ્રમાણે જણાવ્યો.

" હે રાજન્ ! **વણારસી** નગરીમાં સર્વ શત્રુરૂપ હસ્તિઓને ત્રાસ પમાડવામાં સિંહસમાન **શ્રી વૈરીસિંહ** નામનો રાજા પૃથ્વીનું પાલન કરે છે. તે રાજાને સર્વ અંતઃ-પુરીમાં રત્નસમાન, શીલગુણમાં યત્નવાળી અને પ્રભૂત ગુણ-વાળી **ગુણાવળી** નામે રાણી છે. તેમને નિરૂપમ રૂપ, લાવણ્ય, શીલ, કાંતિ, મતિ અને પ્રજ્ઞાવાળી સૌભાગ્યતરૂની મંજરી સમાન **સૌભાગ્યમંજરી** નામે પુત્રી છે. તે સકળ કળામાં કુશળ થયા પછી નવતત્ત્વાદિ જિનોક્ત વિચાર જાણવાથી સમ્યક્ત્વમાં દૃઢ થઈ. કળાચાર્ય તેને રાજા પાસે લાવ્યા. રાજાએ પોતાના ખોળામાં બેસારીને પરીક્ષા લેવા માટે ' આ શું શું ભણી છે ? ' એમ પંડિતને પૂછયું. પંડિતે કહ્યું કે– ' હે મહારાજ ! આપ પોતેજ તેની પરીક્ષા લ્યો એટલે ખબર પડશે. ' તેથી રાજાએ પૂછયું કે–' હે વત્સે ! હું પૂછું તેનો ઉત્તર આપીશ ? ' કન્યા બોલી કે–' આપના ને ગુરૂના હુકમથી તેમજ પ્રતાપથી આપીશ. ' રાજાએ પંડિતને કહ્યું કે–' તમેજ પ્રશ્ન કરો. ' પંડિત કહે–' હે વત્સે ! સાવધાન

થઈને ઉત્તર આપજે.' કન્યા કહે છે કે-' હે પંડિત! જે રૂચિ હોય તે પૂછો.' તે વખતે શું પ્રશ્નોત્તર થાય છે તે જાણવાને આખી સભા ઉત્સુક થયે સતે કન્યાએ લક્ષણ, સાહિત્ય, છંદ, અલંકાર વિગેરે વિષય સંબંધી પંડિતે કરેલા પ્રશ્નોના ઉત્તરો સભાજનો આશ્ચર્ય પામે તેવી રીતે વિચાર કરી કરીને આપ્યા. પછી પંડિતે પ્રમાણ વિદ્યા સંબંધી પરીક્ષા માટે પૂર્વપક્ષ આ પ્રમાણે કર્યો:—

"હે વત્સે! આ અસાર સંસારમાં લક્ષ્મીજ એક સારભૂત છે, કારણ કે તે સર્વ કાર્યને સાધી આપનાર છે. સર્વ ધર્મ અર્થ ને કામની સિદ્ધિના કારણભૂત લક્ષ્મી છે, તેની વિના એક પણ કાર્ય થઇ શકતું નથી. લક્ષ્મીનું સર્વ કાર્યનું પ્રસાધકપણું તો બાજુપર રહો પણ તેના પ્રસાદથી સર્વ દોષ પણ ગુણરૂપ થાય છે. ( ગણાય છે. )કહ્યું છે કે-' દ્રવ્યવાનોનો કોપ તે **તેજ** ગણાય છે, દુરાગ્રહ તે **દૃઢતા** ગણાય છે, દુષ્ચેષ્ટિત તે **ક્રીડા** ગણાય છે, માયાવીપણું તે **વ્યવહાર-કુશળતા** ગણાય છે, અજ્ઞતા **સ્વચ્છતા** ગણાય છે અને દુર્જનતા **સ્પષ્ટવક્તાપણામાં** લેખાય છે. આ પ્રમાણે બુધ-પુરૂષો પણ ધનવાનોની પાસે દોષને ગુણપણે વર્ણવે છે, તેથી લક્ષ્મીને નમસ્કાર થાઓ.' 'ધનથી નિષ્કુલિન તે કુલિન થાય છે, ધનવડે પાપમાંથી નિસ્તાર થાય છે, ધન જેવું વિશિષ્ટ આ જગતમાં બીજું કાંઇ નથી, તેથી ધન મેળવો! ધન મેળવો!' 'ભૂખ્યાથી કાંઇ વ્યાકરણ ખવાતું નથી, તરસ્યાથી કાવ્યનો રસ પીવાતો નથી, વેદવડે કોઇએ કુળનો ઉદ્ધાર કર્યો નથી, તેથી હે ભાઈ! સોનું મેળવો, તેના વિના કળા

બધી નિષ્ફળ છે.' આ પ્રમાણે પંડિતે લક્ષ્મીનો પક્ષ કર્યે સતે કોયલ જેવા મીઠા સ્વરવડે કન્યા બોલી:—

"હે પંડિતરાજ! તમે એમ ન બોલો, મારા કહેવા-પર ધ્યાન આપો. આ અસાર સંસારમાં સારરૂપ ભગવતી સરસ્વતીજ છે. કારણકે તેજ સર્વ કાર્યની પ્રસાધક છે. કહ્યું છે કે-'ધર્મ, અર્થ ને કામ એ ત્રણેની સિદ્ધિનું મુખ્ય બીજ સરસ્વતી છે, જ્ઞાન વિના તે ત્રણમાંથી એકે વર્ગ સાધી શકાતો નથી.' આપે લક્ષ્મીના પ્રસાદથી દોષો ને ગુણોનો વ્યપદેશ થવાનું જે કહ્યું તે કૃત્રિમ છે—ઔપચારિક છે. બાકી સરસ્વતીના પ્રસાદથીજ દોષો પલટાઈને ગુણરૂપ થાય છે તે વાસ્તવિક છે—સત્ય છે. શાસ્ત્રમાં પણ કોપ, કદાગ્રહ, દુષ્ચેષ્ટિત, દૌર્જન્ય, માન અને લોભ વિગેરે જ્ઞાનના પ્રસાદથી ક્ષણમાત્રમાં પલટાઈને ગુણરૂપ થાય છે એમ કહ્યું છે. વળી તમે ધનવડે નિષ્કુલિન હોય તે કુલિન ગણાય છે ઇત્યાદિ કહ્યું તે પણ કૃત્રિમ છે. બાકી ખરી રીતે તો જ્ઞાનથીજ કુલિનપણું આવે છે, જ્ઞાનવડેજ પાપોથી મુક્ત થવાય છે, જ્ઞાનથી શ્રેષ્ઠ બીજી કોઈ વસ્તુ નથી, તેથી જ્ઞાનજ ઉપાર્જન કરવા યોગ્ય છે. વળી ભૂખ્યાથી વ્યાકરણ ખવાતું નથી ઈત્યાદિ જે કહ્યું તે સાત્ત્વિક કથન નથી, કેમકે ગુરૂ મહારાજની કૃપાથી પ્રાપ્ત કરેલ જ્ઞાનનો લેશ પણ કોડોગમે સુવર્ણ ઉપાર્જન કરી આપે છે અને જ્ઞાન વિના પશુ પક્ષી અને વૃક્ષો પાસે કદી કોડોગમે સુવર્ણ હોય તો પણ તેથી તેઓ સાધ્યને સાધી શકતા નથી. સુવર્ણરૂપ લક્ષ્મી માત્ર હાથ પગને શોભાવી શકે છે, પરંતુ વર્ણરૂપ ભારતી તો અંતરાત્માને શોભાવે છે."

આ પ્રમાણેના રાજકુમારીના વચનો સાંભળીને પંડિત બોલ્યા કે-" હે વત્સે ! હે રાજકુમારી ! તું મારૂં વચન સાંભળ ! વયવડે વૃદ્ધ, તપવડે વૃદ્ધ અને બહુશ્રુતપણાથી વૃદ્ધ-એ બધા ધનવડે વૃદ્ધના દ્વાર પાસે કિંકરપણું કરે છે."

કન્યા બોલી કે-" હે ભાગ્યથી પ્રાપ્ત થયું છે સભ્યપણું જેને એવા સભાસદો ! સાંભળો ! લક્ષ્મીવાન્ મારા પિતા છે અને સરસ્વતીવાન્ પંડિત ( મારા શિક્ષાગુરૂ ) છે. હવે જો લક્ષ્મીનેજ સારપણે માનવામાં આવતી હોય તો પંડિત ઉભા થઈને રાજાને નમસ્કાર કરે, નહીં તો પછી સરસ્વતીજ માન્ય ગણાશે." આવા કન્યાના ઉત્તરપક્ષથી 'રાજાને કેમ નમસ્કાર થાય ?' એમ વિચારતાં પંડિત વિલક્ષ થઈને નીચું જોઈ રહ્યા. તે વખતે ' અહો ! રાજકુમારીની કેવી બુદ્ધિ કે જેથી પંડિતને પણ જીતી લીધા ' એમ તમામ સભાસદો બોલ્યા, તેથી અત્યંત તુષ્ટમાન થયેલા રાજાએ ' વર માગ, વર માગ ' એમ કન્યાને કહ્યું. કન્યા બોલી કે-' હે તાત ! જો તુષ્ટમાન થયા હો તો જે કળામાં મને જીતે તે મને પરણે-એવો વર આપો.'

રાજાએ તેવી માગણી સાંભળીને અમાત્યોની સાથે વિચાર કરી કબુલ રાખી. પછી તે નગરીના ઉપવનમાં ભૂમિશુદ્ધિ કરાવીને સ્વયંવર મંડપ અને આમંત્રણ કરવાથી આવે તે રાજાઓ માટે મહેલો કરાવ્યા અને સર્વત્ર રાજાઓ તથા રાજકુમારોને બોલાવવા માટે દૂતો મોકલ્યા. તેમાં મને હે મહારાજ ! પુત્ર સહિત તમને આમંત્રણ કરવા માટે અહીં

મોકલ્યો છે. આજથી ત્રીશમે દિવસે સ્વયંવરનું મુહૂર્ત્ત છે, તેથી હે દેવ ! તે વખતપર આપ જરૂર ત્યાં પધારશો."

આ પ્રમાણે દૂતે કહ્યે સતે સુરદેવ રાજાએ કામદેવની સામે જોઇને કહ્યુ કે–' હે વત્સ ! સ્વયંવરમાં જા અને સ્વચ્છ મતિથી સોળ વર્ષ પર્યંત ભણેલી–શીખેલી કળાઓને પ્રગટ કરી રાજકન્યાને પરણીને જયલક્ષ્મી વર.' આ પ્રમાણે પુત્રને કહીને રાજાએ દૂતને રજા આપી. હવે પિતાના આદેશથી રાજકુમારે શુભ દિવસે પ્રસ્થાન મંગળ કર્યું અને પોતાની જડતા (મૂર્ખતા)નું સ્વરૂપ એકાંતમાં જણાવીને **વિમળબોધ** મંત્રીને અને તેણે આપેલી સલાહથી બાળચંદ્ર અને બાળસરસ્વતી નામના બે પંડિતોને સાથે લઇને ત્યાંથી પ્રયાણ કર્યું.

હવે અહીં એક પરિવ્રાજિકા ફરતી ફરતી સૌભાગ્યમંજરી પાસે આવીને આ પ્રમાણે બોલી કે–' હે વત્સે ! યૌવન, આયુ અને લક્ષ્મીનો લાભ લે છે કે નહીં ?' કન્યાએ પૂછયું કે–' કેવો લાભ ?' એટલે પરિવ્રાજિકા બોલી કે– "સ્વેચ્છાએ ખાનપાન કરવું તે. કહ્યું છે કે–હે ચારૂલોચને ! હે વરગાત્રી ! ( શ્રેષ્ઠ શરીરવાળી ) મન ઇચ્છિત ખા અને પી, કેમકે જે ગયું તે તારૂં નથી. હે ભીરૂ ! જે ગયું તે પાછુ આવવાનું નથી અને આ કલેવર ( શરીર ) તો પાંચ મહાભૂતનો સમુદાયમાત્રજ છે. (આત્મા જેવું કાંઇ છેજ નહીં.)"

કન્યા બોલી કે:–" આયુ, યૌવન અને લક્ષ્મી પ્રતિક્ષણ વિનશ્વર છે, તેનાથી પરિણામે સુધારસ જેવું પુણ્યરૂપી ફળજ ગ્રહણ કરવા યોગ્ય છે."

તાપસી બોલી કે-" પુણ્ય નથી, પાપ નથી, જીવ નથી, કર્મ નથી, તેનો ભોક્તા કોઇ નથી, સ્વર્ગ કે મોક્ષ પણ નથી, તેથી તે બધાના અસ્તિત્વરૂપ ભ્રાંતિભાવને છોડી દઈને બુદ્ધિમાનોએ પોતાની ઈચ્છાઓને પૂર્ણ કરવી."

કન્યા બોલી કે-" કેમ જાણ્યું કે જીવ નથી ?" જો કહેશો કે-' પ્રત્યક્ષ દેખાતો નથી તેથી. ' તો તમારા પૂર્વજો પણ દેખાતા નથી તેથી તે પણ નથી એમ કહેશો ? કદી તમે 'તે કાળમાં વર્તતા મનુષ્યોએ તેમને દીઠા હતા તેથી તે માનવા જોઇએ એમ કહેશો' તો 'તે તે કાળમાં વર્તતા જ્ઞાનીઓએ જીવને પણ જોયેલ છે તેથી તે છે.' કદી કહેશો કે-'તે કાળે તેવા જ્ઞાનીઓ હતા તેની કોઈને ખબર છે ?' તો તે કાળમાં વર્તતા તમારા પૂર્વજો પણ હતા કે નહીં તેની કોને ખબર છે ? બન્ને વાત સરખી છે.' 'જો પૂર્વજો ન હોય તો તેના વંશજો અમે કયાંથી ?' એવા અનુમાનથી પૂર્વજો હતા એમ સિદ્ધ કરશો તો ' તેવા પ્રકારના જ્ઞાનીઓના અભાવે આવા અવિસંવાદી આગમને કોણ કહેત ? તેથી તેવા જ્ઞાનીઓ અને તેમણે દીઠેલ જીવો હતા એમ સિદ્ધ થાય છે.' અને જો જીવ છે તો પછી તેના કરેલાં પુણ્યપાપાદિ પણ છે, તે પણ માનવું પડશે; કેમકે પુણ્ય પાપ વિના એક સુખી એક દુ:ખી વિગેરે આ જગતની વિચિત્રતા શાથી થાય ?' કદી કહેશો કે 'જન્મ સમયાદિક વખતે રહેલા શુભાશુભ ગ્રહોના બળથી જીવ સુખી દુ:ખી થાય છે.' તો શુભાશુભ ગ્રહનો યોગ પણ પુણ્યપાપના નિમિત્તથીજ થાય છે, તે વિના બીજું કોઇ કારણ તેને માટે નથી.' વળી કહેશો કે-' એક સરખા

પાષાણમાંથી થયેલ પ્રતિમા અને પગથીઆને પ્રાપ્ત થયેલું પૂજ્યાપૂજ્યત્વ જેમ નિર્નિમિત્ત છે તેમ સુખીદુઃખીપણું પણ નિર્નિમિત્ત છે.' તો તે નિર્નિમિત્ત નથી. જુઓ ! પ્રતિષ્ટિત બિંબના અભિધાનરૂપ તેમજ તેના કર્ત્તા ધનિકના પુણ્યરૂપ તેમાં હેતુ છે. સોપાન( પગથીયા )માં પુણ્યાભાવરૂપ હેતુ છે. કેમકે કોઇ પુણ્યવંતના નામ વિના તેમજ પ્રતિષ્ટાદિ કર્યા વિના તેવું બિંબ પણ પૂજાતું નથી. તે સાથે પાપી જનોની મૂર્ત્તિ પાદપ્રહાર તેમજ થુત્કારાદિ વિડંબના પામે છે, તેમાં પણ એવો જ હેતુ છે, માટે પુણ્ય પાપ છે એ વાત સિદ્ધ છે.' જો પુણ્ય પાપ છે તો તે નિમિત્તે પ્રાપ્ત થનારા સ્વર્ગ નરકાદિ પણ છે. તેની ના કેમ કહેવાશે ? અને પુણ્યપાપના સર્વથા ક્ષયથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, એ વાત પણ શાસ્ત્રવચનથી સિદ્ધ છે; એટલે મારી કહેલી બધી હકીકત સિદ્ધ થાય છે."

હવે તમે કહ્યું કે-' બુદ્ધિમાનોએ પોતાની વાંચ્છા બધી રીતે પૂર્ણ કરવી' એવો જો તમારો મત હોય તો તું અદૃશ્યમુખી અહીંથી કાઢી મૂકવા લાયક છું એવી અમારી વાંચ્છા છે તે પૂર્ણ કરૂં છું.' આમ કહીને તે કન્યાએ દાસીને દૃષ્ટિની સંજ્ઞા કરી એટલે તેણે મુખ મરડવાપૂર્વક તે તાપસીને ગળેથી પકડીને બહાર કાઢી મૂકી.

હવે તે તાપસીએ કોપાયમાન થઇને વિચાર્યું કે-' આ ડહાપણના ગર્વવાળી રાજકુમારીને યાવજ્જીવ મહામૂર્ખ પતિના સંકટમાં નાખું તોજ હું ખરી.' આમ વિચારીને કોઈ સાતિશય યક્ષને તેણે આરાધ્યો. તે પ્રસન્ન થયો, એટલે ' આ

રાજકુમારી સૌભાગ્યમંજરીને વાદમાં મૂર્ખ રાજકુમાર જીતે ને તેને પરણે એમ કરો.' એવો વર માગ્યો. યક્ષે 'કામદેવ કુમાર જેવો બીજો કોઈ મૂર્ખ નથી તેથી તેને એનો પતિ કરીશ.' એમ કહ્યું. તાપસણી રાજી થઈ. પછી 'કામદેવ કુમાર સૌભાગ્યમંજરીને સ્વયંવરમાં પરણશે.' એવું વિમળબોધ મંત્રીને સ્વપ્ન આપીને, મેં કામદેવના મંત્રીને આવું સ્વપ્ન આપ્યું છે એમ તાપસણીને યક્ષે કહ્યું. વિમળબોધ મંત્રીએ આ વાતને અસંભવિત માનીને તે સ્વપ્નને મનમાંજ રાખ્યું; કોઈને કહ્યું નહીં.

હવે પ્રાતઃકાળે પ્રયાણને અંતે કામદેવ કુમાર પોતાની સભામાં બેઠેલ છે તેવામાં તે તાપસી ત્યાં આવી અને 'તમારા વાંચ્છિતની સિદ્ધિ થાઓ' એમ આશીષ દઈને તેની પાસે બેઠી. મંત્રીએ પૂછયું કે:–'આ આશીષ શું મતલબની છે?' એટલે તાપસી બોલી કે–'કામદેવકુમાર સૌભાગ્યમંજરીને વાદમાં જીતીને પરણશે, એવું આજ રાત્રે તમને સ્વપ્ન આવેલું છે, તે નીશાનીથી મારી આશીષ ફળવાનું સમજશો.' મંત્રીએ કહ્યું કે–'તમારી વાત સાચી છે.' એમ કહી કુમારને પોતાને આવેલા સ્વપ્નની વાત કરી અને તાપસીને સત્કાર કરીને રજા આપી. આ હકીકત ઉપરથી 'અવશ્ય આ કાર્ય સિદ્ધ થશે' આમ વિચારતાં સ્વસ્થ થયેલા કુમાર ને અમાત્ય હર્ષિત થયા.

હવે અહીં સૌભાગ્યમંજરી પોતાના મહેલની ઉપર અગાશીમાં બેઠી હતી. તેવામાં આકાશમાં મધુર ને ઘર્ઘર સ્વર સાંભળીને ઉંચે જુએ છે તો જાણે ચંદ્રબિંબમાંથી

ઉતરતા હોય તેમ સુવર્ણની ઘુઘરીના સ્વર જેવો સ્વર કરતા સુંદર કંઠવાળા, રક્ત એવા ચરણ ચંચુ ને લોચનવાળા બે હંસને મહેલના ગવાક્ષમાં આવીને લીલાપૂર્વક ક્રીડા કરતા દીઠા. તેમાંથી એક હંસે બીજા હંસને કહ્યું કે–' તું કોણ છે? અને શામાટે અહીં આવેલ છે?' તે સાંભળી બીજો હંસ બોલ્યો કે–' હું બ્રહ્મલોકમાં રહું છું ને બ્રહ્માનું વાહન છું. બ્રહ્માના મુખથી ' કામદેવ સૌભાગ્યમંજરીનો પતિ થશે' એવું સાંભળીને પ્રથમ કામદેવને જોઇને પછી તેની થનાર પત્નીને જોવા અહીં આવ્યો છું. પણ તું કોણ છે ને કેમ અહીં આવ્યો છે?' પ્રથમ હંસ બોલ્યો કે–' હું પણ બ્રહ્મલોકમાંજ રહેનારો છું ને વાગ્દેવીનું વાહન છું. વાગ્દેવીના મુખથી ' મારા પ્રતિબિંબ જેવો કામદેવ કુમાર મારા પ્રતિબિંબ જેવી સૌભાગ્યમંજરીને પરણશે.' એમ સાંભળી કામદેવને જોઇને તેની થનાર પત્નીને જોવા માટે અહીં આવ્યો છું.' આવા તે બે રાજહંસોના વચનો સાંભળીને તે ' કામદેવ કોણ છે?' એમ વિચારતી રાજકન્યાએ ' એ બાબત રાજહંસનેજ પૂછું' એમ ધાર્યું અને તેને પૂછવા તત્પર થઇ. તેવામાં તો **શ્રી કામદેવ** એમ બોલતા તે બન્ને હંસો ઉડી ગયા.

આ પ્રમાણે હંસના ઉડી જવાથી ખીન્ન થયેલી રાજકુમારીએ પોતાની સખીને કહ્યું કે–' હે સખી! તે યુવાન કોણ? એની શી રીતે ખબર પડે?' સખી બોલી કે–' ખેદ ન કર, વાહને વખતે તે પોતાની મેળે પ્રગટ થશે.' આ પ્રમાણે કહીને તેને સ્વસ્થ કરી.

અહીં કામદેવ કુમાર તો પ્રત્યેક પ્રયાણમાં જ્યારે મુકામ કરે

અને સભા ભરીને બેસે ત્યારે વિદ્વદ્‌ગોષ્ઠીને પ્રસંગે પોતાની બે બાજુ બે પંડિતોને બેસાડે, તે વાદવિવાદ કરે અને પોતે તો વચ્ચે વચ્ચે માથું ધુણાવીને અથવા સ્મિત કરીને પોતાના અજ્ઞાનપણાનું રક્ષણ કર્યા કરે. એ પ્રમાણે અનુક્રમે વણારસી પહોચ્યા.

શ્રી વૈરિસિંહ રાજાએ સ્વયંવરમાં બોલાવેલા તમામ રાજાઓને યથોચિત સ્થાને ઉતારા આપ્યા. તેમાં કામદેવકુમારનો કાંઇક વધારે સત્કાર કર્યો. હવે રાજાઓના નગરપ્રવેશને વખતે તેમને જોવાને માટે આવેલી દાસીના મુખેથી રાજાઓનું આગમન જાણીને તે સર્વની પરીક્ષા કરવા માટે ચંદ્રલેખા નામની સખીને રાજકન્યાએ મોકલી. તે પત્ર પુષ્પ ચંદનાદિવડે પૂર્ણ પાત્રો ને પટલો જેના હાથમાં છે એવી સો દાસીઓથી પરવરેલી રાત્રીના પ્રારંભમાં ભોગાર્પણને મિષે બધા રાજાઓ પાસે જઇ બધાના ચરિત્રો જાણી અર્ધ રાત્રે રાજકુમારી પાસે આવીને બોલી કે–'હે સ્વામિની! શું કહીએ?' ચતુર્મુખ બ્રહ્માએ રત્નમાત્રને દૂષિત કરેલાં છે. કોઈ કોપથી, કોઈ કૃપણતાથી, કોઇ અસત્યથી, કોઈ અનુચિતપણાથી, કોઇ અહંકારથી, કોઇ વિકારથી–એમ ઘણા રાજાઓને દોષોથી વ્યાપ્ત સ્થિતિમાં જોતી જોતી હું કામદેવના ઉતારામાં જઇ સિંહદ્વારવડેજ જોઉં છું તો સામેના ભાગમાંજ સભા ભરીને બેઠેલા અત્યંત રૂપ લાવણ્ય અને સૌભાગ્યાદિ ગુણોથી વ્યાપ્ત કામદેવ કુમારને દીઠા. તેમને જોઇને મેં વિચાર્યું કે–' રાજહંસોએ જે અમારી સ્વામિનીનો પતિ થનાર તરીકે કહેલ છે તેજ આ કામદેવકુમાર જણાય છે, પણ ક્ષણવાર તેની મુખાકૃતિ જોઇએ.' એમ વિચારીને જોઉં છું તેવામાં વિદ્વદ્‌ગોષ્ટિ ચાલતાં

કામદેવકુમારને સ્મિત અથવા શિરોધુનન ક્રિયામાત્ર કરતા જોઇ મેં ચિંતવ્યું કે–“ આ કુમાર યુક્તાયુક્ત સ્થાને શિરોધુનનાદિ માત્ર કરે છે તેથી જણાય છે કે તે આ વિદ્વદ્‌ગોષ્ઠિમાં કાંઇપણ સમજતા નથી, તેથી રાજહંસોએ કહેલ કામદેવકુમાર કોઇ બીજા જણાય છે.”

આ પ્રમાણેની અનિશ્ચિત હકીકત સાંભળીને ‘ જે ભાવી બનવાનું હશે તે બનશે ’ એમ બોલી દીર્ઘ નિઃશ્વાસ મૂકીને રાજકુમારી એકદમ સય્યામાં આલોટવા લાગી. ચંદ્રલેખા પણ થાકેલી હોવાથી ત્યાંજ સુઇ ગઇ. હવે રાજકન્યા ‘ પ્રભાતે સ્વયંવરમાં કોણ જાણે શું થશે ? કેવો વર મળશે ? તે કરતાં અત્યારે મૃત્યુ પામવું તેજ કલ્યાણકારી છે. ’ આમ વિચારી ગળે ફાંસો ખાવાને જેવી ઉઠે છે તેવામાં ‘ ખેદ ન કર, તારો થનાર પતિજ આ કામદેવ છે કે જે બ્રહ્માએ અને વાગ્‌દેવીએ સૂચવેલ છે. ’ આ પ્રમાણેની યક્ષની કરેલી આકાશવાણી ત્રણવાર સાંભળી. તે સાંભળીને ‘ કલ્પાંતે પણ આકાશવાણી અન્યથા થતી નથી. ’ એમ સમજી હર્ષિત થઇને તે સુખે સુઇ ગઇ.

હવે પ્રાતઃકાળ થયા અગાઉ ‘ પ્રભાતે સ્વયંવરનું મુહૂર્ત્ત છે, તેથી સત્વર ઉઠીને પ્રભાત સંબંધી યથોપદિષ્ટ કર્મો કરો. ’ આમ પડહ વગાડનારે પડહ વગાડીને સર્વને કહ્યે સતે અને સ્વયંવર મંડપ બરાબર તૈયાર કરે સતે આમંત્રણ કરવાથી આવેલા તમામ રાજાઓ પ્રભાતે વહેલા ઉઠી, સ્નાન કરી, વિલેપન કરી, વસ્ત્રાભૂષણવડે શરીરને શોભાવી, વાહનમાં બેસી, છત્રચામરાદિ વિશિષ્ટ ઋદ્ધિવડે શોભતા, ‘ કોણ ઠીક છે અને કોણ અઠીક છે ’ એમ પ્રજાજનોથી જોવાતા ને કહેવાત

અનેક પ્રકારના વાજીત્રોથી દિશાઓના મંડળને પૂરતા સ્વયંવર-મંડપ પાસે આવ્યા. પછી અંદર પ્રવેશ કરીને મંચો ઉપર સ્થાપન કરેલા સિંહાસનોને શોભાવવા લાગ્યા.

રાજકન્યાએ પણ પિતાના આદેશથી પ્રાતઃકાળે સ્નાન કરી, વિલેપન તથા પુષ્પાદિકથી અલંકૃત થઇ, અરિહંત ભગવંતની પૂજા કરી. પછી લોકોના અનુરાગરૂપ સાગરમાં મજ્જન કરતી એક હજાર સખીઓથી પરવરી સતી. વાહનમાં આરૂઢ થઇને સખીઓથી ગવાતી અને હાથમાં રાખેલી વર-માળાથી શોભતી સ્વયંવરમંડપ પાસે આવી અને વાહનમાંથી ઉતરીને તેણે સ્વયંવરમંડપમાં પ્રવેશ કર્યો. તે વખતે ત્યાં બેઠેલા રાજાઓ અને રાજકુમારો દર્પણમાં મોઢું જોવું, કપાળપર હાથ ફેરવવો, છરી હાથમાં રાખીને નચાવવી, કેતકીના પત્રો કાતરવા–ઇત્યાદિ નાના પ્રકારની ચેષ્ટા કરતા દૃષ્ટિએ પડ્યા.

સર્વ રાજાઓના આવી ગયા પછી યોગ્ય અવસરે સૌભાગ્ય-મંજરીની સાથે ચાલતી પ્રતિહારી બોલી કે–" હે સખી ! તારા સૌભાગ્ય ગુણથી આકર્ષાઇને આવેલા આ રાજાઓને પ્રીતિવાળી દૃષ્ટિએ જો. આ પુર્વદિશાનો સ્વામી સુવર્ણ સરખી કાંતિવાળો અને સર્વ કળાઓના એક સ્થાન જેવો **ગુણાકર** નામે રાજા છે. આ દક્ષિણદિશાનો અધિપતિ **પૃથ્વીચંદ્ર** રાજા છે. આ પશ્ચિમદિશામાં આવેલા સિંધુદેશનો રાજા **મહીસેન** છે. આ અયોધ્યાના સ્વામી સુરદેવ રાજાનો પુત્ર કામદેવ સમાન રૂપ-વાળો **કામદેવ** કુમાર શોભે છે. તદુપરાંત અંગ, બંગ, કલિંગ તિલંગ અને મગધાદિક દેશના રાજાઓ છે. તેમનું કેટલાકનું વર્ણન કરૂં. આ સર્વે રાજાઓ સેંકડો ગુણોવાળા છે, કુલિન

છે, તેમજ પ્રૌઢપ્રતાપવડે અગ્નિ તેમજ સૂર્ય સરખા તેજસ્વી છે. એમાંથી જે વિશેષ બુદ્ધિમાન હશે તે તમને જીતશે અને તમારો ભર્ત્તાર થશે તેથી પૂર્વપક્ષ કરો. ”

પછી રાજકન્યાએ ગદ્યપદ્યમાં એવો પૂર્વપક્ષ કર્યો કે તેનો ઉત્તર દેવો તો બાજુપર રહ્યો પણ તેનો અર્થ પણ કોઇ સમજી શકયા નહીં. એ પ્રમાણે સર્વ રાજવર્ગ નિરૂત્તર થયે સતે સર્વ લોકો આશ્ચર્ય પામીને કહેવા લાગ્યા કે–‘ અહો ! આ સ્ત્રીએ પુરૂષવર્ગને જીતી લીધો. ’ આ પ્રમાણેની સ્થિતિ જોઇને વૈરીસિંહ રાજા વિચારવા લાગ્યો કે–‘ શું આ પુત્રીને યાવજ્જીવ કુમારી રાખવી પડશે ? ’ તે વખતે યક્ષના આવેશથી અમાત્યે વિજ્ઞપ્તિ કરેલો કામદેવ કુમાર વરસાદની જેમ ગર્જારવ કરતો સૌભાગ્યમંજરી પ્રત્યે બોલ્યો–‘ હે શુભે ! મારૂં વચન ધ્યાનમાં લે. હું કાંઇપણ શાસ્ત્રો ભણેલો નથી છતાં તારા પુણ્યના વશથી તારા બધા પ્રશ્નોનો ઉત્તર આપું છું. ’ કામદેવના આવાં વચન સાંભળીને પૂર્વજન્મના સ્વામીના સંબંધવાળા તે પ્રિયને જોઇને વાદળામાં અંતરિત થયેલા ચંદ્રને જોવાથી જેમ ચકોરી હર્ષ પામે તેમ તે હર્ષને પામી. કામદેવે પણ પૂર્વજન્મની પત્નીને જોઇને હર્ષ પામી પોતાનો કમળ સમાન હાથ સ્થંભ સાથે રહેલી પુતળીના માથાપર મૂકયો. એટલે તે પાંચાળી કોયલ જેવા મધુર સ્વરથી બોલી કે–‘ હે વત્સે ! મારા ત્રણ પ્રશ્નોનો ઉત્તર આપ. પહેલો દિવસ કે પહેલી રાત્રી ? પહેલું બીજ કે પહેલો અંકુર ? અને કર્મ ને ઉપક્રમ (ઉદ્યમ) માં બળવાન કોણ ? ’

સૌભાગ્યમંજરી આ ત્રણમાંથી પ્રથમના બે પ્રશ્નનો

ઉત્તર તો જાણતી નહોતી. તેથી ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં બોલી કે-"પ્રાણીઓને સુખદુઃખના કારણભૂત કર્મજ છે, તેથી ઉદ્યમ કરતાં કર્મ બળવાન છે એમ હું માનું છું." પાંચાળી બોલી કે-'જો કર્મથીજ કાર્યસિદ્ધિ છે, તો પછી અત્યારે વાદ કરવો ને વિજય મેળવવો-ઇત્યાદિ ઉપક્રમ શા માટે કરવો? ન કરવો જોઇએ.' આ પ્રમાણેના પાંચાળીના કહેવાથી નિરૂત્તર થયેલી કન્યા બોલી કે-'આ બાબતમાં તેં મને જીતેલ છે, તો હવે હું પૂછું તેનો તું ઉત્તર આપ.' ત્યારપછી સમસ્યા, પ્રહેલિકા, ક્રિયાગુપ્ત વિગેરે અનેક વિનોદકારી પ્રશ્નોના ઉત્તર પાંચાળીએ દીધે સતે રાજકુમારી બોલી કે-'હે પાંચાળી! તારા ઉત્તરો સાંભળીને હું પ્રસન્ન થઈ છું, પણ મેં પ્રથમ જે રાજાઓને પૂછેલ છે તેનો ઉત્તર આપ.' પાંચાળી બોલી કે-'હે રાજપુત્રી! તમારૂં કહેલું રાજાઓ સમજયાજ નથી, તો ઉત્તર શી રીતે આપે?' હું તેનો ઉત્તર આપું છું તે સાંભળોઃ-

"આ સંસારમાં સર્વ કળાસમૂહમાં કુશળ છતાં પણ તત્ત્વત્રયીનું સ્વરૂપ સમ્યગ્ પ્રકારે નહીં જાણતા સતા માનના આવેશથી મોક્ષના હેતુએ હરિહરાદિક દેવને, બ્રાહ્મણાદિક ગુરૂને અને યજ્ઞયાગાદિક ધર્મને પ્રમાણભૂત માને છે; તેમને આ પ્રમાણે કહેવું કે-'તમે જો હરિને મુક્તિદાતા કહો છો તો તે હરિ સરાગી કે નિરાગી? જો સરાગી હોય તો સરાગી એવા પોતેજ અમુક્ત હોવાથી તે મુક્તિ આપવામાં સમર્થ હોતા નથી. અમારી જેવાની જેમ. જો તમે તેને નિરાગી કહેતા હો તો તે વીતરાગનુંજ બીજું નામ છે, તે અમારે દેવ તરીકે કબુલ છે. બીજા દેવો માટે પણ આ પ્રમાણે સમજવું.'

'હવે તમે બ્રાહ્મણોને ગુરૂ માની તેજ તરે છે અને તારે છે એમ કહો છો, તે વેષથી બ્રાહ્મણ કે ક્રિયાથી બ્રાહ્મણ ? જો વેષથી બ્રાહ્મણ કહેશો તો નટાદિ બ્રાહ્મણના વેશધારીને પણ ગુરૂ માનવા પડશે; જો ક્રિયાથી કહેશો તો તે ક્રિયા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અકિંચનરૂપ કે બીજી ? જો અન્ય કહેશો તો તે યોગ્ય નથી. કેમકે શાસ્ત્રમાં સત્યબ્રહ્મ, તપબ્રહ્મ અને ઇંદ્રિયોનો નિગ્રહ તે બ્રહ્મ, તેમજ સર્વ પ્રાણીઓપરની દયારૂપ બ્રહ્મ–એ બ્રહ્મને જે ધારણ કરે તે બ્રાહ્મણ–એમ કહેલ છે. એ કથન પ્રમાણભૂત હોવાથી અહિંસાદિક ક્રિયાવાળાનું બ્રાહ્મણપણું તેમજ ગુરૂપણું અમને પણ સંમત છે.'

'હવે પ્રેરણારૂપ ધર્મ કહો છો તે અયુક્ત છે. કેમકે પ્રેરણા તો યજ્ઞાદિક ક્રિયામાં પ્રવૃત્તિ કરવાના વચનરૂપ પણ હોય છે. તે યાગાદિ ક્રિયા હિંસારૂપ છે, તેને ધર્મ તરીકે માનનારા ઘરને ઉજ્વળ કરવા માટે ગળી વાપરનાર જેવા મૂર્ખ છે તે હાંસીના પાત્ર કેમ ન થાય ? કહ્યું છે કે–યૂપને છેદીને, પશુને હણીને તેમજ રૂધિરનો કર્દમ કરીને જો સ્વર્ગે જવાતું હોય તો પછી નરકે શાથી જવાશે ? અર્થાત્ તેથીજ નરકે જવાય છે, માટે અહિંસામયજ ધર્મ માનનીય છે.'

આ પ્રમાણે સિદ્ધ થવાથી " મોક્ષદાતા એવા વીતરાગજ દેવ, અહિંસાદિ ક્રિયાવાળા ભવતારકજ ગુરૂ અને સર્વ પ્રકારના સુખને આપનાર દયાયુક્તજ ધર્મ–આ પ્રમાણે તત્ત્વત્રયી સમજવી."

એ રીતે પાંચાળીકથિત તત્ત્વત્રયીના શ્રવણવડે આખી સભા રંજીત થવાથી સૌભાગ્યમંજરી પણ રંજીત થઇ. એટલે

કામદેવના કંઠમાં વરમાળા નાખવાં તત્પર થઈ. તે વખતે અકસ્માત્ સર્વ રાજાઓને કામદેવરૂપ જોવાથી તે ક્ષોભ પામી. એટલે 'અહો! આશ્ચર્ય છે! આ શું થયું?' એમ લોકો બોલવા લાગ્યા. તે વખતે રાજકન્યા પરમેષ્ટિ મહામંત્રથી અભિમંત્રિત કરેલ જળ હાથમાં લઇને 'જો જૈનધર્મ સત્ય હોય તો આ માયા બધી વિલય પામી જાઓ.' એમ ઉંચે સ્વરે બોલીને ત્રણવાર તે જળ સર્વ રાજાઓ તરફ છાંટયું એટલે તરતજ સર્વ માયા વિલય પામી ગઇ. અને સર્વ રાજાઓ પોતપોતાના રૂપમાં સ્થિત થયા. લોકો સર્વ ખુશી થયા. એટલે રાજકન્યાએ વરમાળા કામદેવના કંઠમાં પહેરાવી. તે વખતે જયજય ધ્વનિપૂર્વક ધવળમંગળ ગવાતે સતે રાજા પુત્રી સહિત કામદેવકુમારને પોતાના રાજમહેલમાં લઈ ગયા. પછી સ્વજન-તુલ્ય થયેલા સર્વ રાજાઓની સમક્ષ શુભ દિવસે મોટા મહોત્સવ સાથે રાજાએ કામદેવ ને સૌભાગ્યમંજરીનો વિવાહ કર્યો. પછી સર્વ રાજાઓને સન્માન સાથે વિદાય કર્યા.

વરવધુનું દશ દિવસ પર્યંત મંગળકાર્ય પ્રવર્ત્યું. પછી 'મારૂં મૂર્ખપણું કોઈ ન જાણે તો ઠીક' એમ વિચારી શુભ અવસરે કામદેવકુમારે સ્ત્રી સહિત પોતાના નગર તરફ પ્રયાણ કર્યું. એ પ્રમાણે પ્રયાણ કરતાં ત્રીજે દિવસે સૂર્યાસ્ત સમયે કોઇ નદીને કીનારે **અંબર** નામના ગામ પાસે કુમારે સૈન્ય સાથે મુકામ કર્યું.

હવે પેલી તાપસી સૌભાગ્યમંજરીને મૂર્ખ પતિના સંકટમાં નાખીને ખુશી થઇ સતી પરપુરૂષના અપહરણરૂપ સંકટમાં નાખવાની બુદ્ધિથી તિલંગાદિ દશ દેશના અધિપતિથી

સેવાતા કાંતિપુરીના સ્વામી કાળ રાજાને સ્વયંવરમાંથી પાછા સ્વદેશ તરફ જતાં માર્ગમાં મળી અને આ પ્રમાણે કહ્યું કે– “હે ભૂપાળ ! કામદેવ બાળપણાથીજ મહામૂર્ખ છે. સૌભાગ્યમંજરીને તે કોઇ પ્રકારની માયાથી પરણ્યો છે, પોતાની વિદ્વત્તાથી પરણ્યો નથી, માટે તેની સાથે સભાસમક્ષ વાદ કરવાની માગણી કરવા યોગ્ય છે. તે વખતે તે બોલી પણ શકવાનો નથી. જો બોલી પણ શકે તો હું તમે કહો તે વિડંબના ખમવા તૈયાર છું. આવું કન્યારત્ન અસ્થાને પડે છે તે ઉપેક્ષા કરવા યોગ્ય નથી.” આ પ્રમાણેના તાપસીના વચનથી અભિમાનના આવેશમાં આવીને તે કાળાદિક રાજાઓ બોલ્યા કે–‘તે રાંકડો કામદેવ અમારી પાસે સંગ્રામમાં કે વાદમાં શા હીસાબમાં છે ?’ આ પ્રમાણે ગર્જારવ કરતા તેઓ કામદેવની તરફ ચાલ્યા.

તાપસણી ‘પોતાની કરેલી કૂટ રચનાથી સૌભાગ્યમંજરીને દુઃખમાં નાખી છે.’ એમ જણાવીને દુઃખી કરવા સારૂ તે અંબર ગ્રામે આવી. ત્યાં નદી કીનારા ઉપર ક્રીડા કરતી ચંદ્રલેખાને જોઇને તે બોલી કે–‘મારી અવજ્ઞા કર્યાનું ફળ તારી સ્વામિનીએ જાણ્યું કે નહીં ? મેં મહામૂઢ ભર્ત્તારના સંકટમાં નાખી છે અને હવે બીજા સંકટમાં નાખવાની છું.’ ચંદ્રલેખાએ ઉતાવળે સૌભાગ્યમંજરી પાસે આવીને તે વાત કરી. સૌભાગ્યમંજરી બોલી કે–‘પ્રથમ પણ એવી આશંકા તો મને થયેલીજ હતી, પરંતુ એમ જાણ્યું હતું કે લજ્જાથી પતિ એકાંતમાં પણ કાંઇ બોલતા નથી. હવે તે તાપસીને બોલાવીનેજ બધું પૂછીએ કે જેથી ખરી ખબર પડે.’ આમ વિચારીને તાપસણીને બોલાવી અને તેનાથી બધી વાત મૂળથી

જાણી; એટલે રાજપુત્રી ખેદ પામીને ચિંતવવા લાગી કે–'સમર્થ મનુષ્યે અસમર્થને પણ સંતાપ ઉપજાવવો નહીં, જુઓ ! દુર્બળ એવા ઉંદરે પણ રાજાને આકુળવ્યાકુળ કર્યો હતો.'

"કોઇક રાજાએ વસ્ત્રની પેટી પાસે ફરતા ઉંદરને લાકડીવડે તાડના કરી. તેથી તેણે ગુસ્સે થઇને બધા ઉંદરોને ભેગા કર્યા અને કોપથી રાજભંડારમાં રહેલી તમામ ચર્મરજ્જુ (ચામડાની વાધર) ખાઈ જઈને પ્રથમ વૃષ્ટિ વખતે હાથીઓને બાંધવાના દોરડાઓ પણ ખાઇ ગયા. એટલે બંધથી છુટા થયેલા અને નવા વરસાદથી ઉત્પન્ન થયેલા પૃથ્વીના ગંધથી મદોન્મત્ત થયેલા હાથીઓથી દરવાજા વિગેરે પાડી દેવામાં આવે છે એવું સાંભળીને આકુળવ્યાકુળ થયેલા રાજાને મૂષકે કહ્યું કે–"અસમર્થ પણ સમર્થને આકુળવ્યાકુળ કરી શકે છે, એ વાત કબુલ કરો."

આ દૃષ્ટાંત વિચારીને રાજકન્યાએ ધાર્યું કે–'આ તાપસીનેજ ખમાવીને શાંત કરૂં.' પછી તેનો હાથ પકડી પોતાની પાસે બેસાડીને વિનયવાળા વચને ખમાવી–શાંત કરી. પછી કહ્યું કે–'તે યક્ષનીજ આરાધના કરીને મારા પતિના મૂર્ખતા દોષને દૂર કરી આપો.' તાપસી પ્રસન્ન થવાથી બોલી કે–'એમ કરીશ, પણ મારી પ્રેરણાથી કાળાદિક દશ રાજાઓ તારૂં હરણ કરવા અહીં આવે છે, તો તેને મારા ફરીને આવતા સુધી કોઇપણ ઉપાયથી રોકવા.' આ પ્રમાણે શિક્ષા દઈને તે તાપસી ત્યાંથી ચાલી ગઇ.

વિમળબોધ મંત્રીએ આ હકીકત ચંદ્રલેખા પાસેથી જાણીને પોતાના સૈન્યના ચાર વિભાગ કરી અમુક શિક્ષા આપીને ચારે

દિશાએ મોકલ્યું અને પોતે સારભૂત સૈન્ય સાથે કુમારના રક્ષણ માટે તેની પાસે રહ્યો. હવે કાળ રાજા કાળની (યમની) જેમ વાજીત્રોના ધ્વનિથી દિશાઓને પૂરતો નજીકમાં આવ્યો, ત્યાં તો ચારે દિશાએ ચાર લશ્કરને ચાર સમુદ્રની જેમ ગજના ગર્જારવ, હયના હેષારવ, રથના ચિત્કાર અને પાયદળના હોકારા તેમજ ઢક્કાના નાદવડે આકાશને પૂરતું અને બ્રહ્માંડને ફોડતું હોય તેવું જોયું. તેને જોઇને ' આ શું ? ' આમ વિચારી પોતાનું લશ્કર ક્ષોભ પામ્યે સતે કાળરાજા ચિંતાતુર થયો. તેવામાં વિમળબોધે મોકલેલો સુભટ કાળરાજાની સન્મુખ જઈને હાથ ઉંચો કરી તારસ્વરે બોલ્યો કે-" ભો ભો વીરો ! શા માટે ફોગટ વૈર કરો છો ? છતાં જો કરવુંજ હોય તો અમારો સ્વામી સંગ્રામ કરવાને તૈયાર છે. ચારે બાજુ સૈન્યની તૈયારી જોઈ લ્યો. વળી એટલું વિચારજો કે-' સર્વત્ર ધર્મનો જય છે, અધર્મનો નથી. ' તેનો વિચાર કરીને ઉચિત લાગે તે કરો."

આવેલા સુભટના આવા શબ્દો સાંભળીને તેમજ પોતાના સૈન્યને ચોતરફથી વૈરીના સૈન્યથી વેષ્ટિત થયેલું જોઇને મહાકાળકુમાર બોલ્યો કે-" હે સુભટ ! તેં બરાબર કહ્યું કે-' ધર્મ જય પામે છે, અધર્મ નહીં. ' પણ જો તારો સ્વામી એવું જાણે છે તો તે શામાટે આવો અધર્મ કરે છે કે-પાંચાળી પાસે જવાબ દેવરાવી કન્યાને જીતીને આમ છળથી તેને પરણે છે ? ન્યાયધર્મમાં એકનિષ્ટ એવો અમારો સ્વામી સર્વથા એ વાતને સહન કરી શકે તેમ નથી. જો એ વાતમાં છળ ન હોય તો વિદ્વાનોની સમક્ષ વાદમાં અમને જીતીને રાજપુત્રીને ભલે તમારા સ્વામી પરણે." સુભટે આ વાત વિમળબોધને જઇને કરી.

એટલે શત્રુના વિચારો જાણીને વિમળબોધે બંને પ્રકારે કાળક્ષેપ કરવા માટે તેનીજ મારફત વૈરીઓને આ પ્રમાણે જણાવ્યું કે-' તમારી વાત કબુલ છે, પરંતુ સમ્યક્ પ્રકારના વિદ્વાનો કાશ્મીરમાંજ વસે છે, તેથી તેને તેડાવો એટલે તેમને આપણા વાદનું કૌતુક બતાવીએ અને તેમની પાસે ન્યાય કરાવીએ."

આ વાત કાળકુમારાદિ રાજાઓએ કબુલ કરી એટલે પછી બંને પક્ષવાળાઓએ પોતપોતાના સૈન્યને યોગ્ય સ્થાને સ્થાપન કરી કાશ્મીર દેશથી પંડિતોને બોલાવવા માટે પોતપોતાના માણસો મોકલ્યા.

હવે પેલી તાપસીએ સ્વસ્થાને જઈને પેલા યક્ષને આરાધ્યો અને 'યાવજ્જીવ કામદેવને પાંડિત્ય આપ' એમ યાચના કરી. યક્ષે કહ્યું કે-' પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલા કર્મોથી પ્રાપ્ત થયેલા દોષને ઉચ્છેદ કરવાની મારી શક્તિ નથી; પણ આજથી નવમે દિવસે શ્રીવજ્રનાભ કેવળી ત્યાં પધારશે. તેમના દર્શનથી કામદેવના સર્વ મનોરથ સિદ્ધ થશે.' યક્ષની આ પ્રમાણેની વાણીના ખબર તાપસણીએ વિમળબોધને આપ્યા. તેના વચનથી સર્વ ખુશી થયા.

અન્યદા ત્યાં વજ્રનાભ કેવળી પધાર્યા અને દેવનિર્મિત સ્વર્ણકમળ ઉપર બીરાજ્યા. કામદેવકુમાર અને કાળ વિગેરે રાજાઓ પરિવાર સહિત કેવળીને વાંદવા આવ્યા અને ત્રણ પ્રદક્ષિણા દઈ ભક્તિપૂર્વક નમસ્કાર કરી યોગ્ય સ્થાનકે બેઠા, એટલે કેવળીએ આ પ્રમાણે ધર્મદેશના આપી.

" વિશદ ભાવથી આરાધેલો વિશુદ્ધ ધર્મ ઉદય આવેલા

કર્મરૂપ વ્યાધિનો વિધ્વંસ કરવામાં વૈદ્યસમાન છે, સુરનર સંબંધી સર્વ પ્રકારની સંપત્તિના લાભમાં કલ્પવૃક્ષ સમાન છે અને સર્વ પ્રકારના કલેશથી નિર્મુક્ત એવી મુક્તિને આપનાર છે. જીવ આઠ પ્રકારના કર્મ બાંધે છે. તેને પટ, પ્રતિહાર, ખડ્ગધારા, મદ્ય, હેડ, ચિત્રકાર, કુંભાર ને ભંડારીની ઉપમા શાસ્ત્રમાં આપેલી છે. તેમાં જ્ઞાનને આવરે તે **જ્ઞાનાવરણીય** કર્મ ચક્ષુ આડા પાટા જેવું છે. ચક્ષુ અને શેષ ઇંદ્રિયોને આવરે તે **દર્શનાવરણીય** કર્મ છે, તે રાજાને જોવાના ઇચ્છક લોકોને સ્ખલના કરનાર–રોકનાર પ્રતિહારી (દ્વારપાળ) જેવું છે. જેનાથી સુખદુઃખને વેદાય તે **વેદનીય** કર્મ છે. તે મધથી ખરડેલી ખડ્ગની ધારાને ચાટવા તુલ્ય છે. જેનાથી જીવ મોહ પામે છે તે **મોહનીય કર્મ** મદિરાપાન જેવું છે. તેના બે પ્રકાર છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. તેમાંનું પહેલું સમ્યક્ત્વના લાભને રોકનારૂં છે અને બીજું ચારિત્રના લાભમાં અંતરાય કરનારૂં છે. ચાર ગતિમાં રહેલા જીવોને તે તે ગતિમાં રોકી રાખે તે **આયુ કર્મ** છે. તે ચોર વિગેરેને હેડમાં નાખે છે તે હેડ જેવું છે. શુભાશુભ ગત્યાદિ ભેદમાં જીવને નમાવે છે–તે તે સ્થિતિ પ્રાપ્ત કરાવે છે તે **નામ કર્મ** શુભાશુભ આકૃતિને ચીતનારા ચીતારા જેવું છે. ઉચ્ચનીચપણે જીવો જેથી કહેવાય છે તે **ગોત્ર કર્મ** શુભાશુભપણે કહેવાતા ભાંડ (પાત્ર) ને કરનારા કુંભાર જેવું છે. દાનાદિ કરતાં જીવને જે અંતરાય કરે–અટકાવે તે **અંતરાય કર્મ** દાનાદિક કરતાં રાજાને નિષેધ કરનારા ભંડારી જેવું છે."

આ પ્રમાણે આઠે કર્મની હકીકત કેવળી ભગવંતે કહી

એટલે કામદેવ કુમારે જ્ઞાનાવરણીય કર્મના બંધહેતુ પૂછ્યા. તેના ઉત્તરમાં કેવળી બોલ્યા કે—"જ્ઞાન અને જ્ઞાનીનું પ્રત્યનીકપણું કરવું, ભણતાં અંતરાય કરવો, ભણનારપર દ્વેષ કરવો, તથા તેનો ઉપઘાત કરવો અને જ્ઞાન જ્ઞાનીની આશાતના કરવી. એ પાંચ કારણથી જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધે છે. આ કારણો પૈકી પ્રથમના ચાર કારણોથી જ્ઞાનાવરણીય કર્મ બાંધવા ઉપર **મકરધ્વજકુંવરનું** દૃષ્ટાંત છે તે આ પ્રમાણે—

આ ભરતક્ષેત્રમાં મથુરાનગરીમાં **હેમાંગદ** નામે રાજા છે. તેને **લીલાવતી** નામે રાણી છે. તેમને અનેક માનતાઓથી થયેલો અત્યંત વલ્લભ **મકરધ્વજ** નામનો પુત્ર છે. તે ઘણો રૂપવંત છે. તે પાંચ વર્ષનો થયો ત્યારે તેના માતાપિતાએ પ્રૌઢ મહોત્સવ સાથે લેખશાળામાં મૂક્યો. તે જેમ જેમ ભણે છે તેમ તેમ રોગગ્રસ્ત થતો જાય છે, તેથી તે નવું ભણી શકતો નથી અને પ્રથમનું ભણેલું ભૂલી જાય છે. એ પ્રમાણે બાળવય વ્યતિક્રમ્યા પછી યૌવન વય પામ્યો, એટલે ગોષ્ઠિનિમિત્તે વિદ્વાનોની સભામાં જતાં પડજીભીના રોગથી તેમજ સ્વરભેદ થવાથી તે સભ્યજનોને અનિષ્ટ થવા લાગ્યો. તે વ્યાધિના ક્ષય માટે જેમ જેમ ઉપાય કરવામાં આવે છે તેમ તેમ તેનું શરીર વધારે વધારે ક્ષીણ થતું જાય છે. આમ થવાથી મહાકષ્ટમાં પડેલો તે મૃત્યુને ઈચ્છે છે. તેમજ પુત્રની આવી ઉપાધિથી તેના માતા પિતા પણ બહુ દુઃખ ધારણ કરે છે.

આ પ્રમાણે કાળ વ્યતિત થાય છે તેવામાં અન્યદા કોઇ કેવળી ભગવંત ત્યાં પધાર્યા. તેમને આવેલા જાણીને

રાજા પુત્ર પરિવાર સાથે ત્રણ જગતના સ્વરૂપને જાણનાર કેવળી પાસે ગયા. તેમને યથાવિધિ વંદન કરીને પાસે બેઠા. કેવળીએ દેશના દીધી. ત્યારપછી રાજાએ પોતાના પુત્રને પ્રાપ્ત થયેલા દુઃખનું કારણ પૂછયું. કેવળી બોલ્યા–" હે રાજન્ ! પૂર્વભવે **શ્રી શીળરત્નસૂરિના** બે શિષ્યો બ્રાહ્મણના પુત્રો થયા. તેમાં નાનો શિષ્ય બુદ્ધિમાન્ હતો, તેથી લોકો તેની પ્રશંસા કરતા હતા. તેને નહીં સહન કરી શકતો મોટો ભાઇ પ્રદ્વેષથી પ્રત્યનિકપણાને ધારણ કરી નાના ભાઇને પાઠમાં અંતરાય, ઉપઘાત, નિંદા વિગેરે કરવા લાગ્યો. અન્યદા **पडिनियत्तण निन्हव** એ જ્ઞાનાવરણીય કર્મ બાંધવાના હેતુ સંબંધી ગાથા સાંભળી. તેથી તેણે જાણ્યું કે– પ્રત્યનિકપણું, ગુરૂને ઓળવવાપણું, પ્રદ્વેષ, ઉપઘાત, અંતરાય, તથા જ્ઞાનને જ્ઞાનીની આશાતના વિગેરે કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે. એમ જાણવાથી જ્યેષ્ટ શિષ્ય લઘુ શિષ્યને અંતરાયાદિ કરતો બંધ થઇ ગયો. ત્યારપછી તેણે નિરતિચાર ચારિત્ર પાળ્યું, પણ પ્રથમ બાંધેલું પાપ આળોવ્યું નહીં, તેથી અનશન કરી સમાધિપણે મૃત્યુ પામી બ્રહ્મ દેવલોકમાં દેવતા થયો, ત્યાંથી ચ્યવીને હે રાજા ! તે આ તમારો પુત્ર મકરધ્વજ થયેલ છે. પૂર્વે ઉપાર્જન કરેલા કર્મના ઉદયથી તેને આ ભવમાં જ્ઞાન ઉદયમાં આવતું નથી અને વ્યાધિ વિગેરેથી કલેશ પામે છે."

આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળતાં મકરધ્વજ કુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી સંવેગ પામીને કેવળી ભગવંતને પગે લાગી, પૂર્વભવનું પાપ આળોવી, કેવળી ભગવંતે

આપેલું પ્રાયશ્ચિત્ત કરી, પોતાના આત્માને શોધી, અનુક્રમે ઉત્તમાર્થ જે અનશન તેને આરાધી તે સદ્‌ગતિનું ભાજન થયો.

જ્ઞાનાવરણીય કર્મ બાંધવાનો પાંચમો હેતુ આશાતના કરવી, તેના કાળ, વિનય, બહુમાન, ઉપધાન, નિન્હવ, વ્યંજનભેદ, અર્થભેદ ને ઉભય ભેદ. એમ આઠ પ્રકાર છે. તેમાંથી કાળાશાતના ઉપર સોમકુમારનું દૃષ્ટાંત છે તે આ પ્રમાણે–

પૂર્વે શ્રી જિનદાસગણિના શિષ્ય ધર્મદાસગણિ હતા. તેમને એક વખત કાળવેળાએ સિદ્ધાંત વાંચતાં કોઇએ નિષેધ કર્યો. ત્યારે તેઓ બોલ્યા કે–'કાળવેળાએ ભણેલું શું વગરભણેલું થાય છે કે જેથી ફોગટ જ્ઞાનમાં અંતરાય કરો છો ?' આમ કરીને કાળવેળાએ ભણવા વાંચવાનું શરૂ રાખ્યું. તેથી જ્ઞાનાવરણીય કર્મ બાંધીને તેને આળોયા પડિકમ્યા શિવાય કાળ કરી સૌધર્મ દેવલોકમાં દેવતા થયા. ત્યાંથી ચ્યવીને ચંપાનગરીમાં ચંદ્ર રાજાના પુત્ર **સોમકુમાર** નામે થયા. તેને ભણાવવા માટે રાજાએ પંડિતને કહ્યું કે–'આને તાડના કરીને પણ ભણાવવો.' તેથી દરરોજ તાડના કરીને પંડિતે તેને સર્વ કળાઓ શીખવી. પરિણામે 'સોમકુમાર જેવો કોઈ કળાવાન નથી' એવી તેની સર્વત્ર ખ્યાતિ થઈ.

હવે કાંતિપુરના રાજા શ્રીષેણની પુત્રી સકળકળામાં કુશળ અને સર્વોત્તમ રૂપવાળી **સુરૂપા** નામે હતી. તેને 'સ્વેચ્છાએ પરીક્ષા કરીને વરને વર.' એમ તેના પિતાએ કહેવાથી મોટી સેના વિગેરે સામગ્રી સહિત તે પોતાની નગરીથી નીકળી. પછી દરેક દેશમાં રાજકુમારોની પરીક્ષા કરતાં કરતાં સોમકુમારને સર્વગુણનો આધાર સાંભળીને તે

ચંપાનગરીએ આવી. તેને આવેલી જાણીને ચંદ્રરાજાએ પંડિતને એકાંતમાં બોલાવીને પૂછયું કે–' આપણો રાજકુમાર સર્વકળાની પરીક્ષા આપવામાં સમર્થ છે ?' પંડિત બોલ્યો કે–' તે ન જાણે એવું ત્રૈલોકયમાં કાંઇ નથી.' રાજાએ કહ્યું કે–' આ સાચું છે ?' પંડિત બોલ્યો કે–" હે દેવ ! શું કહું, એવી કોઇ કળા નથી કે જે રાજકુમાર શીખેલ ન હોય ? વાચસ્પતિને પણ તે વાદમાં જીતે એમ છે, તે સાક્ષાત્ પુરૂષરૂપે સરસ્વતિ છે. મેં એની અનેકવાર પરીક્ષા કરી છે." આ પ્રમાણે સાંભળી તે ખુશી થએલા રાજા અને અમાત્યે સુરૂપા કુમારીનો પ્રવેશ ઉત્સવ સારી રીતે કર્યો. પછી એક પરીક્ષા-મંડપ કરાવ્યો, સારૂં મુહૂર્ત્ત લીધું અને પ્રખ્યાત રાજાઓને તેડાવ્યા, બેસુમાર માણસો ત્યાં ભેળા થયા.

હવે પરીક્ષાને દિવસે રાજાએ પરીક્ષામંડપમાં આવી સર્વ રાજાઓને અને સભ્યોને યથાયોગ્ય આસનપર બેસારી પોતે મધ્યમાં બેસી સોમકુમારને બોલાવ્યો. પછી સન્માન સાથે રાજકુમારીને પણ બોલાવી. બંનેને યોગ્ય સ્થાનકે બેસાડ્યા. પછી રાજાનો આદેશ થવાથી સર્વ લોકો શાંત થઇ ગયા એટલે પ્રથમ રાજકુમારી પૂર્વપક્ષ કરશે એમ સાંભળી સભાજનો તેની સામે જોવા લાગ્યા. તે વખતે રૂપલાવણ્યાદિ ગુણયુક્ત રાજકુમારને જોઇ તેના કળાકૌશલ્યની પરીક્ષા કરવા માટે સરસ્વતીની જેમ અસ્ખલિતપણે ગદ્યપદ્યની લહેરોવડે સર્વે રાજાઓને પ્રસન્ન કરતી એવી રાજકુમારી સર્વ વિદ્યા-ઓમાં પોતાનો ઉચ્ચ અભ્યાસ બતાવીને બોલી કે–' હવે રાજકુમાર પોતાની નિપુણતા બતાવે અને સભ્યજનોના

મનને પ્રસન્ન કરે.' આ પ્રમાણે કહીને રાજકુમારી મૌન થઈ. એટલે સોમકુમારને બોલવાનો અવસર પ્રાપ્ત થતાં તેજ વખતે પૂર્વકૃત કર્મનો ઉદય થવાથી સોમકુમારની બુદ્ધિ ગળી ગઇ, જીભ સ્ખલિત થઈ ગઈ, શાસ્ત્રો ભૂલી ગયો, સર્વ ઇંદ્રિયોમાં વિકૃતિ થઇ ગઇ અને તે નીચું મુખ કરીને ચુપજ બેસી રહ્યો. એ પ્રમાણે જોઇને ' કુમાર હજુ કેમ બોલતો નથી ?' એમ સર્વ લોકો આશંકા કરવા લાગ્યા. એટલે રાજાની પ્રેરણાથી પંડિતે કુમારપાસે આવીને કહ્યું કે-" હે વત્સ ! તું સર્વ શાસ્ત્રો જાણે છે, તો અત્યારે લજ્જા તજી દે, અને કૃપા કરીને અમારા મનોરથો પૂર્ણ કર. અનલ્પ ( અત્યંત ) એવું વિદ્યાનું રહસ્ય પ્રગટ કર. આ વિશ્વને વિદ્યાવડે વશ કર, તારા કુળને ઉજ્વળ કર અને કન્યાના મનને આનંદ પમાડ."

આ પ્રમાણે પંડિતે વારંવાર કહ્યા છતાં જ્યારે કુમાર કાંઇપણ બોલ્યો નહીં, ત્યારે રાજાએ " અરે પાપી ! તમેજ અમને વગોવ્યા, તમારા વચનના વિશ્વાસ ઉપર મેં આ બધો આરંભ કર્યો અને તેનું પરિણામ આવું વિપરીત આવ્યું." આમ પંડિતને કહી તેની ઉપર કોપ કરી તેને બંધાવીને વધ કરવા માટે લઇ જવાની સેવકોને આજ્ઞા કરી. તેવામાં ત્યાં નગર બહાર કેવળી ભગવંત સમવસર્યા. તેમના પ્રભાવથી પંડિતને કરાતા પ્રહાર તેને લાગતા નથી. એમ સાંભળી રાજા પરિવાર સહિત કુમારને આગળ કરીને તેમજ પંડિતને પણ સાથે લઈને કેવળી પાસે આવ્યા અને તેમને વિધિપૂર્વક નમસ્કાર કરી કુમારને પ્રાપ્ત થયેલી મૂઢતાનું કારણ પૂછ્યું.

કેવળી ભગવંતે તેનો પૂર્વભવ કહીને કહ્યું કે-" કાળવેળાએ-અસ્વાધ્યાયને વખતે અને ઇર્યાવહી પડિક્કમવા વિગેરે વિધિરહિત જો આગમનો અભ્યાસ કરવામાં આવે છે તો તેને બુદ્ધિમાન્ છતાં પણ અવસરે તે સંબંધી કળા સ્ફુરાયમાન થતી નથી." કેવળી ભગવંતને મુખેથી આ પ્રમાણે સાંભળીને રાજકુમાર પશ્ચાત્તાપ થવાથી કેવળીને નમસ્કાર કરી પોતાના આત્માને આ પ્રમાણે નિંદવા લાગ્યો. 'હા ઈતિ ખેદે ! મેં અજ્ઞાનીએ ચિંતામણિ રત્નને કાંકરાપણે, નભોમણિ સૂર્યને રાહુપણે, કલ્પવૃક્ષને કેરડાપણે, શ્વેતપક્ષને કૃષ્ણપક્ષપણે, મહાગજને કોલપણે, મહાધ્વજને સર્પપણે, હંસને કાગપણે, મુગટને માથાના કપડાપણે, અમૃતને કાળકૂટપણે, ગાયના ઘૃતને તેલપણે, દુધને કાંજીપણે, સ્નિગ્ધને રૂક્ષપણે, રાજાને કિંકરપણે અને સર્વજ્ઞના ઉપદેશને કૂટવાકયપણે ચિત્તમાં ચિંતવ્યા, તેથી હું આવો વગોવાણો, માટે હે ભગવાન્ ! હવે તો મને દીક્ષા આપીને આ પાપથી છુટો થાઉં તેમ કરો.'

આ પ્રમાણેના રાજકુમારના વચનો સાંભળીને રાજકુમારી વિચારવા લાગી કે-'સમ્યક્ત્વના લાભ વિના અને તેને લગતી કુશળતા પ્રાપ્ત થયા વિના આવું કહેવાનું કેમ સૂઝે ? તેથી નક્કી એમ જણાય છે કે-આ રાજકુમાર મહા વિદ્વાન્ છતાં કર્મોના ઉદયથીજ તે વખતે કાંઇ પણ બોલી શકયા નહીં. તો આ ભવે મારા એજ પતિ છે.' આ પ્રમાણે વિચારીને કેવળીને કહ્યું કે-' હે ભગવન્ ! મને દીક્ષા ઉદયમાં આવે તેમ છે કે નહીં ?' કેવળી બોલ્યા કે-' તમને બન્નેને ભોગફળ કર્મ ભોગવ્યા પછી દીક્ષા ઉદયમાં આવશે.' પછી કેવળીએ

આપેલા પ્રાયશ્ચિત્તને સ્વીકારીને તે પ્રાયશ્ચિત્ત કરવાવડે પોતાના આત્માને વિશુદ્ધ કરી મકરધ્વજ કુમાર સુરૂપા કુમારીને પરણ્યો. અને ચીરકાળ ભોગ ભોગવી પ્રાંતે સ્ત્રી સહિત દીક્ષા લઇ નિરતિચારપણે પાળી છેવટે અનશન કરી સર્વાર્થસિદ્ધ વિમાને દેવપણે ઉત્પન્ન થયા. અનુક્રમે મનુષ્યભવ પામીને મોક્ષે જશે.

વિનય આશાતના ઉપર શ્રેણિક રાજાની કથાઃ—

હવે પછી થનારા ચોવીશમા તીર્થંકર શ્રી વીર પરમાત્માના સમયમાં રાજગૃહમાં શ્રેણિક નામે રાજા થશે. તે પોતે સિંહાસનપર બેસીને માતંગને સામે ઉભો રાખી ખડ્ગ કાઢી આ કૃષિવિદ્યા પૂછશે; એટલે માતંગ ભય પામીને વિદ્યા બોલવા માંડશે પણ રાજાને કંઠે રહેશે નહીં, ત્યારે અભયકુમાર કહેશે કે–' હે મહારાજ ! વિનય વિના વિદ્યા સ્ફુરાયમાન થતી નથી માટે તેનું સન્માન કરો.' આમ કહેવાથી માતંગને સિંહાસનપર બેસારી પોતે સામે ઉભા રહીને વિદ્યા સાંભળશે એટલે કંઠે રહેશે.' આટલા ઉપરથી સમજવું કે વિનયથી સર્વ શાસ્ત્ર ફળે છે.

હવે બહુમાન એટલે માનસિક ભક્તિ–તે ઉપર બે છાત્રની કથાઃ-

એક પંડિતને બે છાત્ર હતા. ધર્મ અને ધન્ય. તેમાં ધર્મ શાસ્ત્ર ઉપર બહુમાનપૂર્વક તેનો વિનય કરે છે; ધન્ય તેમ કરતો નથી. અન્યદા પંડિતે નિમિત્તશાસ્ત્ર શીખવીને પરીક્ષા માટે બહાર મોકલ્યા. રાજમાર્ગે જતાં મોટાં પગલાં જોઈને ધન્ય બોલ્યો કે–' આ હાથીના પગલાં છે. ' ધર્મે વિચારીને કહ્યું કે–' આ હાથણીના પગલાં છે. તે ડાબી આંખે કાણી છે. તેની ઉપર નજીકમાં જેને પુત્ર પ્રસવ થવાનો છે એવી રાણી બેઠી છે.' આમ વાર્તા કરતાં કરતાં તેઓ નગર

બહાર ગયા. ત્યાં તેવીજ હાથણીને દીઠી અને એક પડદાની અંદર રાણી રહેલ છે અને તેને હમણાજ પુત્ર પ્રસવ્યો છે એમ સાંભળ્યું. પછી તેઓ ત્યાંથી આગળ ચાલ્યા અને એક સરોવરને તીરે બેઠા. તેમને એક વૃદ્ધા સ્ત્રીએ પૂછ્યું કે–' મારો પુત્ર દેશાંતર ગયો છે તે કયારે આવશે?' તે આમ પૂછે છે તેવામાં કોઈ સ્ત્રી પાણી ભરીને ઘડો માથે મૂકતી હતી પણ ધ્યાન ન રહેવાથી તે ઘડો પડી ગયો ને ફુટી ગયો; એટલે તે જોઈને ધન્ય બોલ્યો કે–' હે ભદ્રે! તારો પુત્ર વિનાશ પામ્યો છે.' ધર્મે કહ્યું કે-' હે માતા! શીઘ્ર ઘરે જાઓ, તમારો પુત્ર ઘરે આવ્યો છે.' વૃદ્ધા ઘરે ગઇ અને પુત્રને આવેલો જોઇ બહુ ખુશી થઇ. પછી અક્ષતપાત્ર, કુંકુમ, કુસુમ, સોપારી વિગેરે લઈને તેણે સરોવરે આવી તે સર્વ ધર્મને આપ્યું અને તેને વધાવ્યો.

હવે પેલા બંને છાત્રો ગુરૂ પાસે ગયા અને પોતપોતાની વાત કરી. ગુરૂએ ધન્યને પૂછ્યું કે–' તેં જે કહ્યું તે શીરીતે જાણ્યું?' એટલે તે બોલ્યો કે–' પ્રૌઢ પગલાં હોવાથી મેં હાથીના જાણ્યા અને ઘડો ભાંગ્યો તેમાંથી જળ ગયું તેથી જાણ્યું કે દેહ નાશ પામીને જીવ ગયેલો હોવો જોઇએ. તેથી તે પ્રમાણે કહ્યું.' ધર્મને પૂછતાં તેણે કહ્યું કે–' પગલાંની સ્થિતિ (નિરોધ) ના અનુમાનથી મેં હાથણીના જાણ્યા. માર્ગમાં ડાબી બાજુના વૃક્ષોના પત્રાદિક અખંડ જોવાથી અને જમણી બાજુના ખેંચેલા–ખાધેલા હોવાથી ડાબી આંખે કાણી છે એમ જાણ્યું. તેની ઉપર બેઠેલ રાજા રાણી વિના કોણ હોય? વળી બાજુની વાડના કાંટામાં લાલ વસ્ત્રના તાંતણા જોઇ રાણી

હશે એમ જાણ્યું. તેમણે એક વડવૃક્ષની નીચે વિસામો ખાધેલો, ત્યાંથી ઉઠતાં દક્ષિણ બાજુનો પગ જમીનમાં વધારે દબાયેલો જણાવાથી સગર્ભા છે અને ગર્ભમાં પુત્ર છે એમ જાણ્યું. તેમજ પ્રસવ સમય નજીક છે તે પણ તે પગપરથીજ જાણ્યું.

હવે પેલી વૃદ્ધાએ પ્રશ્ન કરતાં ઘડાની માટી પૃથ્વીથી જુદી પડી હતી તે પાછી પૃથ્વીને મળી અને સરોવરનું જળ જુદું પડેલું તે પાછું સરોવરને મળ્યું તે ઉપરથી એ ડોશીનો જુદો પડેલો પુત્ર તેને મળવોજ જોઈએ એમ મેં ધાર્યું.'

આ પ્રમાણે તે બંનેની બુદ્ધિની વિચિત્રતા જાણીને ગુરૂએ કહ્યું કે-'જે બહુમાનપૂર્વક ગુરૂની ભક્તિ કરીને ભણે છે તેની બુદ્ધિ વિશેષ સ્ફુરાયમાન થાય છે; બહુમાન નહીં કરનારની તેવી થતી નથી. તેથી ગુરૂનું અને જ્ઞાનનું બહુમાન કરીને ભણવું.'

શ્રુતપ્રત્યે બહુમાન અબહુમાન ઉપર અશકટાપિતાની કથાઃ—

ગંગાના કિનારાપર રહેનારા બે ભાઈઓએ એક ગચ્છમાં દીક્ષા લીધી. તેમાંથી એક બહુશ્રુત થવાથી આચાર્ય થયા. તે આખો દિવસ શિષ્યોને શાસ્ત્રાર્થ શીખવવામાંથી વિશ્રામ પામતા નહોતા. રાત્રે પણ સૂત્રાર્થ ચિંતન અને વ્યાખ્યાદિ કરવામાં રોકાવાથી સુખનિદ્રા પણ પામતા નહોતા. અન્યદા તેમણે મધ્યના ઓરડામાં પોતાના બંધુને તે મૂર્ખ હોવાથી સુખે નિદ્રા લેતો જોઈને વિચાર્યું કે-' અહો ! આ મારા ભાઈને ધન્ય છે કે તે મૂર્ખ હોવાથી તેને કોઈ ખેદ ઉપજાવતું નથી.'

એક કવીએ કહ્યું છે કે-' હે મિત્ર ! મને તો મૂર્ખપણું ગમે છે કે જેમાં અઠ ગુણ રહેલા છે. ૧ નિશ્ચિંતપણું, ૨ બહુ ભોજન કરવાપણું, ૩ લજ્જા રહિતપણું, ૪ રાત્ર ને દિવસ સુખે

સુવાપણું, ૫ કાર્યાકાર્યની વિચારણામાં અંધ ને બધિરપણું, ૬ માનાપમાનમાં સમાનપણું, ૭ પ્રાયે વ્યાધિ રહિતપણું અને ૮ દૃઢ શરીરપણું–આ આઠ પ્રકારથી તે સુખે જીવે છે.'

તે આચાર્યે એમ ન વિચાર્યું કે–" પંડિતજનો સાથેના આનંદી વાર્તાલાપથી ખિન્ન થયેલા હોય ત્યારે અનેક શાસ્ત્રરૂપ સુભાષિતના અમૃતરસથી શ્રોત્રના ઉત્સવને કરતા સતા જેમના જન્મ અને જીવિત સફળ છે તેમનાવડેજ આ પૃથ્વી વિભૂષિત છે; તે વિનાના બીજા પશુની જેવા વિવેકવિકળ અને પૃથ્વીના ભારભૂત એવા મનુષ્યોથી શું ? "

આચાર્યે ઉપર કહ્યા પ્રમાણે જ્ઞાનનું અબહુમાન કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું. તેને આલોયા પડિકમ્યા શિવાય અનશનવડે મરણ પામીને દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં દેવ સંબંધી સુખ ભોગવી પ્રાંતે ચ્યવીને આ ભરતક્ષેત્રમાં કોઇ આભીરના કુળમાં પુત્રપણે ઉત્પન્ન થયા. યૌવન પામે સતે તેને પિતાએ પરણાવ્યા, તેમને **સુરૂપા** નામે પુત્રી થઇ. અન્યદા તે આભિર યૌવન પામેલી પુત્રી સાથે ઘી વેચવા માટે પુત્રીને ગાડાના આગલા ભાગપર બેસારીને બીજા આભિરોની સાથે નજીકના નગર તરફ ચાલ્યો. માર્ગમાં આભિરો–ગાડી હાંકનાર વિગેરે તે કન્યાની સામુંજ જોઇ રહેવાથી ગાડું ઉન્માર્ગે ચાલ્યું અને ભાંગ્યું, તેથી આભિરોએ તે કન્યાનું **અશકટા** અને તેના પિતાનું **અશકટા પિતા** નામ પાડ્યું.

કેટલેક કાળે અશકટા પિતાએ પોતાની પુત્રીને યોગ્ય સ્થાનકે પરણાવી દઇને પોતે વૈરાગ્ય ઉપજવાથી કોઈ પણ ગચ્છમાં દીક્ષા ગ્રહણ કરી. પછી યોગ વહેવાપૂર્વક શ્રી ઉત્તરા-

ર્થનનું ચોથું અધ્યયન ભણવો માંડયું, પરંતુ પૂર્વે બાંધેલા જ્ઞાનાવરણીય કર્મનો તે વખતે ઉદય થવાથી બે આંબેલ કર્યા છતાં એક ગાથા પણ તે અધ્યયનની આવડી નહીં. તે વાત ગુરૂ મહારાજને જણાવતાં તેમણે ખેદ ન કરવાનું કહે સતે 'આ યોગ કેવી રીતે વહેવાના છે?' એમ તે મુનિએ ગુરૂને પૂછયું. ગુરૂએ કહ્યું કે–' જ્યાં સુધી આ અધ્યયન ન આવડે ત્યાં સુધી આંબેલ કર્યા કરવા એવો એનો વિધિ છે.' તે મુનિએ તેજ પ્રમાણે આંબેલ કરવાની પ્રતિજ્ઞા કરીને ભણવા માંડયું, પણ કોઇ રીતે જરાપણ આવડયું નહીં. એટલે કોઈક 'અહો! આ મહામૂર્ખ જણાય છે કે જે નિત્ય આંતું આ ભણ્યા કરે છે.' એમ બોલે છે, તે સાંભળી તેમને રોષ થવા માંડ્યો; તેમજ કોઇક 'અહો! ધન્ય છે! આ મુનિને કે ભણવામાં આવા સતત ઉદ્યમી છે.' એમ બોલે છે; તે સાંભળીને તેઓ સંતુષ્ટ થવા લાગ્યા. તે હકીકત જાણીને ગુરૂએ તે મુનિને કહ્યું કે:–' હે વત્સ! આ અધ્યયન ભણવું મૂકી દઇને **म-रूसि, मं-तूसि** આટલોજ પાઠ કર.' આ પ્રમાણે કહેવાથી તે શબ્દો ગોખવા લાગ્યા. પણ વારંવાર તે શબ્દો સંભારી આપ્યા છતાં તીવ્ર કર્મોદયથી તે શબ્દોને બદલે '**मासतुस, मासतुस**' એમ ગોખવા લાગ્યા. તેથી લોકોએ તેનું નામજ 'માસ તુસ' પાડી દીધું, એ પ્રમાણે આંબેલનો તપ કરતાં બાર વર્ષ વીતી ગયા એટલે પૂર્વકર્મ સર્વથા ક્ષીણ થયું તેથી શુભ પરિણામની ધારાવડે સર્વ જ્ઞાનના વિભાગી (કેવળજ્ઞાની) થયા અને પ્રાંતે મોક્ષે ગયા. આ દૃષ્ટાંત સાંભળીને શ્રુતનું બહુમાન કરવું.

હવે ઉપધાન એટલે યોગ. તે વહન કર્યા વિના સિદ્ધાંત વાંચવાથી તેની આશાતના થાય છે. તે ઉપર સિંહમુનિની કથાઃ—

**કૌશાંબી** નગરીમાં **સિંહ** નામે બળવાન રાજા હતો. તે કુગુરૂની સંગતથી શીકાર કરતો હતો. તેને અરણ્યમાં કોઇ સાધુએ પ્રતિબોધ આપ્યો, તેથી તે બોધ પામ્યો. પછી પાપભીરૂ એવા તે રાજાએ **શ્રી દમઘોષસૂરિ** પાસે દીક્ષા લઈને યોગવહનપૂર્વક ચાર અંગો વાંચ્યા. ત્યારપછી ગુરૂ મહારાજે વિહાર કર્યે સતે સુકુમારપણાથી વિહાર ન કરતાં અને છ માસીક તપ ન કરતાં પાંચમું અંગ ભગવતિ વિગેરે વાંચવાથી તે મુનિ કુષ્ટિ થયા અને ઘણી વેદના ભોગવવા લાગ્યા. કેટલાક વખત પછી ગુરૂ મહારાજ પધાર્યા. તેમણે 'અવિધિએ વાંચવાથી મિથ્યાદૃષ્ટિ દેવીએ આને છળેલ છે અને વ્યાધિ ઉત્પન્ન કરેલ છે' એમ ધ્યાનવડે જાણીને કાયોત્સર્ગવડે શાસનદેવીને આકર્ષી. આકર્ષિત કરેલી શાસનદેવીએ તે પ્રત્યનીક દેવીને શાંત કરીને તે રાજર્ષિને નિરોગી કર્યા. ત્યારપછી તે પાપની સમ્યગ્ પ્રકારે આલોચના કરીને તેમજ પ્રાયશ્ચિત્તવડે પોતાના આત્માને શોધીને તેમજ સર્વ જ્ઞાન યોગોદ્વહનાદિવડે ગ્રહણ કરીને પ્રાંતે શિવસુખના ભાજન થયા. ઇતિ.

હવે નિન્હવ એટલે ગુરૂનો અપલાપ, તે ઉપર વિપ્રની કથાઃ—

કોઈ બ્રાહ્મણ દુર્ભિક્ષના કારણથી વિદેશમાં ગયો. ત્યાં વિદ્યાના બળથી પોતાની કોથળીને આકાશમાં રાખીને ચાલતા નાપિત ( વાળંદ ) ને જોઇને તેની સેવાવડે તે વિદ્યા પ્રાપ્ત કરી, પોતાની પ્રતિષ્ટા વધારી, તેમજ દ્રવ્ય પણ મેળવ્યું. પછી સુભિક્ષ થવાથી પોતાના દેશમાં ગયો. ત્યાં પોતાના

ધોતીઆ આકાશમાં સુકવતો જોઇ તે બ્રાહ્મણને લોકોએ પૂછ્યું કે-'આ વિદ્યાદાતા તમારા ગુરૂ કોણ છે?' એટલે તે બ્રાહ્મણે નીચ ગુરૂનું નામ આપતાં લજ્જા થવાથી બીજા મહત્વવાળા ગુરૂનું નામ આપ્યું. તેથી તે તત્કાળ વિદ્યાભ્રષ્ટ થઇ ગયો અને તેના ધોતીઆ આકાશમાંથી નીચે પડી ગયા. ઈતિ.

હવે વ્યંજન તે સિદ્ધાંતના અક્ષર, તેનો ભેદ એટલે બિંદુમાત્રના ફેરફારથી પણ ન્યૂનાધિકતા કરવી તે. તેજ પ્રમાણે અર્થનો તેમજ તદુભયનો ભેદ સમજવો. તેની આશાતના ઉપર ચાર મિત્રોની કથા:—

વસંતપુરમાં જિતારિ નામના રાજાને ચાર રાણીઓ હતી. તેને અનુક્રમે ચાર પુત્રો થયા હતા. તેના રૂદ્ર, મેઘ, ધીર ને વીર નામ હતા. તેઓ પૂર્વ જન્મના સ્નેહથી અંદર અંદર આનંદથી ઉચિત ક્રીડા કરતા હતા. તેમાં રૂદ્રને બોલતાં જીભ અટકતી હતી, મેઘ બોલવા જતાં કાંઈનું કાંઇ બોલી જતો હતો, ધીરની વાણીમાં અસ્પુટતા હોવાથી બીજાને તે રૂચતી નહોતી અને વીર તો મુંગો હોવાથી બોલીજ શકતો નહોતો.

અનુક્રમે તેઓ સોળ વર્ષના થયા અને યૌવનાવસ્થા પામ્યા. તે વખતે કોઈ સાધુને ધ્યાનમાં લીન થયેલા જોઇને વિતર્ક કરવા લાગ્યા. તેને સાધુએ પૂછ્યું કે-'તમે કયાંથી આવ્યા છો?' રૂદ્રે કહ્યું કે-'અમે નગરમાંથી આવ્યા છીએ.' મુનિએ કહ્યું કે-'હું તે પૂછતો નથી, પણ કયા ભવમાંથી આવ્યા છો? તે પૂછું છું.' રૂદ્ર તે સાંભળી ક્રોધ કરીને બોલ્યો કે-'રે પાખંડી! આવી વક્ર વાણી શું બોલે છે? શું કોઇ પોતાના પૂર્વભવને જાણતું હશે?' મુનિ બોલ્યા કે-"હા,

કોઈ કોઇ જાણી પણ શકે છે. જો કૌતુક હોય તો સાંભળો, તમે શ્વાનના ભવમાંથી અહીં મનુષ્ય થયા છો." તે સાંભળીને કોપાયમાન થવાથી મ્યાનમાંથી ખડ્ગ કાઢીને 'અરે! દુષ્ટ! આવું અસંબદ્ધ બોલે છે? જો, તેનું ફળ આપીએ છીએ.' એમ કહી આક્રોશ કરી મારવા દોડ્યા પણ મુનિના તપના પ્રભાવથી સ્તંભીભૂત થઇ ગયા. એટલે દીન મુખવાળા થઇ તે આ પ્રમાણે બોલ્યા કે–'હે મુનિ! તમે સાચું કહ્યું હશે, પરંતુ તેની ખાત્રી શી?' મુનિએ કહ્યું કે–'તેની ખાત્રી માટે સાંભળો.

"પૂર્વે આજ નગરમાં સમ્યગ્દૃષ્ટિ અને મજ્જા જૈન[1] **અગ્નિશર્મા** નામે વિપ્ર હતો. તેને ચાર પુત્રો **પૂર્ણ, પદ્મ, પંચાનન ને ભીમ** નામના થયા હતા. તેઓ આર્યવેદો ભણીને નવતત્ત્વાદિ વિચારના ગ્રંથોમાં કહેલા વિચારને જાણનારા થયા. યૌવનાવસ્થા પ્રાપ્ત થતાં પરણ્યા. અન્યદા તેના પિતાએ પુત્રોપર કુટુંબનો ભાર સ્થાપન કરીને દીક્ષા લીધી. તપના આરાધનવડે તે મુનિ અવધિજ્ઞાની થયા. તેના પુત્રો જ્યારે વિદ્વદ્ગોષ્ઠિ કરતા હતા ત્યારે **પૂર્ણ** નામે મોટો પુત્ર અજ્ઞાના મદથી સૂત્રભેદ કરતો હતો. જેમકે **धम्मो मंगलमुक्किट्ठं** ને બદલે **पुण्णं कल्लाणमुक्कोसं** બોલતો હતો. બીજો પુત્ર **પદ્મ** અર્થભેદ કરતો હતો. જેમકે **धम्मो मंगलमुक्किट्ठं** તેમાં ધર્મધાતુ અર્થાત્ સુવર્ણ ઉત્કૃષ્ટ મંગળરૂપ છે. સર્વ અર્થનું સાધક હોવાથી. આવો અર્થ કરતો હતો. **પંચાનન** ઉભયભેદ કરતો હતો. **धर्मो मंगलमुत्कृष्टं.** ધર્મ ધાતુ મંગળ ગ્રહની જેમ **मदाऽधिकारात् क्रौर्यलक्ष्म्या उत्कृष्टः** મદના અધિકારથી મંગળ ગ્રહની

[1] જેને અસ્થિમજ્જામાં જૈનધર્મ પ્રણમી ગયો હોય તેવો.

જેમ ક્રૂરપણામાં ઉત્કૃષ્ટ છે એમ કહેતો. ભીમ સિદ્ધાંતના અર્થની વિપરીત વ્યાખ્યા કરીને ધર્મના અવર્ણવાદ બોલતો હતો. જેમકે ' ધર્મ ઉત્કૃષ્ટ મંગળરૂપ છે પણ તે શાંતરસપણાથી અકિંચિત્-કર છે; તેમજ પાપ પણ ઉત્કૃષ્ટ મંગળરૂપ છે. હિંસા, અસત્ય, ચૌર્યાદિ તેના ભેદો સર્વ કાર્યકર હોવાથી. ' આ પ્રમાણે બોલવાથી તે ચારે જણાએ તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું અને ઉન્માર્ગનો ઉપદેશ કરવાથી તેમજ સન્માર્ગનો નાશ કરવાથી તિર્યંચગતિ નામકર્મ બાંધ્યું.

અન્યદા ગ્રીષ્મઋતુમાં મધ્યાન્હ વખતે તેના ઘરમાં તીવ્ર અગ્નિ લાગવાથી સારભૂત વસ્તુ કાઢવા માટે ઘરમાં પ્રવેશ કરતાં તે ચારે જણા આર્ત્તધ્યાનથી મૃત્યુ પામ્યા અને તેજ નગરમાં માતંગના પાડામાં શ્વાન થયા. તે શ્વાનો લોકો પ્રત્યે કરડવા દોડતા હતા. તેવામાં એકદા મને-તેમના પિતાને તે માર્ગે આવતા જોઈને તારસ્વરે ભસતા મારી તરફ દોડ્યા. મેં તે શ્વાનોને પૂર્વભવના નામથી બોલાવ્યા. તેઓ મને જોતાં જાતિસ્મરણ પામ્યા. તેમને પૂર્વભવે કરેલા પાપનું સ્મરણ થવાથી ઘણો પશ્ચાત્તાપ થયો એટલે તેમણે અનશન કર્યું. તેમને રયવાડીએ જતાં રાજાએ દીઠા અને તેની હકીકત સાંભળીને તેની પૂજા કરી. તે રાજધાનીમાંજ મરણ પામીને તમે ચાર રાજપુત્રો થયા. હું તમારા પૂર્વભવના સંસાર સંબંધવાળો પિતા અગ્નિશર્મા છું. "

આ પ્રમાણેની મુનિએ કહેલી હકીકત કુમારના પરિ-વારના મુખેથી સાંભળીને રાજા ત્યાં આવ્યો. તે વખતે કૌતુકથી-મળેલા લોકોએ મુનિને ઓળખ્યા અને વાંદ્યા. રાજાએ ' આ

શું ?' એમ પૂછયે સતે સાધુ બોલ્યા કે-'તમારા આ ચારે પુત્રો પૂર્વ ભવના પોતાના આવાસ અને કુટુંબાદિકને જોશે એટલે તેમને વિશ્વાસ આવશે.' પછી રાજા લોકો પાસેથી અગ્નિશર્માનું ઘર કયાં છે ? તે જાણીને પુત્રોને ત્યાં લઈ ગયો. ત્યાં પૂર્વે અનુભવેલું પોતાનું કુટુંબ વિગેરે જોઈને જાતિસ્મરણ થવાથી 'હા ઇતિ ખેદે ! અમે મનુષ્યનો ભવ કેવી મૂર્ખાઈથી હારી ગયા, માટે હવે દીક્ષા ગ્રહણ કરીને તે પાપથી છુટીએ.' આ પ્રમાણે વિચારીને વૈરાગ્ય ઉત્પન્ન થવાથી માતા-પિતાની બહુ આગ્રહવડે આજ્ઞા મેળવીને તે મુનિની સાથે **શ્રી ગુણાકરસૂરિ** પાસે જઈ ચારે રાજપુત્રોએ દીક્ષા ગ્રહણ કરી.

પછી જ્ઞાનની કાળાદિ આઠે પ્રકારની આશાતના તજીને, સર્વ પ્રકારનો ગર્વ તજી દઇને, ભક્તપાનાદિ લાવીદેવાવડે તેમજ વૈયાવચ્ચાદિ કરવાવડે ગુરૂભક્તિ સારી રીતે કરીને જ્ઞાનાવરણીય કર્મ ખપાવી પંડિતમરણે મરણ પામી સર્વાર્થ-સિદ્ધ વિમાનમાં ચારે મુનિ દેવ થયા.

ત્યાંથી ચ્યવી આજ ભરતક્ષેત્રમાં શ્રાવસ્તિ નગરીમાં સુગ્રીવ નામના રાજાની ચાર જુદી જુદી રાણીથી ચાર પુત્ર થયા. તેમના **હંસ, કંસ, કામ** ને **કુંભ**-નામ પાડવામાં આવ્યા. તેઓ યોગ્ય કાળે સર્વ કળાઓ શીખ્યા અને સુખ-ક્રીડા કરવા લાગ્યા. અનુક્રમે યૌવનવયને પામ્યા.

હવે કોશળા નગરીના **પ્રતાપ** નામના રાજાને ચાર રાણીઓથી થયેલી ચાર કન્યા **સોમશ્રી, સત્યશ્રી, ધનશ્રી** ને **ગુણશ્રી** નામની છે. તેઓએ અન્યદા પ્રીતિવડે ખેલતાં પોતપોતાના મનોરથો પ્રકાશિત કરીને આવી પ્રતિજ્ઞા કરી.

પહેલી બોલી કે-‘ એક પહોરમાં જે એક હજાર શ્લોકનો પાઠ કરે-બોલી જાય તે મારો ભર્ત્તાર થાય. ’ બીજી બોલી કે-‘ એક સાથે એક હજાર શ્લોકને જે ધારી શકે-કંઠે રાખી શકે તે મારો ભર્ત્તાર થાય. ’ ત્રીજી બોલી કે-‘ એકેક શ્લોકના જે હજાર હજાર અર્થ કરી શકે તે મારો ભર્ત્તાર થાય. ’ ચોથી બોલી કે-‘ એક પહોરમાં જે એક હજાર શ્લોક નવા બનાવી શકે તે મારો ભર્ત્તાર થાય. ’ આ પ્રમાણેની તે ચારે પુત્રીની પ્રતિજ્ઞા જાણીને તેના પિતાએ તેનો સ્વયંવર કરવાનું ધાર્યું અને અનેક રાજાઓ તથા રાજકુમારોને બોલાવ્યા.

તે સ્વયંવરમાં સુગ્રીવ રાજા પણ પોતાના ચારે પુત્ર સાથે આવ્યો. બધા રાજાઓ સ્વયંવર મંડપમાં આવી ગયા પછી ચારે કન્યાઓ સુખાસનમાં બેસીને ત્યાં આવી. પ્રતિહારીએ બધા રાજાઓનું વર્ણન કર્યું, એટલે ચારે કન્યાઓએ પોત-પોતાની પ્રતિજ્ઞા જાહેર કરી. તેની પ્રતિજ્ઞા પૂર્ણ કરવામાં સર્વ રાજાઓ અને રાજકુમારો અશક્ત હોવાથી મૌન થઇને બેસી રહ્યા. એટલે સુગ્રીવ રાજાના પુત્રોએ પિતાની આજ્ઞાથી તે ચારેની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. ચારે કન્યાઓએ તેમના કંઠમાં વરમાળા આરોપણ કરી. તે કુમારોનો જયજયારવ થયો. તે વખતે તે તે કુમારોના ગુણથી રંજીત થઇને ત્યાં આવેલા રાજાઓએ તે ચારે કુમારોને ૩૨-૩૨ કન્યાઓ આપી. તેમનો વિવાહોત્સવ પણ ત્યાંજ થયો. પછી યોગ્ય સન્માન આપેલા સર્વે રાજાઓ પોતપોતાને સ્થાને ગયા. સુગ્રીવ રાજા પણ દશ દિવસ ત્યાં રહીને પછી પુત્રો તથા પુત્રવધુઓ સહિત પોતાની નગરીએ આવ્યા અને આનંદથી રાજ્ય પાળવા લાગ્યા.

ચારે રાજપુત્રો મહા પ્રાજ્ઞપણાથી સર્વત્ર પ્રસિદ્ધિ પામ્યા. તેથી દૂરદેશવાસી અનેક રાજાઓ અને રાજકુમારો પોતપોતાના પંડિતોને સાથે રાખીને સર્વ શાસ્ત્રોમાં રહેલા સંદેહોને દૂર કરવા માટે ત્યાં આવવા લાગ્યા, અને તે કુમારોની સાથે રાજસભામાં વિદ્યાવિનોદ કરવા લાગ્યા. એ પ્રમાણે પિતાના પ્રસાદથી સર્વ પ્રકારના સુખોને ભોગવતાં તે કુમારોનો ઘણો કાળ વ્યતિક્રમ્યો.

અન્યદા ત્યાં કેવળી ભગવંત પધાર્યા. તે હકીકત સાંભળી સુગ્રીવ રાજા પુત્રપરિવાર સહિત તેમને વંદન કરવા આવ્યા, અને વંદન કર્યા પછી સુગ્રીવરાજાએ કેવળી ભગવંતને પૂછ્યું કે–' હે પ્રભુ ! કેવા પ્રકારના સુકૃતથી આ મારા ચારે પુત્રો મહાપ્રાજ્ઞ થયા ? ' તેના ઉત્તરમાં કેવળીએ અગ્નિશર્મા વિપ્રના પુત્રપણાના ભવથી ચાર ભવની સર્વ કથા કહીને ત્રીજે ભવે દીક્ષા લઇ જ્ઞાનની સર્વ પ્રકારની આશાતના તજીને સર્વ પ્રકારે આરાધના કરી હતી, તેમજ જ્ઞાનીઓની અહંકાર તજી દઇને ભક્તપાનાદિ લાવી દેવાવડે સુશ્રુષા કરી હતી તે વર્ણવી અને તેના ફળ તરીકે આ પ્રાજ્ઞપણું પ્રાપ્ત થયું છે એમ કહ્યું.

કેવળીની કહેલી આ હકીકત સાંભળીને જો ' એક જ્ઞાનની આરાધનાનું આટલું ફળ મળ્યું તો પછી જ્ઞાન દર્શન ચારિત્ર–ત્રણેની સંપૂર્ણ આરાધનાનું ફળ શાશ્વત સુખ પર્યંત મળે તેમાં શું નવાઈ ? ' આમ વિચારીને તે ચારે પુત્રોએ તીવ્ર સંવેગ પ્રાપ્ત થવાથી કોઇપણ રીતે માતાપિતાની આજ્ઞા મેળવીને અંતઃપુર પરિવાર વિગેરે સર્વ તજી દઇને કેવળી ભગવંત પાસે ચારિત્ર અંગીકાર કર્યું અને નિરતિચારપણે ચારિત્ર પાળી પ્રાંતે કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા. ( ઇતિ ચાર રાજપુત્ર કથા. )

અહીં કામદેવ કુમાર કેવળજ્ઞાનીના મુખેથી આ પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મના બંધ હેતુ જાણીને લોકલજ્જાથી પોતાની અજ્ઞાનતાના હેતુને પૂછ્યા વિના કેવળીને નમીને પોતાના સૈન્યમાં આવ્યો. કાળ વિગેરે રાજાઓ પણ વૈર તજીને પોતપોતાને સ્થાને ગયા.

રાત્રીએ સર્વ જનો સુઇ ગયા પછી કામદેવકુમાર દેવતાઓથી સેવાતા કેવળી ભગવંત પાસે ગયો અને પ્રણામ કરીને પોતાના પૂર્વભવની કથા પૂછી. કેવળી ભગવંત બોલ્યા કે– "ઉજ્જયિની નામની નગરીમાં **ભીમ** નામે ક્ષત્રી જુગટું રમતાં રમતાં મોટો ચોર થયો. માતાપિતાએ તેને ઘરમાંથી કાઢી મૂકયો એટલે તે અરણ્યમાં ગયો અને ચોરીવડે નિર્વાહ કરવા લાગ્યો. અન્યદા કાશ્મીર દેશથી આવતા એક જૈન બ્રાહ્મણને મારી નાખીને તેના પુસ્તકથી ભરેલા વૃષભને લઇ જઈ તે પુસ્તકો ખોલ્યા. એટલે મષીથી ખરડાયેલા વસ્ત્ર જેવા મલીન વસ્ત્રના કકડાઓથી બાંધેલા પુસ્તકો જોઇને કોપવડે તેનાપર પાદપ્રહાર કરીને બધા પુસ્તકો બાળી દીધા. તે હકીકત સાંભળીને ઉજ્જયિનીપતિએ તે ચોરને મરાવી નાંખ્યો.

ચોર આર્ત્તધ્યાને મરણ પામીને ચોથી નરકે ગયો. ત્યાં દશ સાગરોપમનું આયુષ્ય ભોગવીને ત્યાંથી ચ્યવી તંદુળીઓ મત્સ્ય થયો. ત્યાં અંતર્મુહૂર્ત્તના આયુષ્યે મહા રૌદ્રધ્યાનવડે મરણ પામીને સાતમી નરકે ગયો. ત્યાં ૩૩ સાગરોપમનું આયુષ્ય ભોગવીને કોઇ બ્રાહ્મણને ત્યાં ભારવાહક બળદ થયો. તે ત્રણ હજાર વર્ષ સુધી ભાર ઉપાડીને છેવટ તેના શરીરના સાંધા ત્રુટી ગયા એટલે જમીન ઉપર પડ્યો.

ત્યાં ભિક્ષા માટે આવતા મુનિને જોઇને પ્રાંતે ભદ્રકભાવથી-મરણ પામી કૌશાંબીમાં ભદ્ર શ્રેષ્ઠીને ઘરે સોમ નામને કામ કરનારો સેવક થયો. તે બાલ્યાવસ્થાથીજ સ્વભાવે જ્ઞાન અને જ્ઞાનીની ભક્તિ કરનારો હોવાથી શેઠે પ્રેમ ઉપજવાથી તેને એક કુળપુત્રી સાથે પરણાવ્યો. તે સ્ત્રીપુરૂષ બંને સમીપે રહેલા સાધુઓની સંગતિથી દયાતત્પરપણે નિર્મળ ચિત્તે શેઠના ઘરમાં સર્વ કાર્ય કરતા કાળ વ્યતિક્રમાવવા લાગ્યા.

અન્યદા ચતુર્માસીને દિવસે ચૈત્યપરિપાટી કરવા નીકળતાં શેઠની સાથે બધા ચૈત્યોએ દર્શન પૂજન કરીને સાધુને વાંદી તેમની દેશના સાંભળવા બેઠા. તેમાં દાન સંબંધી અધિકારે તેમણે આ પ્રમાણે ઉપદેશ સાંભળ્યો કે-"સારા ક્ષેત્રોમાં વાવેલું બીજ જેમ બહુ ફળને આપે છે તેમ પુણ્યક્ષેત્રોમાં વાવેલું દ્રવ્ય પણ અત્યંત ફળ આપે છે. તે પુણ્યક્ષેત્રો આ પ્રમાણે-'ઉત્તમ જનોએ પોતાનું દ્રવ્ય જિનેશ્વરનું ચૈત્ય, જિનેશ્વરના બિંબ, જિનબિંબની પ્રતિષ્ઠા, પુસ્તક અને ચતુર્વિધ સંઘની ભક્તિમાં તથા તીર્થંકરોની(તીર્થોની)યાત્રાને વિષે વાપરવું. એ ક્ષેત્રોમાં પણ પુસ્તકરૂપ ક્ષેત્રમાં વાપરવાથી અધિક પુણ્ય થાય છે. કારણકે પુસ્તક સર્વ પુણ્યમાર્ગનું પ્રકાશક છે અને અસંખ્ય જીવોને પ્રતિબોધરૂપ ઉપકારનું કરનાર છે. કહ્યું છે કે-'એક જીવને પણ જે જૈન ધર્મ પમાડે તેણે સકળ જીવલોકમાં અમારીપડહ વગડાવ્યો એમ સમજવું.' જો એક જીવને પ્રતિબોધ કરવાથી એટલું ફળ થાય તો અનેક જીવને જેનાથી પ્રતિબોધ થાય તેનું ફળ તો શી રીતે કહી શકાય ? શાસ્ત્રના ઉપદેશથી એક પણ જીવને બોધ થાય તો ઘણું છે. શાસ્ત્રનો

આધાર પુસ્તક છે, તેથી જેણે પુસ્તકરૂપ ક્ષેત્રને સારી રીતે પોષણ આપ્યું તેણે સર્વ પુણ્યક્ષેત્રોને અને સર્વ પુણ્યવિધિને પોષણ આપ્યું એમ સમજવું. ”

આ પ્રમાણેનો ગુરૂપાસેથી ઉપદેશ સાંભળીને તે સોમે તથા સોમશ્રીએ પોતાના શેઠની સાથે ઉપવાસ કર્યો. પછી ઘરે જઇને દંપતીએ વિચાર્યું કે-“ આપણે આપણા દ્રવ્ય સંબંધી સામર્થ્યના પ્રમાણમાં સર્વ પુણ્યક્ષેત્રોમાં મુખ્ય એવા પુસ્તક ક્ષેત્રનું જ આરાધન કરવું.” આ પ્રમાણેનો તેમણે નિરધાર કર્યો.

બીજે દિવસ પ્રાતઃકાળે પોતાના દ્રવ્યથીજ ઘી સાકર ને દુધનો યોગ મેળવીને તેની ક્ષીર બનાવી એક થાળમાં નાખી ખાવાની તૈયારી કરે છે, તેવામાં માસક્ષમણી સાધુને આવતા જોઇને સમ્યગ્ભાવપૂર્વક તેમને તે ક્ષીર વહોરાવતાં પુષ્કળ ભોગફળકર્મ ઉપાર્જન કર્યું. પછી સોમે સોળ દીનારવડે અને સોમશ્રીએ બાર દીનાર વડે પુસ્તક લખાવ્યું. પ્રાંતે તે તે બંને અનશન કરી મરણ પામીને સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં દેવસંબંધી સુખ ભોગવીને સોમનો જીવ તમે થયા અને સોમશ્રી તે સૌભાગ્યમંજરી થઇ. પુર્વભવે પુસ્તકની આશાતના કરેલી હોવાથી તમને મૂર્ખપણું પ્રાપ્ત થયું. હવે પુસ્તક લખાવ્યાના પુણ્યથી સોળ મહીને સર્વ પાપમળ ધોઇ નાખીને અત્યંત વિદ્વાન થશો.”

આ પ્રમાણે કેવળીના વચનો સાંભળીને તેમને પગે લાગીને કામદેવ બોલ્યો કે-‘હે ભગવન્ ! મેં પુર્વભવે અજ્ઞાનથી જે જ્ઞાનની આશાતના કરી છે તેનું મને પ્રાયશ્ચિત્ત આપો.’ કુમારે આ પ્રમાણે વિજ્ઞપ્તિ કર્યે સતે કેવળી બોલ્યા કે-‘ હે કુમાર !

હમણા મધ્યના બાવીશ તીર્થંકરના સમયમાં ઉત્કૃષ્ટ અષ્ટમાસી તપ કહેલ છે તેથી તમે સોળ માસ પર્યંત એકાંતર ઉપવાસ કરજો.' તે વખતે ત્યાં બેઠેલી સરસ્વતી દેવી બોલી કે-' ચાર જ્ઞાનભંડાર પણ કરાવજો કે જેથી વિશેષ લાભ થાય.' તે વખતે વિમળબોધ મંત્રી બોલ્યો કે-' હે દેવી ! ધર્મમાં અંતરાય કરનાર એવો હવે થનારો વાદસમુદ્ર કેમ તરવો ?' દેવી બોલી કે-"શ્રી વજ્રનાભકેવળીના પ્રસાદથી તમારે નિશ્ચિંત રહેવું. તે વાતની મને ચિંતા છે. આ બાબતમાં હું જાણું છું કે-સૌભાગ્યમંજરીના મહેલમાં રાજહંસનો સંવાદ અને સ્વયંવર મંડપમાં પાંચાળીએ કરેલ વાદ વિગેરે સર્વ તાપસણીના આરાધેલા યક્ષનુંજ કરેલું હતું. હવે કામદેવ કુમારે તો સમ્યક્ત્વ મૂળ શ્રાવકના બારવ્રતરૂપ ધર્મનું સારી રીતે આરાધન કરવું જેથી સર્વ વાંચ્છિતની સિદ્ધિ થાય." દેવીના આવા વચનથી કામદેવકુમાર સ્ત્રી સહિત કેવળી પાસે શ્રાવકધર્મ સ્વીકારીને પોતાના સૈન્યમાં ગયો. કેવળીએ અન્ય જીવોને પ્રતિબોધ આપવા માટે ત્યાંથી વિહાર કર્યો.

હવે કાશ્મીરથી તેડાવેલા પંડિતો ને બીજા પ્રખ્યાત રાજાઓ ત્યાં આવ્યા. વાદમંડપ તૈયાર કરવામાં આવ્યો સૌભાગ્યમંજરી તો સ્વપ્ને પણ પરપુરૂષને ઇચ્છતી નહોતી તેથી ' જે હારે તે યાવજ્જીવિત બીજાની સેવા કરે' એવું 'પણ' કરવામાં આવ્યું. સારે દિવસે બધા સભ્યો વાદમંડપમાં એકઠા થયા, રાજાઓ યથાયોગ્ય આસને આવીને બેઠા, પંડિતો યોગ્ય સ્થાને બેઠા, વાદ શરૂ થયો, સરસ્વતીના પ્રસાદથી કામદેવ જીત્યો. તેનો જયજયારવ થયો. તેનો યશ આખા વિશ્વમાં વિસ્તાર પામ્યો.

પછી સેવકીભૂત થયેલા કાળ વિગેરે રાજાઓ સાથે મહોત્સવ-પુરઃસર કામદેવકુમાર પોતાના નગર તરફ ચાલ્યો.

સૂરદેવ રાજા પોતાના પુત્રની કીર્ત્તિ સાંભળીને ઘણા હર્ષિત થયા અને તે અવિચ્છિન્ન પ્રયાણે સામે આવવા નીકળ્યા. પિતા પુત્ર ભેળા થયા એટલે કામદેવકુમારે પૃથ્વીપર્યંત મસ્તક લગાડીને પિતાને પ્રણામ કર્યાં. પછી માંહોમાંહે અનેક પ્રકારની આનંદકારી કથાઓ કરતાં પોતાના નગરની સમિપે આવ્યા. એટલે સૂરદેવરાજા પુત્રનો પ્રવેશમહોત્સવ કરવા માટે પ્રથમથી નગરમાં ગયા. કુમારે સૈન્ય સાથે સરોવરને કિનારે પડાવ કર્યો.

હવે ચંદ્રલેખા કેળના વનમાં ક્રીડાર્થે ગઈ હતી. ત્યાં સોનાના પીંછાવાળા મોરને જોઈને તેણે કુમારને વાત કરી. કુમાર પણ કૌતુકથી તેની પાછળ ધીમે ધીમે ચાલ્યો. નજીક પહોચતાં એકદમ ઉછાળો મારીને મોર ઉપર તેણે આરોહણ કર્યું એટલે મોર આકાશમાં ઉડ્યો. લોકો 'આ જાય, આ જાય' એમ બોલે છે તેવામાં તો તે મોર અદૃશ્ય થઈ ગયો અને સૂર્ય પણ અસ્ત પામ્યો. ચોતરફ અંધકાર ફેલાણો. કામદેવકુમારના વિરહજન્ય શોકવડે આખું સૈન્ય તારસ્વરે રૂદન કરવા લાગ્યું. સૌભાગ્યમંજરીએ કોઇ નૈમિત્તિક પાસે જઇ ફળાદિક મૂકીને 'કુમાર કયાં ગયા?' એમ પૂછ્યું. નૈમિત્તિકે નિમિત્ત જોઇને કહ્યું કે–'તમારે જરામાત્ર પણ શોક ન કરવો. આજથી દોઢ વર્ષે કુમાર ઘણા ઐશ્વર્ય સાથે અહીં આવશે.' એ હકીકત જાણી સર્વને હર્ષ થયો. પછી 'કુમારના આવતા સુધી સૈન્યે અહીંજ રહેવું.' એમ અમાત્યે ઠરાવ્યું ને સૈન્ય ત્યાંજ રહ્યું.

હવે અહીં મયૂર કુમારને લઇને વૈતાઢય પર્વત ઉપર વિદ્યાધરચક્રવર્તી રત્નાંગદના રથનુપુર નગર પાસે આવ્યો

અને તેના ઉદ્યાનમાં સ્થિત થયો. કુમાર તેના પરથી ઉતર્યો. આ હકીકતની ચક્રીને ખબર પડતાં તે રત્નાંગદચક્રી સન્મુખ આવ્યા અને વિનયપૂર્વક કુમારને નગરમાં લઇ જઈ પોતાના રાજમહેલમાં પ્રવેશ કરાવ્યો. ત્યાં સિંહાસનપર બેસાડીને ચક્રીએ આ પ્રમાણે કહ્યું કે–" હે કુમારેંદ્ર ! સાંભળો. મારી પુત્રી **રત્નમંજરી** એક દિવસ સિદ્ધાયતનમાં જિનપૂજા કરીને રંગમંડપમાં આવી મધુર સ્વરે એક ચિત્તે સ્તોત્ર કહેવા લાગી. તે સાંભળીને ત્યાં આવેલી લક્ષ્મીદેવી બહુજ પ્રસન્ન થઇ. તેણે તુષ્ટમાન થઈને વર આપ્યો કે–' તારો સ્વામી કામદેવકુમાર થાઓ.' એ વાત સાંભળી મેં લક્ષ્મીદેવીને પૂછયું કે–'તે કામદેવકુમાર કયાં છે ? ' એટલે તેણે કહ્યું કે–' અત્યારે સૌભાગ્યમંજરીને પરણીને પોતાની નગરી અયોધ્યા તરફ જાય છે.' તે સાંભળીને મેં કેકીના રૂપે છળ કરીને તમને અહીં મંગાવ્યા છે, તો હવે આ મારી પુત્રી રત્નમંજરીનું પાણીગ્રહણ કરો."

કુમાર બોલ્યો કે–' હે રાજેંદ્ર ! મારે પ્રાયશ્ચિત્ત તરીકે સોળ માસ સુધી એકાંતર ઉપવાસ કરવાના છે. તે કર્યા પછી મારાથી બીજું કામ થાય તેમ છે.' ચક્રીએ કહ્યું–' તો ભલે અહીં રહીને સોળ મહિના સુધી તપ કરી તમારી ઇચ્છા પૂર્ણ કરો.' કુમારે ત્યાં રહેવું કબુલ કર્યું. અને ત્રિકાળ ચક્રીના સાંનિધ્યથી સિદ્ધાયતનમાં જિનપૂજા કરીને એક ચિત્તે પરમાત્માનું ધ્યાન કરવા લાગ્યો. એ પ્રમાણે સોળ મહિનાનો તપ પૂર્ણ કર્યો. એ તપ કરવાથી તેનું જ્ઞાનાવરણીય કર્મ ક્ષીણ થયું તેથી લક્ષ્મીદેવીએ આપેલી રોહિણી વિગેરે મહાવિદ્યાઓ લીલામાત્રમાં તેણે સાધ્ય કરી ( સાધી. )

પછી શુભ લગ્ને નવા નવા મહોત્સવો સાથે રત્નમંજરીને તે પરણ્યો અને ત્યાં તેમજ અન્યત્ર સર્વ વિદ્યાધરોથી બહુમાન મેળવતો બે માસ ત્યાં રહ્યો. બે માસને અંતે રત્નાંગદચક્રીની રજા મેળવી દિવ્ય વિમાનમાં આરોહણ કરી રત્નમંજરી સહિત એક હજાર વિદ્યાધરોથી પરવરેલો, છત્રચામરાદિ મોટી ઋદ્ધિવડે શોભતો, તેમજ દિવ્ય વાજીત્રોના નાદથી બ્રહ્માંડને પૂરતો તે પોતાના નગર તરફ ચાલ્યો. તેમને તેના સૈન્યે દૂરથી મહા આનંદ સાથે આવતા જોયા. તેથી તેઓ પણ ઘણા હર્ષિત થઇને પ્રફુલ્લિત નેત્રે તે તરફ જોઈ રહ્યા. એટલે સંપૂર્ણ દોઢ વર્ષે આકાશમાર્ગે જ્યાં સૈન્ય છે ત્યાંજ તે ઉતર્યો. સૂરદેવરાજાને તે ખબર મળ્યા એટલે તે પણ શોકને તજી અત્યંત આનંદ પામી અંતઃપુર પરિવાર સાથે કુમારને જોવાની તીવ્ર ઉત્કંઠાથી ત્યાં આવ્યા. કુમાર દૂરથી સામે આવી પૃથ્વી સુધી ભાળ લગાડીને તેમને નમ્યો. રાજાએ હર્ષના અશ્રુની ધારાથી તેને સીંચતા બે હાથવડે ઉભો કર્યો અને ગાઢ આલિંગન આપ્યું. તે વખતે તે બંને એટલો આનંદ પામ્યા કે જે તેઓ અથવા કેવળીજ જાણી શકે.

પછી ગજ, અશ્વ, રથ તથા પાયદળરૂપ ચતુરંગિણી સેનાથી જાણે ભૂગોળક સાંકડો થઇ ગયો હોય તેમ, તેમજ વિદ્યાધરોના વિમાનોથી વ્યોમ ( આકાશ ) સાંકડું થઇ ગયું હોય તેમ, મધુર એવા વાજીત્રોના સુંદર નાદથી દિશાઓ બધિર થઈ ગઈ હોય તેમ, બે સ્ત્રી સહિત અને પટ્ટહસ્તિ ઉપર બેસીને પિતાની પાછળ મોટી ઋદ્ધિ સહિત કામદેવકુમારે નગરમાં પ્રવેશ કર્યો. પછી સૂરદેવ રાજાએ બહુમાનપૂર્વક સર્વ રાજા-

ઓને એટલે ભૂચર તેમજ ખેચર એવા સર્વ ભૂપાળોને ( કાળ રાજા સુધાંતને ) સત્કાર કરીને વિસર્જન કર્યા અને કુમારથી ચરણ સેવાતે સતે બહુ વર્ષો પર્યંત રાજ્યની પ્રતિપાલના કરી.

અન્યદા વનપાળકે આવીને વધામણી આપી કે-' હે મહારાજ ! તેજ કેવળજ્ઞાની મુનિ આપના ઉદ્યાનમાં પધાર્યા છે.' રાજાએ પૂછ્યું કે-' તે કોણ ? ' એટલે વનપાળક બોલ્યો કે-' સ્વયંવરમાંથી આવતાં માર્ગમાં કુમારે જે કેવળીને વાંદ્યા હતા તે.' પછી તેને પારિતોષિક(દાન)આપીને રાજા તરતજ સપરિવાર વનમાં ગયા અને કેવળીને વાંદીને તેમની દેશના સાંભળી. પછી પાછા નગરમાં આવીને સાચા વૈરાગ્યના રંગથી વાસિત થયેલા રાજાએ કામદેવકુમારનો રાજ્યપર અભિષેક કરી પોતે મહોત્સવપૂર્વક કેવળજ્ઞાની પાસે આવીને ચારિત્ર ગ્રહણ કર્યું.

અહીં કામદેવકુમારે પિતાની પાસેથી રાજ્ય પામીને પિતાની જેમ પ્રજાનું ઘણી વાત્સલ્યતાથી પ્રતિપાલન કર્યું. સંપૂર્ણ એવા ચાર સરસ્વતી ભંડાર કરાવ્યા કે જેમાં અનેક પુસ્તકો લખાવેલા હતા. તે પુસ્તકોની તેણે શુદ્ધ અંતઃકરણથી સિદ્ધાંતમાં બતાવેલી વિધિ પ્રમાણે પૂજા ભક્તિ કરી.

શ્રી જીવાભિગમસૂત્રમાં વિજયદેવના અધિકારમાં અને શ્રી રાજપ્રશ્નિયસૂત્રમાં સૂર્યાભદેવના અધિકારમાં કહેલ છે કે-' તે દેવ વ્યવસાય સભામાં આવી પુસ્તકને પ્રથમ મોરપીંછવડે પ્રમાર્જે, પછી જિનપ્રતિમાની જેમ ઉદકની ધારાવડે સિંચન કરે (પ્રક્ષાલન કરે),[1] પછી ઉત્તમ ગોશિર્ષચંદનવડે વિલેપન કરે, શ્રેષ્ઠ એવા ગંધોવડે પૂજન કરે, ઉત્તમ પુષ્પો ચડાવે, યાવત્ ઉત્તમ

૧ જળચંદન પૂજા કેમ કરે ? તે બરાબર સમજાતું નથી.

સુગંધી ધૂપનું દહન કરે.' આ પ્રમાણેના આગમોના વચનથી જિનપ્રતિમાની પૂજાની જેમ પુસ્તકની પૂજાનો વિધિ પણ કરે.

કામદેવ રાજાનો ભંડાર ભાગ્યના બળથી અક્ષીણ થયો, તેથી તેણે સર્વ લોકોપરના તમામ પ્રકારના કરો મૂકી દીધા. તે રાજા થયા ત્યારથી પ્રજા આતંક–ઉપદ્રવ વિનાની, ભય વિનાની, વ્યાધિ વિનાની, ચીર આયુષ્યવાળી, મહા સુખવાળી અને શુદ્ધ સંતતિવાળી થઈ. તે રાજાએ પડહ વગડાવીને સર્વત્ર પુસ્તક ભંડારો કરવાની પ્રજાને પ્રેરણા કરી, તેમજ જ્ઞાન સંબંધી દાનશાળાઓ મંડાવી. એટલે કે દરેક ગામે અને દરેક શહેરે દરેક આકરે અને દરેક ગોકુળે રાજાએ શાસ્ત્રશિક્ષણ માટે પંડિતોની યોજના કરી. તે સાથે જાહેર કર્યું કે–' જે કોઈ સમ્યગ્ શાસ્ત્રોનું એક ચિત્તથી અવિચ્છિન્નપણે અભ્યાસ કરવા ઈચ્છા ધરાવશે તેને માટે ભોજન આચ્છાદનાદિ સર્વ વ્યવસ્થા રાજ્ય તરફથી કરી આપવામાં આવશે.' આ પ્રમાણેની ઉદ્-ઘોષણાથી પ્રજાનો મોટો ભાગ શાસ્ત્રાભ્યાસ કરવાની લાલસાવાળો થયો અને કરવા લાગ્યો. લક્ષ્મી અને સરસ્વતીનો સ્વભાવિક વિરોધ કહેવાય છે. એક હોય ત્યાં બીજી જતી નથી, પણ અહીં તો બંને એક સાથે આનંદથી કામદેવ રાજા પાસે રહેતી હતી. તેથી તે બંનેની શોભામાં પણ વૃદ્ધિ થઈ હતી.

તે વખતમાં આ ભરતાર્દ્ધમાં જે જે રાજાઓ હતા તે કામદેવના પુણ્યાનુભાવથી તેની સેવા કરવા આવતા હતા. અર્થાત્ તેમણે તેની સેવા સ્વીકારી હતી. કામદેવરાજાના વિદ્યાબળથી વિદ્યાધરોના રાજાઓ પણ તેના ચરણકમળની સેવા કરવાની ટેવવાળા થયા હતા. એ પ્રમાણે સોળ હજાર રાજાઓથી

સેવાતો એવો કામદેવરાજા વાસુદેવની જેવો શોભવા લાગ્યો. અન્યદા સૌભાગ્યમંજરીની કુક્ષીરૂપી સરસીથી રાજહંસની જેવો **રાજહંસ** નામનો કુમાર ગુણોના એક સ્થાન જેવો થયો.

એકદા શરીર સંબંધી કાર્યથી પરવારી વસ્ત્રાલંકારાદિવડે વિભૂષિત થઇ સર્વ પ્રકારની ઋદ્ધિ સાથે કામદેવ રાજા રાજસભામાં સિંહાસન ઉપર બીરાજમાન થયા. તે વખતે રાજા, યુવરાજા, મહારાજા, રાજમંત્રી, શ્રેષ્ઠી, સાર્થવાહ, સેનાપતિ વિગેરે પણ હજારોની સંખ્યામાં આવીને સભામાં પોતપોતાને સ્થાનકે બેઠા. પછી નાટકાદિ થવા લાગ્યા, પૂર્વપુરૂષોની કથા વાર્તાઓ થવા લાગી, પંડિતો તરફથી અપ્રમાદીપણે શાસ્ત્રસંવાદ થવા લાગ્યા, રાજ્યસંબંધી વ્યવહારની પણ પ્રવૃત્તિ થવા લાગી, બહારગામથી આવેલા લેખો ( પત્રો ) સંબંધી વ્યવસ્થાઓ પણ થવા લાગી. તે વખતે રાજપુત્રને પાળનાર-ઉછેરનાર માણસ વસ્ત્રાલંકારાદિવડે શોભાવીને રાજહંસ કુમારને રાજસભામાં લાવ્યો. રાજકુમાર પાંચ વર્ષનો થયેલો હતો, એટલે મધુરી વાણીથી તે સૌને આનંદ આપતો હતો અને અનેક રાજાના ઉત્સંગરૂપ કમળમાં તે સંચાર કરતો હતો.

આવી સ્થિતિમાં રાજકુમારને જોતાં કામદેવ રાજાનો મોહ વૃદ્ધિ પામવાને બદલે તેની મોહદશા ત્રુટી, તેથી તે મનમાં વિચારવા લાગ્યા કે–" અહો ! આ કોણ ? કોનો પુત્ર ? કોણ જાણે છે કે તે કયાંથી આવ્યો છે ? અને કયાં જવાનો છે ? તો એની સાથેનો સંબંધ શા કામનો ? સર્વ સ્વજનોના સંબંધ કેવળ વૃથાજ છે. આ પ્રાણી એકલોજ ઉત્પન્ન થાય છે, એકલોજ મરણ પામે છે અને એકલોજ ભવાંતરમાં કરેલાં કર્મોને અનુભવે છે. મારો આત્મા એકલો ને શાશ્વતો છે,

જ્ઞાન દર્શન સંયુક્ત છે, બીજા બધા બહિર્ભાવ છે, અને તેનો સંયોગભાવે મળવાનો સ્વભાવ છે. એવા સંયોગ અને વિયોગથી આ જીવે દુઃખની પરંપરા અનેક ભવોમાં પ્રાપ્ત કરેલી છે, તેથી સર્વ સંયોગસંબંધ ભાવપૂર્વક વોસિરાવવા યોગ્ય છે."

આ પ્રમાણે એકત્વ ભાવના ભાવતાં કામદેવરાજા ક્ષપકશ્રેણિપર આરૂઢ થયા અને તરતજ ચાર ઘાતિકર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા. તે વખતે 'જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયેલ છે એવા કામદેવ રાજર્ષિ જયવંતા વર્તો'. એવી આકાશવાણી કરીને શાસનદેવીએ તેમને મુનિવેશ આપ્યો અને કેવળજ્ઞાન સંબંધી મહોત્સવ કર્યો. ત્યારપછી 'આ શું?' એમ આશ્ચર્ય પામેલા હજારો રાજાથી સેવાતા કામદેવ કેવળી મહીમંડળપર વિચરવા લાગ્યા અને ચીરકાળ વિહાર કરી અનેક ભવ્યજીવોને પ્રતિબોધ પમાડી પ્રાંતે મોક્ષસુખના ભાજન થયા. અહીં રાજહંસકુમારને સર્વ પ્રધાનપુરૂષોએ મળીને રાજ્યપર સ્થાપન કર્યો. તે પ્રાજ્ય રાજ્યને પાળતો સતો અનેક પ્રકારના સુખને ભોગવવા લાગ્યો અને પ્રાંતે વિશેષ સુખનું ભાજન થયો.

આ પ્રમાણે શ્રી કામદેવ નૃપતિનું ચરિત્ર સંવત ૧૪૬૯ના વર્ષમાં શ્રી મેરૂતુંગસૂરિએ રચ્યું છે. આ ચરિત્રને સાંભળીને જે વિદ્વાનો તેને લખાવશે, વાંચશે અને તેની ભક્તિ કરશે તે સર્વ પ્રકારના સુખો તેમજ રાજ્યલક્ષ્મી ભોગવી યાવત્ શિવસુખને પ્રાપ્ત કરશે.

**ઇતિ શ્રી કામદેવ નૃપતિ ચરિત્ર સંપૂર્ણ.**

પૂર્વજન્મમાં કરેલા સુકૃતના ફળ ઉપર

:: શ્રી પૂર્વાચાર્ય પ્રણિત ::

# શ્રી દેવકુમાર ચરિત્ર

## ભાષાંતર.

જેમનું નામસ્મરણ પણ મનુષ્યોને કલ્પવૃક્ષની જેમ વાંચ્છિત આપે છે એવા કલ્યાણરૂપી લક્ષ્મીના ગૃહ જેવા શ્રી નાભીરાજાના પુત્ર ઋષભદેવ પરમાત્માને નમસ્કાર થાઓ. જેમના પ્રસાદથી વૃદ્ધિ પામ્યો છે શુદ્ધ બોધ જેમનો એવા બુદ્ધિમાનો શ્રુતસમુદ્રના પારને પામે છે એવી અને સર્વજ્ઞના શાસનપર પ્રીતિવાળી ( રક્ત ) એવી શ્રુતદેવતા અનુગ્રહ કરીને મારા મનવાંચ્છિતની સિદ્ધિ માટે થાઓ.

પૂર્વજન્મના સુકૃતથી મનુષ્યોને દેવકુમારની જેમ મંત્ર, સિદ્ધિ, બુદ્ધિ અને સમૃદ્ધિ આ ભૂતળમાં પ્રાપ્ત થાય છે તેની કથા આ પ્રમાણેઃ—

કુસુમપુર નામના નગરમાં સૂર નામે રાજા હતો. તે વિરોધીજનોરૂપ અંધકારનો ધ્વંસ કરવામાં સૂર્યના કીરણોના પ્રસાર જેવો સુંદર હતો. તે નગરમાં દત્ત નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે સર્વ પ્રકારના ભારને સહન કરવામાં સમર્થ હતો અને પરસ્પરના વિયોગની બીતિથી સર્વે ગુણો તેનામાંજ આવીને

રહ્યા હતા. તે શ્રેષ્ઠીને રૂપવડે સુંદર **મહાલક્ષ્મી** નામે સ્ત્રી હતી. તે વિનયગુણ સાથે શુભ આચારને પણ ધારણ કરનારી હતી. અન્યોઅન્ય આશ્લિષ્ટ ચિત્તવાળા એવા તેઓ આનંદપૂર્વક વિલાસ કરતા હતા. કુળક્રમાગત આવેલા અને ન્યાયવડે ઉપાર્જન કરેલા દ્રવ્યવડે દીનજનોને દાન દેતા, સદ્ધર્મના ઉપાર્જનમાં સજ્જ રહેતા અને રાત્રી દિવસના વિભાગને પણ નહીં જાણતા એવા તે દંપતિનો સમય સુખેસુખે વ્યતિત થતો હતો.

અન્યદા મહાલક્ષ્મીની જેમ ગવાક્ષમાં બેઠેલી લક્ષ્મીએ ભક્તિવડે અનુરક્ત દાસીથી પગ ચંપાતે સતે સર્વાંગે આભરણયુક્ત, ઘનસારના વિલેપનવાળી, સરસ તાંબૂળને ચાવતી અને નિરસ તાંબૂળને તજતી એવી એક પલંગપર બેઠેલી પોતાની સખીને નજીકના ઘરમાં પોતાના બાળકનું લાલનપાલન કરતી દીઠી. તેને જોઈને અનંતકાળના અભ્યાસથી મોહને વશ થયેલી તે લક્ષ્મી શ્યામ વદનવાળી થઇ સતી વિચારવા લાગી કે-"અમારી પાસે બહુ ધન છે તેથી શું? જ્યાંસુધી હું પોતાના બાળકને દુધની લાલસાથી મારા મુખ સામે જોઇ રહેલા અને સ્મિતયુક્ત મુખવાળા મારા ખોળામાં રમતા ન જોઉં ત્યાંસુધી આ પુત્રવર્જિત ઘરને હું સ્મશાનતુલ્ય માનું છું. પોતાનું દ્રવ્ય પણ પુત્ર વિના પારકું થાય છે. પુત્ર વિના વૃદ્ધાવસ્થામાં પણ કોઇ પ્રકારની નિવૃત્તિ થતી નથી, નામ પણ રહેતું નથી અને આપણા દેવની પૂજા પણ કોઇ કરતું નથી."

આ પ્રમાણે વિચારતી અને શ્યામ મુખવાળી તેને જોઇને પરના અભિપ્રાય (વિચાર) જાણવામાં કુશળ એવી એક **કુશળા**

નામની દાસીએ નિર્મળ મનથી પૂછયું કે–" હે સ્વામિની ! તમે અકસ્માત્ દિવસે ચંદ્રલેખા ઝાંખી થઈ જાય તેમ ઝાંખા કેમ થઈ ગયા છો ? વળી હાથથી ચોળાયેલી માલતીના પુષ્પની માળાની જેવા વિચ્છાય વદનવાળા કેમ થઈ ગયા છો ? સ્વામીએ તમારા વિચારથી કાંઈ વિરૂદ્ધ વર્તન કર્યું છે કે જે સાંભરતાં તમે આવા થઈ ગયા છો ? અથવા શું બંધુવર્ગને જોવાની અકુંઠ એવી ઉત્કંઠા થઇ આવી છે ? શું ચીરકાળથી રક્ષણ કરેલા દ્રવ્યનો કાંઇ વિનાશ થયો છે ? કે પરિજનમાં કોઇએ તમારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે ? અથવા તમારા શરીરમાં કાંઈ અસુખાકારી ઉત્પન્ન થઈ છે ? કે ઘણા કાળનો ધારેલો કોઇ મનોરથ ફળિત નથી થયો ? જે હોય તે કૃપા કરીને મને કહો કે જે હું શેઠની પાસે નિવેદન કરીને તમારૂં વાંચ્છિત સાધી આપું."

આવા દાસીના વચનો સાંભળીને તે બોલી કે–" હે દાસી ! સ્વામીના પ્રસાદથી મને એક પુત્રના સુખ વિના સર્વ સુખ મળેલાં છે, પણ પુત્ર પ્રાપ્તિ તો પૂર્વભવના ઉપાર્જન કરેલા કર્મથીજ બની શકે છે એ સંબંધમાં મનુષ્યનો ઉદ્યમ બીલકુલ કામ આવતો નથી. તેથી આ વાત તારે સ્વામીને મુદ્દલ કહેવી નહીં, કેમકે તે પણ એ વાત સાંભળવાથી મારી જેવા દુઃખના ભાજન થાય તે થવું ન જોઇએ."

હવે ત્યારપછી જ્યારે જ્યારે તે શ્રેષ્ઠીપ્રિયા બીજાના બાળકોને અલંકારથી વિભૂષિત થઇને રમતા જુએ છે ત્યારે ત્યારે ખેદ પામે છે. આ પ્રમાણે ખેદ પામતી એવી તે પૂર્ણિમાના ચંદ્રની કળા જેમ દિવસે દિવસે ક્ષિણ થાય તેમ

કેટલેક દિવસે બહુ કૃશ શરીરવાળી થઇ ગઇ. તેને એવી સ્થિતિવાળી જોઈને શ્રેષ્ઠી તેને પૂછવા લાગ્યા કે-'હે વલ્લભા! બળતા દાવાનળે સ્પર્શેલી લતાની જેવી તું કેમ દેખાય છે ?' શ્રેષ્ઠીએ આ પ્રમાણે પૂછ્યા છતાં તેમના મનને દુઃખ ન ઉપજે તેટલા માટે શેઠાણીએ પોતાના દુઃખનું કારણ તેમને કહ્યું નહીં. શેઠે આકુળવ્યાકુળ મનવાળા થઈને એક નૈમિત્તિકને પોતાની પ્રિયાના દુઃખનું કારણ પૂછ્યું. નૈમિત્તિકે ગૃહબળ વિગેરે જોઇને કહ્યું કે-'આપની પ્રિયાને સૂર્ય પીડા કરે છે તેથી તેની પૂજા કરાવો એટલે તે શાંત થશે.' શેઠે તેનેજ સૂર્યની પૂજા માટે કેટલુંક દ્રવ્ય આપ્યું. નૈમિત્તિકે દ્રવ્ય મેળવવા માટે જુદા જુદા ગ્રહની પીડા કહ્યા કરી અને શેઠે તેની શાંતિ માટે દ્રવ્ય આપ્યા કર્યું.

એ પ્રમાણે ઘણા દ્રવ્યના વ્યયથી પણ પોતાની પ્રિયાને ગુણ થયેલો ન હોવાથી તેણે મોહને લીધે મંત્રવાદીને બોલાવીને તેને બતાવી. એટલે શેઠાણીએ કહ્યું કે-'આપ અસ્થાને દ્રવ્યનો વ્યય ન કરો, હું અનુક્રમે સ્વયમેવજ સજ્જ થઈશ.' દત્તશેઠ બોલ્યા કે-'હે પ્રિયા! શું તારા કરતાં દ્રવ્ય મને વધારે પ્રિય છે કે જેથી દ્રવ્યનો વ્યય ન કરૂં? સુવર્ણવર્ણી સ્ત્રી કરતાં તેના મેલરૂપ ધન શું વધારે વલ્લભ હોય છે ?' જ્યારે શેઠાણીએ વારંવાર વાર્યા છતાં શેઠ દ્રવ્યનો વ્યય કર્યા વિના ન રહ્યા ત્યારે તેણીએ પોતાના હૃદયનો સદ્ભાવ બધો નિવેદન કર્યો. દુઃખનું કારણ કહ્યું. શેઠે તે સાંભળી હાથ ઘસીને કહ્યું કે-'હે પ્રિયા! તેં આ કાર્ય માટે પોતાના આત્માને દુઃખમાં પાડી દીધો તે ઠીક ન કર્યું. હવે હું એવુ કરીશ કે જેથી

તમને પુત્ર પ્રાપ્તિ થશે. મનુષ્યને પ્રયત્ન કરતાં બધી જાતનો લાભ મળે છે.' શેઠના આવાં વચનો સાંભળીને શેઠાણીનાં અંગો તત્કાળ વસંતઋતુના પ્રારંભમાં લતાઓ પ્રફુલ્લિત થાય તેમ પ્રફુલ્લિત થયા.

અન્યદા દત્તશ્રેષ્ઠી પવિત્ર થઈને પોતાના થોડા પરિવાર સાથે, પ્રિયાની હકીકતને લક્ષમાં રાખીને, પૂજાના ઉપકરણો લઇને, પોતાના ગોત્રની વૃદ્ધ સ્ત્રીએ આપેલા 'તમારા મનોરથ સિદ્ધ થાઓ' એવા આશીર્વચનને ગ્રહણ કરીને, હર્ષયુકત સ્વચ્છ મનવાળા થઇ નગરની બહાર નજીકમાં રહેલા એક બગીચામાં મોટા દેવમંદિરમાં રહેલી **કામદુધા** નામની દેવીને આરાધવા માટે ચાલ્યા. ત્યાં જઇને તે દેવીને સ્નપન કરાવી, વિલેપન કરી, ઉત્તમ દ્રવ્યોવડે પૂજીને તે આ પ્રમાણે બોલ્યા કે-'હે દેવી ! અત્યારે તમારા ચરણનુંજ મારે શરણ છે.' એમ કહી પવિત્ર સ્થળે દર્ભના સંથારા ઉપર સત્ત્વવૃત્તિનું અવલંબન કરી ઉપવાસ કરીને તે દેવીનું ધ્યાન કરતા બેઠા. ત્રીજી રાત્રીએ પગમાં રહેલા નુપૂરના સ્વરથી પોતાના આગમનને સૂચવતી તે કામદુધા દેવી પ્રત્યક્ષ થઈ, અને પોતાના દિવ્ય ભૂષણોવડે સર્વત્ર ઉદ્યોત કરતી તે દેવી બોલી કે-'હે વત્સ ! હું તારાપર તુષ્ટમાન થઈ છું, તું યથેચ્છ વર માગ.'

કામદુધા દેવીના આવાં વચનો સાંભળીને શેઠ પોતાના હાથ મસ્તકે સાથે જોડીને હર્ષથી ઉછળતા હૃદયે બોલ્યા કે-'હે દેવી ! જો પ્રસન્ન થયા હો તો મારી સંપત્તિ વિગેરેની રક્ષા કરવાને સમર્થ એવો પુત્ર આપો.' દેવી ખેદવાળા મુખે બોલી કે-'હે શેઠ ! તમે વિરૂપ સમયે (અનવસરે) મને

પ્રાર્થના કરી છે તેથી તમને પુત્ર તો થશે પણ તે તમારો અંત લાવનાર થશે. જો તમે કેટલાક દિવસ પ્રતિક્ષા કરો તો હે વત્સ ! તમને એવો પુત્ર આપું કે જે તમને કીર્તિ, લક્ષ્મી, વિનય અને સુખનો આપનાર થાય.'

તે સાંભળીને શેઠ વિચારે છે કે–' હવે જો હું કેટલાક વખતની પ્રતિક્ષા કરૂં તો મારી પ્રિયા મરણ પામે ને મારી લોકોમાં હાંસી થાય. વળી હું વધારે ઉપવાસ કરી શકું તેમ નથી. તેથી જે ભાવી થવાનું હોય તે થાઓ. ભલે તે પુત્ર મારા આયુષ્યવડે જીવે. વળી મારૂં મૃત્યુ તો પુત્રથી અમુક કાળે થાય પણ મારી સ્ત્રી તો હમણાજ મરી જાય, માટે જે બનવાનું હોય તે બનો.' એમ વિચારીને તે બોલ્યો કે–' હે દેવી ! મને હમણાજ પુત્ર આપો.' દેવીએ કહ્યું કે–' એ બાબતમાં મારો દોષ કાઢશો નહીં. હવે તમે અહીંથી પશ્ચિમ બાજુએ એક આંબો છે તેનું એક ફળ ગ્રહણ કરો ને તે ઘરે લઇ જઈ તમારી સ્ત્રીને આપો, તે ખાવાથી તેને એક પુત્ર થશે.' આમ કહીને દેવી અદૃશ્ય થઇ.

દેવીએ માત્ર એક ફળ લેવાનું કહ્યા છતાં શેઠે તો લોભથી વૃક્ષપર ચડીને ઘણા ફળ ઘણા પુત્ર થવાની વાંચ્છાથી લીધા. પછી તે લઇને નીચે ઉતરી જુએ છે તો પોતાની ફાંટમાં એકજ ફળ છે; બીજા ઝાડ સાથે લટકી ગયેલા છે. તે જોઇ વિસ્મય પામીને પોતાનું અનુચિતપણું વિચારતા શેઠ ઘરે આવ્યા અને તે એક ફળ પોતાની પ્રિયાને આપ્યું. તેણે હર્ષિત થઈને ખાધું. દેવીના પ્રભાવથી તેજ દિવસે તેને ગર્ભ રહ્યો અને તેથી તેના અંગો પણ વૃદ્ધિ પામ્યા.

અતિ તીખો, ખાટો, કટુ અને ખારો ન હોય તેવા આહારને લેતી અને મંદમંદ ચાલતી શેઠાણી તે ગર્ભને ધનવાન ધનને સાચવે તેમ સાચવતી સતી વહન કરવા લાગી. ગર્ભને પુષ્ટ કરનારા સુંદર એવા દોહદોને શેઠ પૂરતા હવા. ગર્ભસ્થિતિ પૂર્ણ થયે દેવ સમાન પુત્રને તે પ્રસવતી હવી. તે વખતે સ્ફુરાયમાન એવા વાજીત્ર ગીત અને નૃત્યવડે મનોહર, અક્ષત પાત્રોનો સમૂહ આવે છે તેવો, મહાજનોને માન્ય થાય તેવો, કુળવધુઓના સમૂહે શોભાવેલો, થાળમાં પૂરેલા પત્ર, સોપારી, શ્રીફળ અને દુકુળવસ્ત્રોવાળો, દુઃખીજનોને મનોરથ કરતાં પણ વધારે દાન જેમાં દેવાય છે એવો અને દેવપૂજાદિ શુભ કાર્ય સંયુક્ત પુત્રજન્મનો વર્ધાપન મહોત્સવ શ્રેષ્ટીએ કર્યો. એક માસ વ્યતીત થયો એટલે રૂપે કરીને દેવકુમાર જેવા તે પુત્રનું નામ માતાપિતાએ ઉત્સવપૂર્વક **દેવકુમાર** પાડયું.

પાંચ ધાવ્યવડે લાલનપાલન કરાતો તે પુત્ર પ્રતિદિન પ્રતિપદાના ચંદ્રની કળાની જેમ વૃદ્ધિ પામવા લાગ્યો. દત્તશ્રેષ્ઠી વિચિત્ર પ્રકારના વસ્ત્રો અને આભરણો પોતાના ચિત્તને તેમજ વિત્તને અનુસરતા તે પુત્ર માટે કરાવવા લાગ્યા. શિક્ષણ આપવાયોગ્ય વય થયે શ્રેષ્ઠીએ કળાચાર્યને બોલાવીને પુત્રને તેને સોંપ્યો. તેની પાસે તેણે સારી રીતે સર્વ કળાઓનો અભ્યાસ કર્યો. પછી શેઠે કળાચાર્યને પ્રસન્ન થઇને એટલું દ્રવ્ય આપ્યું કે જે જીંદગી પર્યંત પરિવારસાથે વાપરતાં પણ ખુટે નહીં.

પછી સમાન કુળશીળવાળા શેઠીઆની કન્યા સાથે પિતાએ મોટા મહોત્સવ સાથે પુત્રને પરણાવ્યો. ત્યારપછી પિતા તેને કાંઈ પૂછતા નથી તેથી તે દુર્જનોની ગોષ્ઠિમાં સુખભોગની

બુદ્ધિએ પડ્યો. તે ખરાબ મિત્રોની સાથે દેવકુળાદિમાં નાટક પ્રેક્ષણાદિ જોવા માટે જવા લાગ્યો અને એમ કરતાં કરતાં વેશ્યાને ઘરે પણ જવા લાગ્યો. પછી તો તે બોલાવ્યા છતાં પણ ઘરે આવતો નહીં. શ્રેષ્ઠીએ પુત્ર સંબંધી વૃત્તાંત પૂછતાં સેવકોએ યથાર્થ કહ્યું કે-'તે પણ્યાંગનાના વિરહે રહી શકતો નથી.'

એકદા રાજાએ રમણિક એવા રત્નાદિકવડે નિર્માણ કરેલા એક દેવકુળમાં તેના માઠી ચેષ્ટાવાળા મિત્રો સાથે તે શ્રેષ્ઠીપુત્ર ગયો. ત્યાં સ્વર્ણમય તોરણની સમિપે એક પુતળી કે જે મણિમય હતી તેને જાણે તે હસતી હોય અથવા બોલતી હોય તેવી તેણે દીઠી. તે પુતળીના અંગોપાંગ આંખનું મટકું પણ માર્યા વિના તે એક ચિત્તે જોવા લાગ્યો. તે એમાં એવો લીન થઇ ગયો કે જેથી ખીલી લીધો હોય, સ્તંભિત થઇ ગયો હોય અથવા ચિત્રામણમાં ચિત્રેલ હોય તેવો જણાવા લાગ્યો. પંચબાણના બાણોથી વીંધાયેલો તે ભૂમિસાથે નિશ્ચળ થઇ ગયો અને બોલ્યો કે-"મેં ચિરકાળે આજેજ નેત્રને લાવણ્યરૂપનું અમૃતનું પાન કરાવ્યું. હે નેત્રો! કહો, તમે શ્રવણોની જેમ અત્યારે કૃતાર્થ થયા? જો કે પ્રથમ સંગમે સ્ત્રીસંબંધી વિચારો આપી શકાય નહીં તો પણ હે સ્ત્રી! મેં તો સરલ દૃષ્ટિએ મારો આત્મા તને અર્પણ કરી દીધો છે. હવે તારે મને મર્મને વિંધે તેવા કટાક્ષોવડે જોવાની જરૂર નથી."

આ પ્રમાણે તેને બોલતો જોઇને તેના મિત્રો હસીને બોલ્યા કે-'હે મિત્ર! તું કોના સામું જોઇને આ પ્રમાણે બોલે છે? આ તો રત્નમય પુતળી છે.' મિત્રોના આ પ્રમાણેના કથનનો વિશ્વાસ ન આવતાં તેણે હાથવડે સ્પર્શ કરી જોયો

એટલે પોતાની ભૂલ થયેલી જોઈને તે લજ્જાથી નમી ગયેલા મુખવાળો થયો. એટલે તેના મિત્રોએ કહ્યું કે-' હે મિત્ર ! એમાં ખેદ કરવા જેવું નથી. જો તને આ પુતળી ઉપરજ પ્રેમ થયો છે તો જેને જોઇને શીલ્પીઓએ આ પુતળી ઘડી છે તે સ્ત્રીજ તને બતાવશું, માટે આની ઉપર આદર શું કરે છે ? ' શ્રેષ્ટીપુત્ર બોલ્યો કે-' પ્રથમ હું રાગરૂપ ગ્રહવડે વિડંબના પામ્યો હતો, અત્યારે તમે મને મિત્ર છતાં પણ છેતરો છો. ' મિત્રોએ બહુ પ્રકારના સોગનોથી તેની ખાત્રી કરી આપી કે અમે છેતરતા નથી. પછી કહ્યું કે-" આ પુતળીની ઉત્પત્તિ શી રીતે થઈ છે ? તેની હકીકત સાંભળ.

કેટલાક વર્ષ અગાઉ અહીં એક સૂત્રધાર દૂર દેશાંતરથી આવ્યો હતો. તે પોતાના વિજ્ઞાનવડે ગર્વિત હતો. તેણે સૌભાગ્યમંજરી વેશ્યાનું રૂપ નિર્માણ કરવાના સંબંધમાં રાજાના સિંહદ્વારે એક પત્ર લખીને ચોડયો. તેમાં લખ્યું કે-' જે કોઇ સૌભાગ્યમંજરીનું પ્રતિબિંબ યથાસ્થિત ઘડી આપશે તેને હું ખરેખરો કુશળ માનીશ, નહીં તો પછી હું ઘડી આપીશ. ' આ પ્રમાણે વાંચીને ઘણા સૂત્રધારો ( સલાટો ) તેનું રૂપ ઘડવા લાગ્યા, પણ તેઓ બરાબર ઘાટ લાવી શકયા નહીં, પછી પરદેશથી આવેલા સલાટે જે પુતળી ઘડી તે આ છે. તેમાં પણ અમુક અંશેજ સમાનતા આવી છે. કેમકે તેણીને તો વિધાતાએ પણ ઘુણાક્ષર ન્યાયેજ ઘડી છે. એટલે પૂરી સમાનતા આવી શકી નથી. "

આ પ્રમાણેની હકીકતથી તે વેશ્યા ઉપર રાગવાળા થયેલા શ્રેષ્ટીપુત્રે ' તે કયાં છે ? ' એમ મિત્રોને પૂછ્યું. મિત્રોએ

કહ્યું કે-' નજીકમાંજ છે. ' એટલે મિત્રોની સાથે તે ત્યાં ગયો. મોટા નિધાનની જેમ તેને આવતો જોઇને અક્કાએ હાક મારી પોતાના સેવકોને બોલાવીને તેની સામે મોકલ્યા. તે આવ્યો એટલે જ્યાં અગરનો ધૂપ થઈ રહ્યો છે, પુષ્પનું ગૃહ કરેલું છે, મોતીઓની માળાઓ લટકાવેલી છે, ચિત્રવિચિત્ર મણિઓવડે ભૂમિતળ બાંધેલું છે, એવા વાસગૃહમાં બેઠેલી અને હીંડોળા ઉપર ઝુલતી, હાથમાં દર્પણ રાખેલી એવી પોતાની પુત્રી સૌભાગ્યમંજરીને અક્કાએ દેખાડી. સૌભાગ્યમંજરી તેને દૂરથી જોતાંજ સસંભ્રમવડે ઉભી થઈ અને સામે જઈ રત્નમય ભૃંગારની ધારાના જળવડે તેના પગ ધોવરાવ્યા. પછી તેણે આપેલા આસન ઉપર દેવકુમાર બેઠો અને સાથે આવેલા મિત્રોને રજા આપી. તેને બહુમાન મળવાથી તેનું મન બહુ પ્રસન્ન થયું. પછી કપટનાટકમાં પટુ ( ડાહી ) એવી અક્કાએ સ્વાગત પૂછવા વિગેરેથી તેને વિશેષ પ્રસન્ન કરવા માંડ્યો. તે બોલી કે-" હે સુંદર ! આજે અમારાં નેત્રો કૃતકૃત્ય થયાં છે. દુઃખોને દૂર કરનાર એવું તમારૂં દર્શન અમને અસાધારણ પુણ્યવડેજ થયેલ છે. તમારા ચરણકમળથી પાવન થયેલું આ ભવન આજે કૃતાર્થ થયું છે. આજે સૌભાગ્યમંજરીને જયપત્ર પ્રાપ્ત થયું છે. "

આ પ્રમાણેના અક્કાના વચનો સાંભળીને તેમજ તેની પુત્રી સૌભાગ્યમંજરીને જોઇને મિત્રોના વચન તેણે સત્ય માન્યા અને પોતાને સ્વર્ગમાં આવ્યો હોય એમ દેવકુમાર માનવા લાગ્યો.

પછી અક્કાએ પોતાની ઉદ્યોગી એવી દાસીઓને હુકમ કર્યો કે 'તમે દેવકુમારને મજ્જન કરાવો.' એટલે તે દાસીઓ દેવ-

કુમારને સ્નાનમંડપમાં લઈ ગઇ અને તેને સારી રીતે સુગંધી તૈલાદિવડે અભ્યંગન કર્યું. પછી જેમ તેને અત્યંત સુખ થાય તેમ તેના શરીરની સંવાહના[1] કરી. પછી મણિમય ઉંચા આસનપર બેસારીને સુગંધી જળવડે સુવર્ણના કળશથી તે દાસીઓએ સ્નાન કરાવ્યું. પછી સુકોમળ વસ્ત્રવડે શરીર લુહીને શોભીતા સુંદર સુકોમળ વસ્ત્રો પહેરવા આપ્યા. તે પહેર્યાં પછી તેના શરીરપર સુગંધી દ્રવ્યોથી વિલેપન કરીને તેને કર્પૂરમિશ્રિત તાંબૂળ આપ્યું. પછી અક્કાએ કહ્યું કે 'તમારે માટે ઉત્તમ રસવતી તૈયાર થાય ત્યાંસુધીમાં તમે આ પલ્યંક ઉપર ઘડીક વિશ્રામ લ્યો.' એટલે તેણે વિશ્રામ લીધો. પછી રસવતી તૈયાર થઇ એટલે સૌભાગ્યમંજરીની સાથે એક થાળમાં દેવકુમાર જમવા બેઠો અને સર્વ ઇંદ્રિયોને પ્રીતિકર એવું સુંદર ભોજન અને બળબુદ્ધિને સહાય કરનાર એવું જળપાન કર્યું.

પ્રદોષ સમયે ભોગના સાધનો સાથે દેવકુમાર સૌભાગ્યમંજરી સાથે સુખોપભોગ ભોગવી આનંદિત થયો. સૌભાગ્યમંજરીએ પોતાના વિજ્ઞાનાદિ ગુણોથી તેને એવો રંજીત કર્યો કે જેથી તે આખા સંસારમાં સારભૂત તેનેજ માનવા લાગ્યો. પછી પોતાની નામાંકિત મુદ્રિકાની નીશાની સાથે વેશ્યાના સેવકોને પોતાને ઘરે મોકલીને તેણે દ્રવ્ય મંગાવ્યું. તેની માતાએ પાંચશેં સોનૈયા મોકલ્યા. એ રીતે વારંવાર દ્રવ્ય મંગાવવાથી ને આવવાથી દ્રવ્યની લોભી અક્કા બહુજ રાજી થઈને દેવકુમારને અધિક અધિક સન્માન આપવા લાગી, રાજી કરવા લાગી અને પોતાની પુત્રીને કહ્યું કે-'તારે પૂર્ણ ભાવથી

---

૧ ચાંપવા ચોળવા તે.

આની સાથે વર્તવુ અને એવો વશ કરી દેવો કે જેથી તે તારો વિરહ સહન કરી શકે નહીં.' પછી સૌભાગ્યમંજરી સંગીતમાં કુશળ એવા ગાયકોવડે અને પ્રેમાકુળ એવી પ્રમદાઓના ગીતનૃત્યવડે તેને તૂર્યત્રિક સંભળાવતી વિશેષ પ્રસન્ન કરવા લાગી. કોઇ કોઇ વખત સૌભાગ્યમંજરી પોતે પણ વીણા વગાડીને ખુશી કરવા લાગી. કોઇવાર ઉદ્યાનમાં જઇ ઉજાણી કરવા લાગી. ગાયન કરનારા દેવકુમારના નામપૂર્વક ગાયન કરવા લાગ્યા. બંદીજનો તેની બિરૂદાવળી બોલવા લાગ્યા. એવી રીતે રત્નમય મંદિરમાં રહેતો દેવકુમાર દિનરાતના વિભાગને પણ ભૂલી ગયો.

આ પ્રમાણે બાર વર્ષ ત્યાં રહીને બાર ક્રોડ સોનૈયા ભોગપંકમાં નિમગ્ન દેવકુમારે અક્કાને ખવરાવ્યા. (મંગાવી દીધા.) અન્યદા એક હજાર સોનૈયા મંગાવવા માટે અક્કાએ દેવકુમારની મુદ્રા લઇને સેવકને તેને ઘેર મોકલ્યો. તે વખતે નામથીજ મહાલક્ષ્મી પણ લક્ષ્મીથી રહિત થયેલી તેની માતાએ આંખમાંથી અશ્રુ સારતાં પોતાના આભૂષણો મોકલ્યા. સેવકે તે હકીકત કહેવા પૂર્વક લાવેલા આભૂષણો દેવકુમાર પાસે મૂક્યા તે જોઇને સૌભાગ્યમંજરી બોલી કે–' આ આભૂષણો તેને પાછા આપી આવો.' એટલે દાસી પાછા આપી આવી. આમ બન્યા છતાં સૌભાગ્યમંજરી તો પ્રથમ પ્રમાણેજ તેની ભક્તિસેવા કરવા લાગી. પરંતુ અક્કાએ તેને કહ્યું કે– ' હે પુત્રી ! તું આ નિર્ધન થયેલાને તજી દે.' એટલે સૌભાગ્યમંજરી બોલી કે–' ક્રોડોગમે દ્રવ્ય આપનાર આ પુરૂષને હું શી રીતે તજી શકું ? માટે ચીરકાળ પર્યંત આજ મારા

સ્વામીપણે હો. મારે દ્રવ્યનું જરૂર નથી; કારણકે નેત્ર વિનાના મુખની જેવા બીજાના ધનથી શું ?.'

આવો પોતાની પુત્રીનો આગ્રહ જાણીને અક્કાએ દાસીઓને સમજાવ્યું કે 'તમારે એવું આ દેવકુમાર સાથે અનુચિતપણું કરવું–તેનું અપમાન કરવું કે જેથી તે પોતાની મેળેજ ચાલ્યો જાય.' અક્કાએ આ પ્રમાણે કહેવાથી દાસીઓ દેવકુમારની આજ્ઞા માને નહીં, માને તો કાળક્ષેપ કરીને કામ કરે અને એને ચાડીયાની જેવો નિર્માલ્ય માને. પ્રભાતે અથવા બીજી વખત એવી રીતે વાસીંદુ વાળે કે જેથી તેની સામે ધૂળ ઉડે. દેવકુમાર કહે કે–' જોતી નથી કે મારી સામે ધૂળ ઉડે છે ?' એટલે તે બોલે કે–' જો તમને ધૂળ પસંદ ન પડતી હોય તો આડું લુગડું રાખતા શું થાય છે ?' આમ કહીને અંદર અંદર હસે. અક્કા તે વખતે કૃત્રિમ કોપ કરીને દાસીઓને ઠપકો આપે. આ બધું જોઇને દેવકુમારે વિચાર્યું કે– " આ બધો જરૂર મને ઘરમાંથી કાઢવાનો પ્રયત્ન જણાય છે. પણ્યાંગના(વેશ્યા)નો આચારજ એવો છે કે નિર્ધન મનુષ્યને તે તજી દેય છે. જો કે મને આના વિના બીજે મનઈચ્છિત વિષયસુખ મળી શકે તેમ નથી, તો પણ હું ઘરે જઇને દ્રવ્ય ઉપાર્જન કરવાનો પ્રયત્ન કરૂં."

આ પ્રમાણે વિચારીને તેણે શૃંગારસુંદરીને કહ્યું કે–' હે પ્રિયે ! મને અહીં રહ્યા બાર વર્ષ થઇ ગયા છે તો મને માતાપિતાને વંદન કરવા માટે જવાની ઉત્કંઠા થઈ છે, તેથી હું જઈ આવું.' વેશ્યા બોલી કે–' શું મારી તરફથી તમારી સેવામાં કાંઇ ખામી આવી છે ? કે તમારૂં કાંઇ માનભંગ

થયું છે ? અથવા મારાથી કાંઈ આપનો અપરાધ થયો છે ? કે જેથી આપનો પ્રેમ આમ મંદ પડ્યો છે ? ” દેવકુમારે કહ્યું કે-‘ હે પ્રિયે ! તેં કહ્યું તેમાંનું કાંઈ થયું નથી, માત્ર મારો વિચારજ મારા માતાપિતા પાસે જવાનો થયો છે, તેથી ત્યાં જઈને વળી કેટલાક દિવસ પછી પાછો અહીં આવીશ. ’ આ પ્રમાણે કહીને તે શોક રહિત ચિત્તે પોતાને ઘરે આવ્યો. એટલે અક્કા પોતાનું ધાર્યું થવાથી રાજી થઈ અને પોતાનો આચાર જળવાણો એમ સમજી.

દેવકુમારે ઘરે જઇને માતાને નમસ્કાર કરીને પૂછયું કે-‘ હે માતા ! આ ઘર જીર્ણ કેમ થઇ ગયું જણાય છે ? અને આપણા પરિજનો કેમ જણાતા નથી ? મારા પિતા કયાં છે ? તમારી સ્નુષા ( પુત્રવધુ ) કયાં છે ? ’ માતા બોલી કે- “ હે વત્સ ! ધન વિના ઘર આવું જીર્ણ થઇ ગયું છે. પરિજન પણ તેથીજ ચાલ્યો ગયો છે. શ્રેષ્ઠી દુકાને ગયા છે, પણ દ્રવ્ય નથી કે જેથી તે કાંઈપણ વ્યાપાર કરી શકે. નિરાશ થયેલી વહુ તેને પિયર ગઇ છે. હે પુત્ર ! આટલે વર્ષે પણ તને ઘર સાંભર્યું તે ઠીક થયું. હવે એવું કર કે અમારૂં દુઃખ મટે. બાકી બીજાને પુત્રથી સુખ થાય ત્યારે અમને તો દુઃખ થયું છે. અમે મોહના વશથી તને માઠા સંસર્ગમાં જવા દીધો-ઇરાદાપૂર્વક મૂકયો અને પછી મેં હે પુત્ર ! તારે માટે તમામ દ્રવ્ય વિણસાડયું. ” આ પ્રમાણે બધી હકીકત સાંભળીને અક્કાએ કરેલા પરાભવથી, વેશ્યાના વિરહથી, નિર્ધનપણું થઈ ગયેલ જાણવાથી, માતાના ઉપાલંભથી અને પિતાના ભયથી દેવકુમારને અત્યંત દુઃખ થયું. તે દિશા-

શૂન્ય થઈને ચોતરફ જોવા લાગ્યો. પછી વિચાર્યું કે-"જ્યાં સુધી મેં પિતાનું ધન વાપર્યું તેટલું પેદા કરીને લાવી ન દઉં ત્યાં સુધી હું તેનો અનૃણી થઇ શકું નહીં, તેથી હવે દ્રવ્ય ઉપાર્જન કરવાનો પ્રયત્ન કરૂં. કાળ વિલંબે કરીને તો અનેક ઉપાયો કરતાં તેટલું દ્રવ્ય મળી રહેશે પણ જો વગર-વિલંબે તેટલું દ્રવ્ય મળે એવો ઉપાય મળી જાય તો ઠીક."

આ પ્રમાણે વિચારતો દેવકુમાર આમ તેમ ભમે છે, તેવામાં તેને એક યોગિની મળી. દેવકુમારે તેને નમસ્કાર કર્યો, એટલે તેણીએ 'કોડ દીવાળી સુધી જીવ.' એવી આશીષ આપી. દેવકુમાર બોલ્યો કે-'હે માતા! એવી આશીષ ન આપતાં એમ કહો કે જલદી મરી જા; કેમકે દુઃખી અવસ્થામાં જીવવાથી શું?' યોગિની બોલી કે-'હે વત્સ! તારા દુઃખનું કારણ શું છે?' એટલે તેણે કહ્યું કે-'દ્રવ્યનો અભાવ તેજ મારા દુઃખનું કારણ છે.' એટલે યોગિનીએ તેની ઉપર કૃપાથી તેને એક ગુટિકા આપી અને કહ્યું કે-'આ ગુટિકાના પ્રભાવથી તું યથેચ્છરૂપ કરી શકીશ અને પાછો પોતાના સ્વરૂપમાં આવી શકીશ. તને પુત્ર થશે તે તને અસલ રૂપમાં જોશે એવો એનો કલ્પ છે. આ ગુટિકાની શક્તિથી તને અનેક જાતનો લાભ મળી શકશે.' આ પ્રમાણે ગુટિકા મળવાથી તે કાંઇક રાજી થઇ યોગિનીને નમસ્કાર કરીને પોતાના સ્થાન તરફ ચાલ્યો. અહીં તેના પિતા ઘરે આવ્યા ત્યારે દેવકુમારની માતાએ તેમને કહ્યું કે-"દેવકુમાર આજે ઘરે આવ્યો છે અને મેં તેની નિર્ભર્ત્સના કરી તેથી તે ચાલ્યો ગયો છે. હવે તમારે તેને કાંઇ કહેવા જેવું નથી; કારણકે વધારે કહેવાથી

વખતપર તે કાંઇ અનર્થ કરી બેસે કે કયાંઇ જતો રહે.” શેઠ એ સાંભળી મૌન રહ્યા. દેવકુમાર સાંજે ઘરે આવ્યો.

અન્યદા શક્રમહોત્સવ આવ્યે સતે સર્વજનોને તે પર્વને અંગે આકુળવ્યાકુળ દેખીને દેવકુમારના મનમાં આવો કુવિકલ્પ થયો કે–‘ આજે રાજકુળમાં જઇને ચોરી કરૂં કે જેથી એક ચોરીથીજ મારા મનોરથ પૂરા થાય. વારંવાર નાની નાની ચોરી કરવાથી શું ? સિંહ તો હાથીના કુંભસ્થળ ઉપરજ ચપેટો મારે, તે કાંઇ તૃણ ખાનારા મૃગના યુથને વતાવે નહીં.’ આ પ્રમાણે વિચારી મધ્યરાત્રે યમની જીહ્વા જેવી તીવ્ર તલવાર હાથમાં ગ્રહણ કરી, દૃઢ વસ્ત્રથી મજબૂત રીતે મોઢું બાંધી સાહસિક બનીને ‘ શક્રમહોત્સવ જોવા જઉં છું.’ એમ દુકાને બેઠેલા પોતાના પિતાને કહીને તે ચાલ્યો. તેના ગયા પછી દત્તશ્રેષ્ઠીએ વિચાર્યું કે–‘ આ આવી રીતે જાય છે તે ઠીક નથી, તો હું એની પછવાડે જઇને જોઉં કે એ કયાં જાય છે ? ’ આમ વિચારી શેઠ તેની પાછળ દુકાન બંધ કરીને ચાલ્યા. શ્રેષ્ઠીપુત્ર રાજમંદિરના પાછલા દ્વાર ભણીજ ચાલ્યો. દૈવયોગે તે દ્વારમાં એને સંધી મળી ગઇ તેથી લાગ જોઇને તે સંધીવડે માર્ગ કરી દેવકુમાર રાજમહેલમાં પેઠો. ત્યાં તેણે એકલા રાજાને પલ્યંકમાં સુતેલા દીઠા. તે પલ્યંકના પાયા તેણે અમૂલ્ય મણિના જડેલા જોયા. તેણે વિચાર્યું કે–‘ આખા રાજ્યના સારભૂત આ ચાર પાયા જણાય છે. ’ એમ વિચારી તેનો એક પાયો તેણે કાઢ્યો ને તે ઠેકાણે ખુરશી મૂકી દીધી. તેજ રીતે તેણે બીજો ને ત્રીજો પાયો પણ કાઢ્યો. તે વખતે તેની પાછળ આવેલા શેઠે અપદ્વારથી રાજમહેલમાં

પુત્રને પેસતો જોયો. તે જોઇને ભય પામેલ શેઠ વિચારવા લાગ્યા કે–" અત્યારે મારો અવસાન કાળ આવ્યો જણાય છે. દેવીનું વચન મિથ્યા થાય નહીં. મેં તે વખતે પુત્રપ્રાપ્તિની ઉત્સુકતામાં દુઃપુત્ર પણ થાય તો થાઓ, એમ માગવાની ભૂલ કરી હતી. આ પુત્રે પ્રથમ મારા સર્વ દ્રવ્યનો વિનાશ કર્યો એટલે દ્રવ્યરૂપ પ્રાણ લીધા, હવે બીજા પ્રાણ રહ્યા છે તેનો આ હકીકતની ખબર બહાર આવતાં વિનાશ થશે. આ જગ્યાએ સવારે રાજપુરૂષો આવશે અને આ ચોરીની હકીકત જાણશે એટલે તેના ચોર તરીકે મારા પુત્રને પકડવાથી મારા વંશનો પણ વિચ્છેદ થશે. માટે જે રીતે વંશવિચ્છેદ ન થાય તેમ મારે કરવું જોઇએ. પણ તે શી રીતે કરૂં ? હું દૂર હતો ત્યાં પુત્ર તો સાહસ કરીને આમાં પેસી ગયો, જેથી હું તેને અંદર પેસતાં રોકી શકયો નહીં; હવે હું આ અપદ્વારથી અંદર પેસી શકું તેમ નથી."

આ પ્રમાણે વિચારી શેઠે આમતેમ આંટા માર્યા; પછી તો તે પણ સાહસ કરી ધૃષ્ટતાનું આલંબન કરીને તે સંધીવાળા માર્ગે અંદર પુત્રને જોવા માટે પેઠા. એટલે તેણે ખાત્રને મોઢે પલ્યંકના ત્રણ પાયા જોયા. તેથી પુત્ર અહીંજ છે, એમ તેણે જાણ્યું. તરતજ 'હે દુઃપુત્ર !' એમ કહીને તેને બોલાવ્યો. પુત્રે તેને દીઠા. શેઠે કહ્યું કે 'આ પાપથી પાછો વળ.' એટલે પુત્ર બોલ્યો કે–'હે તાત ! કામ થવાનું થઇ ગયું છે, માટે હવે બોલશો મા.' પિતા આઘે જઇને જુએ છે ત્યાં તો પુત્રે જેવો ચોથો પાયો ખેંચ્યો તેવોજ રાજા નિદ્રામાંથી જાગી ગયો. પછી તે તલવાર લઇને તૈયાર થાય છે

તેવામાં દક્ષપણાથી તે વાતને સમજી ગયેલ પુત્ર તરતજ ત્રણ પાયા લઇને અપદ્વારની સાંધમાંથી બહાર નીકળી ગયો. શેઠ તેની પાછળ માથું સાંધમાંથી બહાર કાઢીને નીકળવા જાય છે તેવામાં રાજા ત્યાં આવી પહોંચ્યો અને તેણે શેઠના પગ પકડ્યા. હાથ બહાર રહેલા દેવકુમારે પકડ્યા, એટલે રાજા ખેંચીને અંદર લઇ શક્યો નહીં.

દત્તશેઠે પુત્રને કહ્યું કે–' તું મારૂં માથું કાપી તે લઇને ઉતાવળે ભાગી જા, જેથી મારૂં ઘણા કાળથી રક્ષણ કરેલું યશરૂપી શરીર નાશ ન પામે.' પુત્ર બોલ્યો કે– ' હે પિતા ! હું પિતાના ઘાતનું પાપ કેમ વહોરૂં ?' એટલે શેઠે પોતાની ગાંઠે બાંધેલું તાળપુટ વિષ મોઢામાં નાખી દીધું. એ રીતે તાળપુટ વિષથી પિતાને મરેલા જાણી પુત્ર વિચારવા લાગ્યો કે–" મને ધિક્કાર છે ! હું મારા આ પાપકારી આત્માને છરીવડે હણી નાખું, પણ અમે બન્ને મરણ પામશું તો પછી અમને અગ્નિસંસ્કાર પણ કોણ કરશે ? અને આ હકીકત સાંભળીને હૃદય વિદીર્ણ થઇ જવાથી મારી માતા પણ તરતજ મરણ પામશે. પછી લોકો કહેશે કે– ' નિર્ધન થઇ જવાથી પિતા પુત્ર બંને ચોરી કરવા ગયા હતા, તેમાં મરાણા.' આમ થવાથી નિષ્કલંક એવા મારા પિતાને કલંક લાગશે. વળી આ કાર્યથી સજ્જનો શ્યામ મુખવાળા થશે અને દુર્જનોને હાસ્યનું કારણ મળશે, તેથી કોઇ રીતે તેમ ન થાય તો ઠીક. બાકી ભવિતવ્યતા તો કાયાની છાયાની જેમ દુર્લંઘ્ય છે; તે ટાળી શકાતી નથી. નહીં તો મારે ચોરી કરવા નીકળવું, પાછળ પિતાનું આવવું, રાજાનું

જાગી જવું, આ બધું ક્યાંથી બને ? હવે પિતા વિના આ રત્નમય ત્રણ પાયા પણ શા કામના છે, માટે તે મૂકીને ચાલ્યો જઉં; પણ તાતની ગેરહાજરીમાં એ પાયા મને અવલંબનભૂત થશે માટે તે લઇ જઉં અને પિતાનું માથું લઈ જાઉંને તેને અગ્નિસંસ્કાર કરૂં." આ પ્રમાણે વિચારીને તે ત્રણ પાયા તથા પિતાનું માથું લઇને ઉતાવળે ઘરે આવી ગુપ્ત રીતે ઘરમાં દાખલ થઈ ગયો. તેના ગયા પછી રાજાએ શેઠના પગ ખેંચ્યા એટલે એકલું કબંધ (ધડ) આવ્યું.

અહીં દેવકુમારે ત્રણ પાયા સારી રીતે ગોપવીને પિતાના મસ્તકની પૂજા કરી તરતજ તેનો અગ્નિસંસ્કાર એકાંતમાં કરી દીધો. તે વાતની તેની માતાને પણ ખબર પડવા દીધી નહીં. માતાને કહ્યું કે ' મારા પિતા બહારગામ ગયા છે તે થોડા દિવસ પછી આવશે.' પ્રાતઃકાળે રાજા રાજસભામાં આવ્યો અને તેણે આ બધી વાત મંત્રી વિગેરેને કરી, એટલે તેઓ બોલ્યા કે-' જરૂર આ ચોર સિદ્ધ થયેલો જણાય છે, નહીં તો દુઃખે પ્રવેશ કરી શકાય એવા મહેલમાં તે સાંધ મેળવી-તેને તોડીને અંદર શી રીતે પેસી શકે ? વળી પલ્યંકના ત્રણ પાયા પણ શી રીતે લઇ જઇ શકે ?' દત્તપુત્ર પણ રાજસભામાં શું થાય છે ? તે જાણવા માટે ત્યાં આવ્યો હતો અને રાજાને નમસ્કાર કરીને પોતાના પિતાને સ્થાને બેઠો હતો.

હવે મુખ્યમંત્રીને રાજા કહે છે કે-" હે મંત્રી ! જેણે પોતાની બુદ્ધિથી આ પ્રમાણે કર્યું છે તે જરૂર આ કબંધને જોઇને રૂદન કરશે. કેમકે આ ચોરી કરવામાં બે જણા હતા એમ તેમના પરસ્પરના બોલવાથી મેં જાણ્યું છે,

માટે આ કબંધ ઉપાડીને સિંહદ્વારે મૂકવું અને તેને જોઇને જે રૂએ તેને કોટવાળે તરતજ પકડી લેવો." તે સાંભળીને દેવકુમાર બોલ્યો કે—'હે મહારાજ ! બહુ સારો હુકમ કર્યો છે; પણ ચોરે આ કાર્ય રાત્રે કર્યું છે તેથી તે પાછો રાત્રે આવશે, માટે રાત્રે વધારે સંભાળ રાખવાનું કહો.' એટલે રાજાએ કોટવાળને કહ્યું કે–'તારે રાત્રે વધારે ચોકસી રાખવી.' દેવકુમારે વિચાર્યું કે–'નગરલોક સમક્ષ રૂદન ક્રિયા કરીને રાજાને વિલખો કરૂં ત્યારે ખરો.' તેણે આવી પ્રતિજ્ઞા કરી. પછી તેનો ઉપાય ચિંતવતો તે નગરની બહાર ગયો. ત્યાં તેણે કોઇ વૃદ્ધાને છાશ વેચવા માટે આવતી દીઠી. દેવકુમારે તેને કહ્યું કે–'મટકી સાથે છાશ આપી દેવાનું શું લઇશ ?' તેણે જે મૂલ્ય કહ્યું તે કરતાં વધારે મૂલ્ય આપીને તેને રાજી કરી. પછી ચારે બાજુ જોઇને તેને પોતાના વસ્ત્રો આપ્યા અને તેના વસ્ત્રો અલ્પ મૂલ્યવાળા કંબળ વિગેરે પોતે લઇ લીધાં. રાજી થયેલી એવી તે ડોશીને વિદાય કરીને પોતે મોઢામાં ગુટિકા રાખીને તેની જેવો વેશ કરી નગરલોકના જોતાં છાશ વેચનારી તરીકે ગામમાં ચાલ્યો. રાજમહેલના સિંહદ્વારે લોકોને એકઠા થયેલા જોઇને તે નિર્ભયપણે બોલ્યો કે–'છાશ લ્યો, છાશ લ્યો.' એમ બોલતાં તેણે એક પત્તિ ( સીપાઇ ) ને પૂછયું કે–'અહીં આ બધા લોકો કેમ મળ્યા છે ને શું જુએ છે ? તે સાચે સાચું બરાબર મને કહે.' તે સીપાઈ પેલું ધડ જાળવવામાં વ્યગ્ર હોવાથી છાશવાળીના બોલવાનો તેણે ઉત્તર આપ્યો નહીં, પણ આણે તો વારંવાર–ઉપરાઉપર પૂછવા માંડયું; વિસામોજ ન ખાધો. એટલે પેલા સીપાઇએ અકળાઈને કહ્યું

કે-' આ રાંડ તો મુંગીજ રહેતી નથી.' એમ કહીને તેના-પર આક્રોશ કર્યો, એટલે તે એકદમ જમીન ઉપર પછાડ ખાઇને પડી ગયો, તેનું મટકું ફુટી ગયું ને છાશ ઢોળાઇ ગઇ. તેથી તે ઉંચે સ્વરે રોવા લાગ્યો અને બોલ્યો કે-' હે માતા ! હું ઘરે આવીને તમને શું જવાબ આપીશ.' તેનું આવું રૂદન સાંભળીને મધ્યસ્થ જનોએ તેને પૂછયું કે-' તું શા માટે રૂએ છે ? ' ત્યારે તે બોલ્યો કે-" હું પાસેના ગામડામાંથી છાશ વેચવા આવી હતી. મેં અહીં આવીને આ લોકો શું જુએ છે ? એમ આ સીપાઇને પૂછયું, એટલે એણે મને ધકો મારીને પાડી દીધી. મારૂં મટકું ફુટી ગયું ને છાશ બધી ઢોળાઇ ગઇ. હવે ઘરે જઇને હું શું જવાબ આપીશ ? મને ઘરમાંથી કાઢી મૂકશે ત્યારે હું કોને ઘરે જઇને શયન, આસન કે ભોજન કરીશ ? મારી દુઃખીની સંભાળ કોણ કરશે ? હા ઇતિ ખેદે ! પિતાના વિયોગથી હું દુઃખનું ભાજન તો થયેલ છું, તો હવે મને અત્યારે આધાર આપનાર અને શરણભૂત કોણ થશે ? "

આ પ્રમાણે તેને રોતી ને બોલતી જોઇને મધ્યસ્થ જનોએ તલારક્ષ( કોટવાળ )ને કહ્યું કે-" આને મટકીનું ને છાશનું મૂલ્ય આપો. આ રાંક છે, નિર્ધન છે, એને ભોજનનો પણ સંશય છે-ઠેકાણું નથી, તેથી એને કાંઇક આપો કે જેથી તે પોતાને ઠેકાણે જાય." એ રીતે લોકોના કહેવાથી કોટવાળે તેને કૃપાવડે અમુક પૈસા આપ્યા, જેથી તે ત્યાંથી ચાલ્યો ગયો ને મોઢામાંથી ગુટિકા કાઢીને અસલ રૂપમાં આવી ઘરે ગયો. પછી પિતાના મરણ વખતે તેમનો અગ્નિ-

અંસ્કાર કરવાની કરેલી પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા માટે તે બપોરે પાછો રાજમહેલ પાસે આવ્યો.

તે વખતે રાજાએ ત્યાં આવી આરક્ષકને કોઇ આવ્યા ગયા બાબત પૂછ્યું, એટલે એક માણસે છાશ વેચનારી સંબંધી બધો વૃત્તાંત કહ્યો. રાજાએ તે વાત સાંભળીને કોટવાળને કહ્યું કે–" જરૂર એ સ્ત્રીરૂપે તને ઠગી ગયેલ છે. તે ચોરજ હતો એમ સંભવે છે. એણે કપટથી તને મોહ પમાડી ભોળવ્યો છે. તે કેવળ પોતાના બાપના વિરહ સંબંધી રૂદન કરી ગયેલ નથી, પણ મટકી ને છાશનું મૂલ્ય લઈ જઇને તને વધારે ઠગી ગયેલ છે. પોતાના બાપના વિરહ સંબંધી દુઃખને લઇને રૂદન કરવાનું બોલ્યા છતાં તું તે સમજી શકયો નથી. તે બુદ્ધિમાન્ ચોરે પોતાની અડધી પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે અને હું ધારૂં છું કે તે કબંધને લઇજઇને પોતાની આખી પ્રતિજ્ઞા પૂર્ણ કરશે. માટે તમે આ કબંધને સ્મશાનમાં લઇ જાઓ ત્યાં એને અગ્નિસંસ્કાર કરવા એનો પુત્ર જરૂર આવશે. " તે વખતે દેવકુમાર બોલ્યો કે–' ચોરને મેળવવાનો ઉપાય આવો આપની જેવો બીજો કોણ બતાવી શકે ? ' આ પ્રમાણે કહીને રાજાની પ્રશંસા કરી. રાજાએ પોતાના સુભટોને કબંધ જાળવવાની અને ત્યાં સ્ત્રી કે પુરૂષ જે આવે તેને પકડવાની આજ્ઞા કરી. ચોરના બુદ્ધિપ્રયોગથી નગરજનો પણ ચમત્કાર પામ્યા. કોટવાળ પણ રાજાના આદેશથી ગામમાં સર્વત્ર ચોરને શોધવા માટે ફરવા લાગ્યો. રાજાની આજ્ઞા પ્રમાણે કબંધને સ્મશાનમાં લઇ જવામાં આવ્યું. સુભટો તેની ચોકી કરવા લાગ્યા.

હવે મધ્ય રાત્રે ખડી ગેરૂ અને કાજળવડે વિચિત્ર

કરેલા અંગવાળું, કપિના રૂવાંડાથી પણ મોટા દાઢી મુછવાળું, કોડીઓના ઘરેણાવાળું, કંઠમાં નાખેલી લાંબી લીંબુડાની છાલવાળું, બહારથી મોરના પીંછાવાળું, છીપના કકડા જેવી બે દાઢ બહાર નીકળેલું, બે સ્કંધ ઉપર સ્થાપન કરેલા પાંચ પાંચ દીવાવાળું, શબ્દ કરતી એવી બે પાદુકા જેણે પગમાં પહેરી છે એવું, માથા ઉપર બહુ છિદ્રવાળો ને અંદર દીપકવાળો ઘડો રાખવાથી ભયંકર જણાતું, કેશ છુટા મૂકેલું અને ફેત્કારો કરવાવડે સાચા પિશાચની શંકા કરાવે તેવું, ઉદ્દામ એવા ડમરૂના શબ્દવડે આકાશને ધ્વનિત કરતું અને સુભટોને બીવરાવે એવું તે દેવકુમારે પિશાચનું રૂપ વિકુર્વ્યું. તેને જોતાંજ સુભટોના ચિત્ત ચિંતાવડે કંપાયમાન થઇ ગયા. અને અંદર અંદર કહેવા લાગ્યા કે–' આ કોઈ ભયંકર ભૂત આવે છે, અથવા એકદમ આપણને ગળી જવાની લાલસાવાળી પ્રત્યક્ષ મારી ( મરકી ) આવતી જણાય છે, માટે આપણે અહીંથી એકદમ ભાગી જઈએ, જીવિતની ઇચ્છાવાળાએ અહીં ઉભા રહેવું ઠીક નથી. રાજા પણ કાંઇ આવો આપણો દંડ નહીં કરે. આ તો તેના કરતાં હજારગણો દંડ અહીં થઈ જાય તેવું છે. '

તે વખતે તેમાંથી એક બુદ્ધિમાન સુભટ બોલ્યો કે– ' આપણે દૂર જઈને મૌનપણે ઉભા રહેવું, જો અહીંથી ભાગી જઈએ તો તો કલંક લાગે. આપણા દૂર જવાથી કોઈના પણ મૃતકથી આ મારી તૃપ્ત થઇને ચાલી જશે. ' આ પ્રમાણે વિચારીને તે વૃક્ષના અંતરમાં જઇને સંતાઈ ગયા અને હલ્યાચલ્યા વિના બેસી ગયા. એટલે પેલો પિશાચરૂપધારી દેવકુમાર ત્યાંથી કબંધ ઉપાડીને દૂર લઈ

ગયો. પછી નદીમાં તણાઇ આવેલા કાષ્ટો ભેળા કરી ઘડામાં રાખેલા અગ્નિવડે સળગાવી કબંધને અગ્નિસંસ્કાર કર્યો અને પોતે વનમાં જઇ શરીર પખાળી-સ્નાન કરીને પોતાના અસલ રૂપે ઘરે ગયો.

પ્રભાતે સારાં વસ્ત્રો પહેરી રાજદ્વારમાં જઇ રાજાને નમસ્કાર કરીને પોતાને સ્થાને બેઠો. હવે સવારે રાજસુભટોએ રાજસભામાં આવી રાજાને આ પ્રમાણે નિવેદન કર્યું કે-' હે રાજન્ ! અર્ધ રાત્રે સ્મશાનમાં મારી (મરકી) આવી હતી. તેને અમે રોકી શકયા નહીં, પણ અમને લાગે છે કે તે ચોરજ હતો. તેણે એવું રૂપ કરી બુદ્ધિવડે અમારા મધ્ય-માંથી શબ ઉપાડી દૂર લઇ જઇને તેને અગ્નિસંસ્કાર કર્યો. અમે પાછા વળી ત્યાં જઇને જોયું તો કબંધ દીઠું નહીં.' તે સાંભળીને રાજાએ તેઓને કહ્યું કે-' તમે ઘણા છતાં ગમે તે કારણે તેને કાંઇ કરી શકયા નહીં. તમે ભીરૂ થઇ જઇને તેને મરકી જાણી. ઘણે કાળે તમારા સુભટપણાને મેં જાણી લીધું.' આ પ્રમાણે કહીને રાજાએ તે બધાને પોતાના દેશપાર કર્યા. પછી કોટવાળને પૂછ્યું કે-' તેં શું કર્યું ? ચોરનો પત્તો મેળવ્યો ?' એટલે તે બોલ્યો કે-' હું તેને મેળવી શકયો નથી.' હવે મંત્રી રાજાને કહે છે કે-' હે મહારાજ ! તે ચોર મહા બુદ્ધિશાળી જણાય છે. જે રાજ્યની સાર વસ્તુને લઇ જઇને હજુ પોતાનું ધાર્યું કર્યા કરે છે. હે દેવ ! તે પોતાના વડીલની રાખ સમુદ્રમાં અથવા જળમાં નાખવા જરૂર લઇ જશે, માટે તે રક્ષા જાળવવાનો બંદોબસ્ત કરવા કોટવાળને કહો.' એટલે રાજાએ તલારક્ષને તે કાર્ય માટે આદેશ કર્યો. તે વખતે દેવ-કુમાર બોલ્યો કે-' હે દેવ! મંત્રીની બુદ્ધિ બહુજ વિશુદ્ધ છે.'

હવે કોટવાળ રાખને જાળવવા માટે પોતેજ તે સ્થાનકે રહ્યો. ત્યાં પોતાને રહેવાની શય્યા વિગેરેની ગોઠવણ કરી. એ પ્રમાણે તે ત્રણ રાત્રી સુધી રહ્યો પણ કોઈ ત્યાં આવ્યું ગયું નહીં, તેથી તે ભગ્નોત્સાહ થઇ ગયો. ચોથે દિવસે દત્તપુત્રે તેને ઠગવા માટે કમળશ્રી નામની વેશ્યાનું રૂપ ગુટિકાવડે કર્યું; અને કોઇ ગામથી આવે છે એમ બતાવતી તે સાંજને વખતે નદી ઉતરી. કોટવાળના સીપાઇઓએ મોટી મુક્તાફળના હારવાળી તેને જોઈ; એટલે તેમણે કોટવાળ પાસે જઇને તે વાત કરી. તેણે પોતાની પાસે લાવવા કહ્યું. તે તેની પાસે આવી એટલે કોટવાળે કહ્યું કે–'તમારા આવવાથી આજે મારી રાત્રી આનંદમાં જશે, પણ હે પ્રિયે! તમે આજે કયાંથી આવો છો?' કમળશ્રી બોલી કે–'હું મારી ઈષ્ટદેવીની યાત્રા કરવા ગઈ હતી, ત્યાંથી પાછી વળતાં અહીં આવી છું, પણ રાત્રી પડી જવાથી હું નગરમાં જઇ શકતી નથી, કેમકે મારી પાસે અલંકાર વિગેરે કેટલુંક જોખમ છે અને જો નહીં જઉં તો મારી માતા મારી ચિંતા કરશે, માટે આપ મને સહાય આપો કે જેથી હું નગરમાં જઇ શકું. વળી હે પ્રિય! મારે દેવીયાત્રા નિમિત્તે બ્રહ્મચર્ય પાળવાનો અભિગ્રહ છે, તેથી હું બીજી રીતે તમને આનંદ આપી શકું તેમ નથી.' આ પ્રમાણે સાંભળીને કોટવાળ નિરાશ થવાથી વજ્રાહત જેવો થઈ ગયો. તે બોલ્યો કે–'હે પ્રિયા! કયાં હું તારા પ્રત્યે ઉત્કંઠાવાળો અને કયાં તારૂં બ્રહ્મચારીપણું! મારી ધારણા બધી નિષ્ફળ ગઈ છે, તો પણ તું થોડીકવાર તો મારી પાસે રહે જેથી વિનોદ રહિત થયેલા મને તારી સાથે દ્યૂતક્રીડા વિગેરે કરવાથી કાંઇક આનંદ થાય. પછી હું તને અહીંથી

જવા માટે સીપાઈઓ આપીશ, જેથી તું નિર્વિઘ્ને જઈ શકીશ.'

કમળશ્રીએ તે વાત કબુલ કરી એટલે ત્યાં રહેલા રક્ષાવાળા ક્ષાર ઉપર દ્યૂત રમવાનું ફલક (પાટીયું) મૂકીને દ્યૂત રમવાનું શરૂ કર્યું. કોટવાળે પણમાં પોતાની નામાંકિત મુદ્રિકા મૂકી. તે કમળશ્રીએ જીતી લઇને પોતાને સ્વાધીન કરી. પછી તે 'હવે હું જઇશ.' એમ કહીને ઉઠી એટલે તેને છેડે વળગેલા કોટવાળનો હાથ તેના ડોકમાં રહેલી લાંબી મુક્તામાળાને અડ્યો. કમળશ્રીએ લઘુલાઘવીકળાથી તરતજ માળા ત્રોડી નાખી એટલે તેના મોતીઓ નીચે પડવ લાગ્યા. એ પ્રમાણે ઘણા મોતી પડી જવાથી કમળશ્રી બોલી કે–'હવે આ ક્ષારમાંથી મારા મોતી શી રીતે જડશે? તમે તો મારી માળા ત્રોડીને બહુ ખરાબ કર્યું. શા ભોગ લાગ્યા કે હું અહીં આવી! હવે હું મારી માતાને શું ઉત્તર આપીશ?' એટલે કોટવાળ બોલ્યો કે–'તું ખેદ ન કર, તારૂં એક પણ મોતી હું જવા નહીં દઉં અને જશે તો હું ભરી આપીશ. હમણા આ ક્ષાર બધો વસ્ત્રવડે ભેળો કર અને તેમાંથી જેટલા તારા મોતી મળે તેટલા ગ્રહણ કર.' આ પ્રમાણે કામદેવના બાણથી હણાયેલા કોટવાળે રાજાનો હુકમ ભૂલી જઈ તે કમળશ્રીમાં તદ્‌ગત ચિત્તવાળો થઇને કહ્યું. પછી ત્યાંથી કમળશ્રીએ ક્ષાર બધો આઘો કરવા માંડ્યો કે જેથી તે નદીના તીર પાસે પહોંચી ગયો. એ રીતે રાખ નદીમાં નાખી દેવાની ધારણા તેણે પાર પાડી. અને તેમાંથી કમળશ્રીએ પોતાના મોતી બધા વીણી લીધા. છેવટે કોટવાળે કહ્યું કે–'આ મારી વીંટી તમે જીતી લીધી છે તે કાલે તેની કિંમત મોકલીને હું મંગાવી લઈશ.' આ પ્રમાણે કહી તેને તાંબૂળ આપીને પોતાના

સુભટો સાથે વિદાય કરી. તે સુભટો નગરના દ્વાર પાસે તેને પહોંચાડીને પાછા વળ્યા.

પ્રભાતે દત્તપુત્ર રાજસભામાં ગયો અને રાજાને નમીને પોતાને સ્થાને બેઠો. એટલામાં કોટવાળ પણ આવ્યો અને તેણે નિવેદન કર્યું કે-' સાહેબ ! ચાર દિવસ સુધી હું ત્યાં રહ્યો પણ ત્યાં કોઇ આવ્યું નથી.' એટલામાં કોઈ બીજું માણસ આવ્યું, તેને રાજાએ પૂછયું કે-' કેમ ત્યાં કોઇ આવ્યું હતું ? ' એટલે તેણે કમળશ્રી સંબંધી બધો વૃત્તાંત કહ્યો. તે સાંભળીને રાજા બોલ્યો કે-' તે કમળશ્રી ન હોવી જોઇએ; તે ચોરજ હોવો જોઇએ. તેણે પોતાના સંબંધીની રાખ નદી ભેગી કરી દીધી અને કોટવાળને છેતર્યો. જો આ વાતમાં શંકા હોય તો કમળશ્રીને અહીં બોલાવીને પૂછો ' એટલે તેને બોલાવીને પૂછયું, તેણે કહ્યું કે-' હું કાલે ઘરની બહારજ ગઇ નથી, આ બાબતમાં શંકા રહેતી હોય તો હું દિવ્ય કરૂં. ' એટલે રાજા બોલ્યા કે-' હું તો જાણુંજ છું કે તે કૃત્રિમ કમળશ્રી હતી, ફક્ત આ કોટવાળને ખાત્રી કરી આપવા માટેજ તને બોલાવી હતી. ' તે વખતે શ્રેષ્ઠીપુત્ર બોલ્યો કે-' અરે ! આણે તો કોટવાળને પણ ઠગ્યા, તો બીજાની શી વાત ? ' તે વખતે કોટવાળ વિચારવા લાગ્યો કે-' હવે હું મારી નામાંકિત મુદ્રિકા શી રીતે મેળવી શકીશ ? ' આમ તે વિચારે છે તે વખતે રાજાને વિલક્ષ થયેલ જોઇને તે બોલ્યો કે-' હે સ્વામી ! હજુ એક ઉપાય તેને પકડવાનો છે. તે એ કે-જેણે પોતાના વડીલની રાખ માટે આ પ્રમાણે પ્રયોગ કર્યો તે તેને માટે પિંડદાન પણ જરૂર કરશે, તેથી આપણા નગરમાં બધે

ખબર રાખવી અને જ્યાં પિંડદાન થતું હોય ત્યાંથી તેને પકડલો.' રાજાએ તે વાતની તેનેજ આજ્ઞા આપી એટલે કોટવાળ ને તેના સુભટો બધે તજવીજ કરવા લાગ્યા.

દેવકુમારે ઘરે જઈને પોતાની માતાને કહ્યું કે-' હે માતા ! ઘરમાં કાંઇ તૈયાર છે કે જે હું અંધોને તેમજ બીજા દુઃખીઓને ખાવા આપું ?' માતાએ કહ્યું કે-' હા, છે.' પછી દેવકુમાર પોતાના શરીર ઉપર ગુગળનો લેપ કરીને જીર્ણ દેવકુળમાં જ્યાં બધા અંધો રહેતા હતા ત્યાં ગયો. ત્યાં તેણે અંધ બ્રાહ્મણોને એમ કહેતા સાંભળ્યા કે-'આજે તો કોઇએ આપણને જમાડ્યા નહીં.' એટલે દેવકુમારે તેમને જમાડવાનું આમંત્રણ કર્યું અને તે બધાને એક બીજાના હાથ સાથે વળગાડી તેમને લઈને આગળ ચાલ્યો. માર્ગમાં ગુગળના ગંધથી તે કુષ્ટિઓ તથા અંધોના સમૂહને લોકોએ કહ્યું કે-' અહીંથી જરા છેટા ચાલો, તમને જવાનો કોઈ પ્રતિબંધ કરતું નથી.' પછી એક ગુપ્ત સ્થળમાં તે બધાને લઈ જઇને દેવકુમારે ઘરેથી લાવેલી ચીજોવડે તેમને યથેચ્છપણે જમાડ્યા ને રાત્રી ત્યાંજ રાખ્યા. પછી સવાર થઈ એટલે તેણે તેમની પાસે પિંડદાન કરાવ્યું અને ટીંબરાજના નામથી તે બધાને ફરીને જમાડ્યા. પછી દરેકને બાર બાર દ્રમ દક્ષિણામાં આપ્યા અને તાંબૂળ ને ચંદનાદિવડે તે બધાને ખુશી કરી રાત્રે તેને અસલ સ્થાનકે પહોંચાડી દત્તપુત્ર પોતાને ઘરે ગયો.

અર્ધરાત્રે કોટવાળ ફરતો ફરતો જ્યાં અંધ બ્રાહ્મણો રહેતા હતા તે દેવકુળ પાસે આવ્યો. ત્યાં તેમણે અંધોની અંદર અંદર થતી વાત આ પ્રમાણે સાંભળી. તેઓ બોલતા હતા

કે-' જેવા આજે આપણને જમાડ્યા તેવા આજ સુધી કોઈએ જમાડ્યા નહોતા. વળી તેણે પિંડદાન પણ આપણે હાથે સારી રીતે કરાવ્યું. દક્ષિણા પણ સારી આપી કે જેથી આપણે કેટલાક દિવસ સુધી બીજાની આશા રાખવી ન પડે. તે ખરેખરો ધર્માત્મા હતો.' આ પ્રમાણેની તેમની વાતો સાંભળીને કોટવાળે તેમને હાકોટો દઈને પૂછ્યું કે-' કહો, તમને આજે કોણે જમાડ્યા ?' એટલે અંધો બોલ્યા કે-' આ પરને પરિતાપ ઉપજાવનાર કોણ છે કે જે અમૃતમાં ઝેર નાખે છે ?' તેના ઉત્તરમાં કોટવાળના સુભટોએ કહ્યું કે-' પિંડદાન આજે ચોરને ઘરેજ થવાનું હતું તેથી સાચે સાચું કહી દ્યો કે તમને કોણે જમાડ્યા ? નહીં તો જે ચોરનો દંડ તે તમારે માથે પડશે અને જો સાચું કહી દેશો તો છુટી જશો.' તેઓ બોલ્યા કે-' અમે તો બધા જાત્યંધ છીએ તેને કોનું ઘર ને ક્યાં આવ્યું તેની શી ખબર પડે કે જેથી અમે કહી શકીએ?' ત્યારે સુભટોએ તેનું નામ પૂછ્યું. અંધોએ ' ટીંબરાજ ' કહ્યું. સુભટો બોલ્યા કે-' આ નામ સાચું નથી, કત્રિમ જણાય છે, માટે સાચું કહો.' અંધો બીજું નામ કાંઈ જાણતા નહોતા એટલે ન બોલ્યા. તેથી સુભટોએ એકેકને મારવા માંડ્યા. તેઓ પોકાર કરવા લાગ્યા કે-' અરે ! અમને અંધ બ્રાહ્મણોને આ મારે છે, મારે છે !' તેમનો પોકાર સાંભળી લોકો ભેળા થયા અને હકીકત જાણ્યા વિના મારનારાઓને કહેવા લાગ્યા કે-" આ રાંકડાઓને શા માટે મારો છો ? આ જન્માંધ એવા બ્રાહ્મણો શું જાણે ? તમે ચોર ઉપરના ક્રોધથી આને મારીને ઓલી કહેવત સાચી કરો છો કે-ચોળા ઉંદર ખાઈ ગયા ને માર વાછડાઓએ ખાધો." આ પ્રમાણે કહીને

લોકોએ મહા મહેનતે તેમની પાસેથી અંધોને છોડાવ્યા.

બીજે દિવસ સવારે કોટવાળ રાજા પાસે આવ્યો અને અંધજનો સંબંધી વૃત્તાંત નિવેદન કર્યું. તે સાંભળીને રાજાએ દાઢીએ હાથ રાખીને કહ્યું કે–' ચોરે પોતાના પિતાનું સર્વ પ્રકારનું ઔર્ધ્વદૈહિક કૃત્ય કર્યું અને પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરી. ' તે વખતે દત્તપુત્ર દેવકુમાર બોલ્યો કે–' હે દેવ ! મનુષ્યોની બુદ્ધિ સર્વત્ર જય પામે છે; બુદ્ધિ વિના અક્ષૌહિણી સૈન્યવાળો રાજા પણ હારી જાય છે. ' તે વખતે સભામાં બેઠેલા મંત્રી સામંતાદિ સર્વને નીચું મુખ કરી રહેલા જોઈ રાજા પણ વિલખો થયો. તે વખતે કમળશ્રી વેશ્યા બોલી કે–' હું એ ચોરને પકડી આપીશ. ' પછી તે પલંગનો ચોથો પાયો લઈને પોતાને ઘરે આવી અને અક્કાને કહ્યું કે–' હે માતા ! મેં ચોરને પકડી આપવાની રાજા પાસે પ્રતિજ્ઞા કરી છે ને રાજાએ મને આ પાયો આપ્યો છે, તેની જોડના બીજા ત્રણ પાયા ચોર લઈ ગયેલ છે. ' પછી તે પાયો અક્કા લોકોને બતાવવા લાગી અને આવો પાયો બીજો લાવે તેનેજ ઘરમાં આવવા દેવાનું કહ્યું. લોકો બીજા પાયા લાવવા લાગ્યા પણ તે અક્કાએ કબુલ રાખ્યા નહી. આ શિવાય બીજી રીતે ચોર પકડાય તેમ તેને લાગ્યું નહીં.

હવે દેવકુમાર વેશ્યાની કરેલી પ્રતિજ્ઞા સાંભળીને રાજાને પ્રણામ કરી, ' ઠીક થયું ' એમ કહી ઘરે આવવા ચાલ્યો. તેવામાં માર્ગમાં તેણે મુનિરાજની દેશનાનો સ્વર સાંભળ્યો, એટલે તેણે ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. ત્યાં ભવ્ય-જનોની પાસે આચાર્ય દેશના આપી રહ્યા છે અને તેમાં

ચોરી વર્જવાનોજ અધિકાર ચાલે છે. તે તેણે સાંભળ્યો. સૂરિએ કહેલી તે સંબંધની કથા આ પ્રમાણે–

## કાળીસુત ને પરશુરામની કથા.

**કાંપિલ્યપુર** નામના નગરમાં **ચક્રેશ્વર** નામે રાજા રાજ્ય કરે છે. તે વસુંધરાપતિને **વસુંધરા** નામની રાણી છે. તેને **અર્જન** નામનો મંત્રી છે. તે રસવડે બુદ્ધિ અને યશ ઉપાર્જન કરવામાં તત્પર છે. તે મંત્રીને દેવકી સમાન ગુણવાળી **દેવકી** નામે સ્ત્રી છે અને **પરશુરામ** નામે પુત્ર છે તે બુદ્ધિમાન છે. તેને સંગીત તથા નાટ્યજ સ્ત્રી ને મિત્રતરીકે છે. તે ગૃહકાર્યથી તદ્દન પરાઙ્મુખ છે. યોગ્ય સમયે રાજાની સેવા માટે પણ તે જતો નથી. કેવળ શાસ્ત્રમાં લીન ચિત્તવાળો થઇને પંડિતોથી પરવરેલો રહે છે. તેને અન્યદા તેના પિતા મંત્રીએ કહ્યું કે “ હે વત્સ ! તું ગૃહકાર્યની ચિંતા કર. આમ શાસ્ત્રમાંજ એકાંતે વ્યગ્રચિત્તવાળો રહેવાથી ઘેલાપણું પામી જઇશ અર્થાત્ ગાંડો થઇ જઇશ. વળી ક્ષુધાર્ત્ત કે તૃષાર્ત્તને શાસ્ત્રો કાંઇ આધારભૂત થતા નથી; તેમજ કુટુંબને પણ તેથી આધાર મળતો નથી, માટે રાજસેવામાં તત્પર થા. ”

આ પ્રમાણે પિતાએ કહ્યા છતાં તેણે તેને હાંસીમાં કાઢી નાખ્યું અને પોતે જેમ વર્તતો હતો તેમજ વર્તવા લાગ્યો. ‘ પ્રાયે સર્વ જનોને સ્વભાવ છોડવો તે મુશ્કેલ હોય છે. ’ આ હકીકત મંત્રીને તો શલ્ય જેવી દુઃખદાયી થઇ પડી, પરંતુ પિતાપણાનાં ગાંભિર્યથી તે બુદ્ધિમાને પુત્રને દુઃખ થાય તેવું કહ્યું નહીં.

અન્યદા રાજાનું અદ્‌ભૂત એવું કંઠાભરણ કે જે ઘણું સુંદર હતું, મહામૂલ્યવાળું હતું અને પાંચે વર્ણના મણિઓના સમૂહથી જડેલું હતું તે લઈને રાજસેવક મંત્રી પાસે આવ્યો અને મંત્રીને તે આભરણ આપીને કહ્યું કે–' આ આભરણ જાળવીને મૂકજો, તેમાં ગફલત કરશો નહીં.' પછી મંત્રીએ તે લઇને રાજભુવનમાં જવાનો વખત થયેલો હોવાથી પુત્રને આપીને કહ્યું કે–' આ આભરણ સંભાળીને મૂકજે, રાજસભામાં હું જાઉં છું.' આમ કહીને તે તો ગયો. અહીં મંત્રીપુત્ર તો શાસ્ત્રચિંતામાંજ મશગુલ રહ્યો. તેની અંદર ન સમજાય એવા એક અર્થને ચિંતવવામાં લીન થઇ ગયો. તે વખતે નજીકમાં મૂકેલું તે આભરણ કોઈની નજર ન હોવાથી તેના કાળીસુત નામના નોકરે લઇ લીધું અને તે લઇને નાસી ગયો.

નહીં સમજાતો અર્થ સમજાયા બાદ મંત્રીપુત્રે આભરણ તરફ નજર કરી તો ત્યાં આભરણ ન દેખાવાથી તે ક્ષોભ પામીને બધા માણસોને પૂછવા લાગ્યો, પણ કોઈએ પત્તો આપ્યો નહીં. તેવામાં મંત્રી આવ્યો. તે આભરણ ઉપડી ગયેલું જાણીને ક્રોધ તથા ખેદને વશ થઇ ભૃકુટી ચડાવીને કઠોરપણે પુત્રપ્રત્યે બોલ્યો કે–" અરે ! મૂર્ખ ! તું પુત્રને મિષે આ કુળનો કાળજ આવ્યો જણાય છે. કહે, હવે હું રાજાનું મન શી રીતે મનાવીશ ? અને શી રીતે પ્રસન્ન કરીશ ? તે આપણ સર્વને મારી નાખવાનો હુકમ કરશે તે વખતે અમને શરણભૂત કોણ થશે ? અમારૂં રક્ષણ કોણ કરશે ? તેથી તું પાપરૂપ કાષ્ટમાંથી ઉત્પન્ન થયેલા ધુમાડા જેવો–સૌને શ્યામતા કરનારો–સૌના કાળા મોઢાં કરાવનારો ઉત્પન્ન થયો છું."

આ પ્રમાણે પુત્રની નિર્ભર્ત્સના કરતાં મંત્રીને બીજા પ્રધાને કહ્યું કે–' અંતરમાં વડવાનળ છતાં પણ સમુદ્ર પોતાનું શીતળપણું તજતો નથી. વળી બધી રીતે વિચાર કરીને બુદ્ધિમાન્ માનની કે અર્થની હાની, સંતાપ, વંચના અથવા ઘરનું દુશ્ચરિત્ર કોઇની પાસે પ્રકાશિત કરતા નથી. પરશુરામે તો એ આભૂષણજ ખોયું પણ હવે તમે તમારા મનની મોટાઇ શામાટે ગુમાવો છો ?' આ પ્રમાણેની પ્રધાનની હિતશિક્ષા સાંભળીને મંત્રી મૌન થઈ ગયો.

હવે મંત્રીપુત્ર વિચારે છે કે–' મારો ગુણ પણ પિતાના મનમાં દોષરૂપે પરિણમે છે તો જ્યાં તેજનું ખંડન થાય ત્યાં સૂર્યની જેમ મારે રહેવું યોગ્ય નથી. ' આ પ્રમાણે વિચારીને અર્ધરાત્રે તે એકલો ત્યાંથી નીકળી ગયો. તે ચાલતો ચાલતો ઉત્તર દિશામાં **ઇંદ્રપ્રસ્થ** નામના નગર પાસે પહોંચ્યો. તે નગરના ઉદ્યાનમાં તે વિસામો ખાવા બેઠો; ત્યાં તેણે **ધર્મયશ** નામના ગુણયુક્ત મુનિની મધુરતાવડે વીણાના સ્વરને પણ જીતે એવી વાણી સાંભળી, એટલે તે તેમની પાસે જઇ નમસ્કાર કરીને દેશના સાંભળવા બેઠો. દેશનાની પ્રાંતે અદત્તાદાનનો સર્વથા ત્યાગ કરી પોતાના આત્માને ધન્ય માનતા તેણે ઇંદ્રપ્રસ્થ નગરમાં પ્રવેશ કર્યો.

માર્ગે ચાલતાં **જયદેવ** નામનો પ્રધાન શ્રેષ્ઠી તેને મળ્યો તેની સાથે પરિચય કરતાં પરશુરામના ગુણોથી તેનું ચિત્ત રંજીત થયું. કહ્યું છે કે–" સ્થાનથી ભ્રષ્ટ થયેલા ગુણવંતો રાજાથી પણ પૂજાય છે. જુઓ ! રોહણાચળનું રત્ન ત્યાંથી છુટું પડ્યા છતાં રાજાને મસ્તકે ચડે છે. વળી સોપારી, પાન, શ્રીફળ,

અશ્વ, સિંહ, સત્પુરૂષ અને હાથી સ્થાનભ્રષ્ટ થયા પછીજ વધારે શોભાને પામે છે–તેની કિંમત વધે છે. ” પરશુરામને તે શેઠ પોતાને ઘરે લઇ ગયા અને તે ત્યાં તેમના પુત્ર તરીકે રહેવા લાગ્યો.

એક દિવસ તે બુદ્ધિમાન્ શ્રેષ્ઠીની સાથે નગરની બહાર ગયો. ત્યાં પુષ્કરિણીમાં હાથ પગ મુખ વિગેરે ધોતાં શ્રેષ્ઠીના હાથમાંની કિંમતી વીંટી તેના અજાણપણામાં પડી ગઇ. શ્રેષ્ઠી ત્યાંથી પાછા ઘર તરફ ચાલ્યા, એટલે મંત્રીપુત્રે તે વીંટી લઇ લીધી અને તે પણ સાથે ચાલ્યો. માર્ગે જતાં શ્રેષ્ઠીને હાથ ખાલી જોતાં વીંટી સાંભરી, એટલે તેમને આકુળવ્યાકુળ થયેલા જોઇને પરશુરામે પૂછ્યું કે–‘ તમે આમ વ્યગ્ર કેમ થયા છો ?’ એટલે શ્રેષ્ઠીએ કહ્યું કે–‘ મારા હાથમાંથી વીંટી રસ્તામાં કાંઇક પડી ગઈ છે, તે હમણા સાંભરી તેથી મારૂં મન વ્યગ્ર થયું છે.’ એટલે મંત્રીપુત્રે તે વીંટી તેમને આપી. શેઠ બહુજ ખુશી થયા અને બોલ્યા કે–“ હજુ જગતમાં ધર્મ વર્તે છે અને તમારી જેવા ધર્મી મનુષ્યો પણ વર્તે છે. કહ્યું છે કે–‘ જે મનુષ્ય સર્વ પ્રાણીઓને પોતાની સમાન જુએ છે, પારકા દ્રવ્યને પથ્થર સમાન લેખવે છે અને પરસ્ત્રીને માતા સમાન ગણે છે તેજ ખરો સત્પુરૂષ છે.’ કળિકાળની કલુષતાએ હજુ આ જગત બધાને કલંકિત કર્યું નથી. તમારી જેવા સત્પુરૂષો જ્યાં વસે છે તે મંદિર બંને પ્રકારે ધન્ય છે.” એ રીતે વાતો કરતા તે બંને ઘરે આવ્યા.

અન્યદા શેઠની પાસે મંત્રીપુત્ર પોતાનું આખું શરીર વસ્ત્રવડે ઢાંકીને બેઠો છે તેવામાં પેલો રાજાનું આભરણ ચોરી

જનાર દાસ તે આભરણ શેઠને બતાવવા આવ્યો. શેઠ તે આભરણ જોઈને બોલ્યા કે–' આ આભરણ તો જરૂર કોઈ રાજાનું સંભવે છે.' તે વખતે મંત્રીપુત્ર જે ત્યાં રહેલ છે તે શ્રેષ્ઠીના પુત્ર તરીકે બોલ્યો કે–' અરે ! કાળીસુત ! તું અહીં કયાંથી આવ્યો ?' તે સાંભળીને મંત્રીપુત્ર તરીકે તેને ઓળખ્યા છતાં અજાણ્યો થઈને કાળીસુત બોલ્યો કે ' તમે કોણ છો ? કાળીસુત તમે કોને કહો છો ? મારો ને તમારો અગાઉનો પરિચયજ કયાં છે ?' એટલે મંત્રીપુત્ર બોલ્યો કે–' અરે ! તું અર્જનમંત્રીનો દાસ કાલીસુત છું. શા માટે પોતાને છુપાવે છે ?' તે બોલ્યો કે–' અરે ! તમે ભ્રાંત થયા જણાઓ છો કે જેથી મને તેનો દાસ કહો છો.' એટલે શ્રેષ્ઠી બોલ્યા કે–' ત્યારે તું ખરેખરી વાત કહે કે તું કોણ છું ?' તે બોલ્યો કે–' હું રોહણ નગરના સ્વામીનો ગંગ નામનો સેવક છું, તેમણે મને આભૂષણ વેચવા મોકલ્યો છે, આભૂષણનું મૂલ્ય એક લાખ સોનૈયા છે.' તે સાંભળીને શ્રેષ્ઠી બોલ્યા કે–" અરે મૂર્ખ ! ખોટું પણ તું બરાબર બોલી જાણતો નથી. કારણકે આ આભરણમાંનું સામાન્ય રત્ન પણ લાખ લાખ મૂલ્યવાળું છે. આ આખા આભૂષણની કિંમત તો થઈ શકે તેમજ નથી. તેં તો પોતાના લોભથી રોહણાચળની ઉત્પત્તિને પણ અલ્પ મૂલ્યવાળી કરી દીધી છે. તેં અર્થના લોભથી ખોટું મૂલ્ય કરીને તારા આત્માને પણ અનર્થમાં નાખ્યો છે, પરંતુ ચોરો પોતે ચોરેલી વસ્તુનું ખરૂં મૂલ્ય જાણી શકતાજ નથી."

આ પ્રમાણે સાંભળીને તે દાસ ક્રોધ કરીને બોલ્યો કે–" હું કોણ છું ? તમે મને કોઈ દિવસ જોયો છે ? મારે

તો પારકું દ્રવ્ય રજ સમાન છે, તો હું બીજાનું આભરણ કેમ ચોરૂં ? હવે મારૂં આભરણ મને પાછું આપો. કારણ કે તમારા સમાગમથી તો મને જીવિતનો સંશય થવાનું લાગે છે.” શ્રેષ્ઠી તેને આભૂષણ પાછું આપવા જતા હતા એટલામાં મંત્રીપુત્રે તેનો નિષેધ કર્યો અને કહ્યું કે–‘ ચોકસજ તે આ આભરણનો ચોર છે, એમાં જરા પણ સંશય જેવું નથી.’ આ પ્રમાણે સાંભળીને તે ચોર ‘ હું લુંટાણો, હું લુંટાણો.’ એમ પોકાર કરતો રાજમહેલના મુખ્ય દ્વાર પાસે આવ્યો. એટલે રાજાએ તેને બોલાવીને તેની હકીકત પૂછી. તેણે પ્રથમ શેઠ પાસે કહેલી તેજ ખોટી હકીકત કહી. રાજાએ શેઠને અને મંત્રીપુત્રને બંનેને આભરણ સાથે બોલાવ્યા. એટલે મંત્રીપુત્રે પોતાનું બધું વૃત્તાંત કહી બતાવ્યું. કાળીસુતને રાજાએ પૂછયું એટલે તે બોલ્યો કે–‘ આ બધી વાત ખોટી છે, આ કાર્ય પરત્વે દેવી પાસે દિવ્ય કરવાને પણ હું તૈયાર છું.’

પછી રાજા તે આભૂષણ પોતાના હાથમાં લઈને અત્યંત તેજસ્વી એવું તે જોતાંજ તેના ઈચ્છક બની જઈને બોલ્યા કે–‘ હે ગંગ ! જો તું સાચો હો તો આ પ્રગટ પ્રભાવવાળી દેવીની પૂજા માટે તેની પાસેના કુંડમાં પ્રવેશ કરીને કમળ લઇ આવ કે જેથી હું તેવડે દેવીની પૂજા કરૂં.’ પછી તે દાસે ધૃષ્ટતાનું અવલંબન કરીને દ્રહમાં પ્રવેશ કર્યો કે તરતજ તેમાં રહેલા મગરાદિ જંતુઓ તેનું ભક્ષણ કરી ગયા. પછી રાજાએ મંત્રીપુત્રને કહ્યું કે–‘ હવે તું પણ તેની જેમ કમળ લઈ આવ.’ એટલે મંત્રીપુત્ર બોલ્યો કે–‘ હે નૃપતિ ! એની

અશુદ્ધિવડેજ મારી શુદ્ધિ સિદ્ધ થઇ ગઇ છે, પરંતુ હું આપની આજ્ઞા લોપી શકતો નથી, તેથી હું લાવી આપું છું.' આ પ્રમાણે કહીને પવિત્ર થઇ અરિહંતને નમસ્કાર કરીને તે સરોવરમાં પ્રવેશ કરવા જાય છે, તેવામાં એક મગરે આવીને પીઠ ધરી એટલે તેની ઉપર આરોહણ કરી સરોવરમાંથી ઘણા કમળો લઇને તે કીનારે આવ્યો. તેને જોઇને લોકોએ 'શુદ્ધ, શુદ્ધ,' એવી ઉદ્‌ઘોષણા કરી અને ચંડિકાદેવીના પૂજારીએ આવીને તેના ડોકમાં પુષ્પમાળા આરોપણ કરી.

હવે રાજા વિચારે છે કે-' જો આ આભરણ જોરાવરી કરીને રાખું તો તો મારો અપયશ થાય, માટે કોઈ યુક્તિ કરીને રાખું.' તે આમ વિચારે છે તેવામાં જયદેવ શ્રેષ્ઠી બોલ્યો કે-' હે સ્વામિન્! આ કાંપિલ્યપુરના રાજાના મંત્રીનો પુત્ર છે, સામાન્ય મનુષ્ય નથી. વળી એનું મહાત્મ્ય તો આપે સ્વયમેવજ જોયું છે, માટે તેનો હાર તેને આપી યોગ્ય સત્કાર કરીને તેને રજા આપો.' તે વખતે મંત્રીપુત્ર વિચારે છે કે-' આ આભરણ તો અત્યારે કાષ્ટના પાંજરામાંથી નીકળીને વજ્રના પાંજરામાં પડયું.' રાજાએ શ્રેષ્ઠીને કહ્યું કે-' આ બાબત આપણે ફરીને વાત કરશું.' આ પ્રમાણે કહીને તેણે સભા વિસર્જન કરી. મંત્રીપુત્રે શેઠને કહ્યું કે "રાજાના વિચાર સુંદર લાગતા નથી. આ રાજા માને છે કે આ મંત્રીપુત્ર મને શું કરવાનો છે ? પણ જેમ હાથીને ઘેટાએ અને સર્પને દેડકાએ કષ્ટમાં નાખ્યા હતા તેમ હું કરીશ. રાજા વિચારતો નથી કે આમ અન્યાય કરવો તે સારો નથી, પરંતુ જેના નેત્ર લક્ષ્મીવડે આચ્છાદિત થઇ જાય છે

તે ન્યાયમાર્ગને જોઇ શકતા નથી. આ રાજા માર્ગભ્રષ્ટ થયો સતો વિષમ સંકટમાં પડશે, તો હવે મને રજા આપો કે જેથી હું મારે નગરે જાઉં. મારૂં દીઠેલું આભૂષણ હવે અહીંથી કાંઇ જવાનું નથી." શેઠે કહ્યું કે-' તમે જરા રાહ જુઓ, હું ફરીને રાજાને વિજ્ઞપ્તિ કરી જોઉં.' મંત્રીપુત્ર શેઠના એ પ્રમાણે કહેવાથી ત્યાં રોકાયો.

હવે તે નગરમાં **ગુણધવળ** નામે મંત્રી વસે છે. તેને યથાર્થ નામવાળી **સર્વાંગસુંદરી** નામે સ્ત્રી છે. પ્રેમથી ભરપૂર ચિત્તવાળા તે બંનેને પરસ્પર અત્યંત પ્રેમ છે. તેનો કાળ કામની લીલાવડે ન જણાય તેમ ચાલ્યો જાય છે. અન્યદા કોઇક પર્વને દિવસે નદીએ સ્નાન કરવા માટે તે સર્વાંગસુંદરી વાહનમાં બેસીને પરિવાર સહિત ગઇ. તેણે નદીમાં પ્રવેશ કરીને મુખની શોભાવડે નદીમાંહેના કમળોને શોભા વિનાના કરી દીધા જેથી તે પાણીમાંજ લીન થઇ ગયા. સ્નાન કરીને તે બહાર નીકળી-એટલે એક ઝીણા વસ્ત્રવાળી અને માથાના કેશને નીચોવતી સાક્ષાત્ લક્ષ્મી જેવી શોભવા લાગી. કીંકીલી વૃક્ષના મૂળ પાસે રહેલા તેના બે હાથ કીંકીલી વૃક્ષની શાખા જેવા શોભવા લાગ્યા. તે વખતે તેને એક યક્ષે જોઈ એટલે તે તેના રૂપમાં મોહ પામ્યો. તે વિચારવા લાગ્યો કે-" અહો! આનું રૂપ કેવું સુંદર છે? મુનિના મનને પણ તે ચળાવે તેવું છે. હું માનું છું કે આનાવડે કામદેવ જયધ્વજ મેળવે તેમ છે. જ્યારે શંકરના ત્રીજા નેત્રના અગ્નિથી કામદેવ બળી ગયો તે વખતે લાવણ્યરૂપી અમૃતને વહન કરનારી આ હોત તો જરૂર તે બળી જાત નહીં. આ સ્ત્રી જેને હર્ષથી અંગીકાર

કરે છે તેજ ખરેખરો દેવ છે, અપુણ્યવાન્ એવો હું તો માત્ર નામનોજ દેવ છું. હવે આ સ્ત્રી મારી કેમ થાય ? જો હું આનું હરણ કરૂં તો તે તેના ભર્ત્તારના વિરહના ક્લેશથી મારૂં ઇચ્છિત સિદ્ધ કરે નહીં, માટે તેની પાસે પ્રત્યક્ષ થઇને વિનયના વાકયોવડે પ્રસન્ન કરૂં, પરંતુ તેમ કરવાથી પણ સતિત્વને ધરાવતી તે મને અનુકૂળ થશે એમ લાગતું નથી.”

યક્ષ આ પ્રમાણે વિચારે છે તેવામાં તો તે પરિવાર સાથે પોતાના ઘર તરફ ચાલી અને ઘરે પહોંચી. હવે સંધ્યા વખતે મંત્રી રાજમંદિરે રાજા પાસે ગયો અને રાજકાર્ય વિશેષ હોવાથી ત્યાં વધારે રોકાણો, વખતસર ઘરે આવી શકયો નહીં. એટલે યક્ષે મંત્રીના ઘરે આવવાના અવસરને જાણીને બરાબર તે વખતે મંત્રી જેવું રૂપ અને તેની જેવો વેષ કરીને મંત્રીના ઘરમાં પ્રવેશ કર્યો. તેણે દ્વારપાળને કહ્યું કે–“ અહીં કોઈ બીજું આવે તો તેને અંદર પ્રવેશ કરવા દઇશ નહીં. ગમે તેવું કાર્ય બતાવે તો પણ તેને અહીં રોકજે. કદી તે બળાત્કારે પ્રવેશ કરવા ધારે તો તેને ખુશીથી મારજે. તેની ધૂર્ત્તતાથી તું ઠગાઇશ નહીં. કારણકે એવા ઘણા ધૂર્ત્તો લોકોને ઠગે છે.” દ્વારપાળે તેનો આદેશ કબુલ કર્યો. પછી તે યક્ષે ઘોડા ઉપરથી ઉતરીને દીવા પ્રગટવાને વખતે ઘરમાં પ્રવેશ કર્યો.

મંત્રીના મકાનની અંદર સુગંધી ધૂપ થઇ રહ્યો હતો અને એક સુંદર પલંગ ઉપર સ્ફાર શૃંગારને ધારણ કરેલી સર્વાંગસુંદરી બેઠી હતી. તેની પાસે કૃત્રિમ રૂપધારી યક્ષ ગયો અને અનેક પ્રકારના ચાટુવચનો બોલવા લાગ્યો. મંત્રીની

સ્ત્રીને આ બધું નવું લાગવાથી તેને માટે શંકા પડી. તેણે ધાર્યું કે 'આ કોઇ કત્રિમ રૂપધારી જણાય છે.' તેને જોવાથી મંત્રીસ્ત્રીના શરીરમાં દાહ થવા લાગ્યો અને અસાતા ઉપજવા લાગી, એટલે તે વિચારમાં પડી. તેથી તે યક્ષના ચાટુવચનોનો ઉત્તર આપી શકી નહીં. તેટલામાં તો રાજકુળથી પરવારીને મંત્રી પોતાને ઘરે આવ્યા. તેણે પોતાના ઘરનો દ્વાર બંધ જોઇને કહ્યું કે–" અરે દ્વારપાળ ! બારણું ઉઘાડ." એટલે દ્વારપાળે આક્ષેપપૂર્વક કહ્યું કે–' તું કોણ છો ? તારૂં નામ શું છે ?' તે સાંભળીને મંત્રી બોલ્યા કે–' અરે ! તું શું ઘેલો થઈગયો છે કે મત્ત થઇ ગયો છે કે જેથી સુતો સુતો જવાબ આપે છે ? અને પોતાના સ્વામીને પણ ઓળખતો નથી ?' દ્વારપાળ બોલ્યો કે–' તારા કહેલા વિશેષણવાળો તો તુંજ જણાય છે કે જે પારકા ઘરમાં પ્રવેશ કરવાની ઇચ્છાથી આવેલ છે. આ ઘરનો સ્વામી તો પ્રથમ આવી ગયેલ છે, માટે તારૂં કુશળ ઈચ્છતો હો તો અહીંથી ચાલ્યો જા, કેમકે આ ઘરમાં તારો પ્રવેશ થઈ શકે તેમ નથી.' મંત્રી બોલ્યો કે–' અરે મૂર્ખ ! તને કયા ધૂર્ત્તે ભોળવ્યો છે કે જેથી તું આવા જવાબ આપે છે ? ખરો ગુણધવળ તો હું છું, પ્રથમ આવેલ કોઈ ધૂર્ત્ત જણાય છે.' દ્વારપાળ બોલ્યો કે–' તું ખરેખરો ગુણે કરીને ધવળ–બળદ જણાય છે.'

દ્વારપાસે આવો વાદવિવાદ થતો સાંભળીને સર્વાંગસુંદરીએ દાસીને પૂછ્યું કે ' આ શું થાય છે ?' એટલે તેણે બધો વૃત્તાંત કહ્યો. તે સાંભળી મંત્રીની સ્ત્રીએ શૃંગારો ઉતારી નાખ્યા અને પલંગ ઉપરથી ઉભી થઇને બોલી કે–

'જ્યાં સુધી આ વાતનો નીકાલ ન આવે-ખરા મંત્રીની ખબર ન પડે ત્યાં સુધી મારે બ્રહ્મવ્રત છે.' તેના આવા વચનો સાંભળીને યક્ષ વિલખો થયો. કારણકે તેની ધારણા સિદ્ધ થઈ નહીં. એટલે તે તો સર્વાંગસુંદરીની સામું જોઇને બેસી રહ્યો. દ્વારપર રહેલ મંત્રી વિચારવા લાગ્યો કે-' આ અણધારી ઉપાધિ આવી પડી જણાય છે; પરંતુ હવે સવારે આનો કાંઇક પ્રતિકાર કરાશે, અત્યારે શું થાય ?' એમ મનમાં બોલી કોઈ ગુપ્ત સ્થાનમાં જઇને તેણે રાત્રી ગાળી.

પ્રભાતે કૃત્રિમ મંત્રી દ્વારપાળને સમજાવી દ્વાર બંધ કરાવી રાજમંદિરે ગયો અને રાજાને નમસ્કાર કરીને બેઠો. મૂળમંત્રી પણ પ્રાતઃકાળે ઘરમાં પ્રવેશ ન પામવાથી અને યક્ષના સમજાવવાથી ભોળવાયેલા દ્વારપાળે પ્રવેશ કરવા ન દેવાથી રાજમંદિરમાં ગયો. ત્યાં તેણે મૂર્ત્તિ, વેષ અને પરિચ્છદવડે પોતા સરખા બીજા મંત્રીને દીઠો. લોકો એકસરખા બે મંત્રીને જોઇને વિસ્મય પામ્યા. તે બંને 'હું સાચો, હું સાચો' એમ વિવાદ કરતા રાજા પાસે આવ્યા. લોકો પણ ત્યાં આવ્યા. રાજા પાસે પણ તેજ રીતે વિવાદ કરવા લાગ્યા. રાજાએ વિચાર્યું કે-' આમાં ખરો કોણ ? તે ઓળખી શકાય તેમ નથી. પૂછવાથી બંને પોતાનેજ સાચા કહે છે. તેથી આમાં દિવ્ય કરાવીને ખાત્રી કરવી તેજ ઉપાય જણાય છે. કેમકે દૈવશક્તિથી સત્ય તરી આવશે.'

હવે આ દિવ્ય કરવાની બાબત યક્ષને તો રમત જેવી હતી; તેમાં સર્વથા હાની તો મૂળમંત્રીનેજ હતી. એટલે તેણે દિવ્ય કરવાની વાત ન સ્વીકારતાં આખા શહેરમાં પટહ વગડાવી જાહેર કર્યું કે-' આ અમારો વિવાદ જે ભાંગશે તે

ન્યાયપ્રિયને હું એક ક્રોડ દ્રવ્ય આપીશ.' આ પ્રમાણેનો વાગતો પટહ મંત્રીપુત્ર પરશુરામે સ્પર્શ્યો, એટલે તેને મંત્રી પાસે લાવવામાં આવ્યો. મંત્રી તેને રાજા પાસે લઇ ગયો. સત્યમંત્રીએ રાજાને કહ્યું કે-' આ અમારો વિવાદ દૂર કરી દેશે.' તેને ઓળખીને પેલા આભરણના લોભવાળા રાજા બોલ્યા કે-' જો આ પ્રતિજ્ઞાનો તું નિર્વાહ ન કરી શકે અને વિવાદ ભાંગી ન આપે તો તારો દંડ શું કરવો ?' એટલે મંત્રીપુત્ર બોલ્યો કે-' આપને યોગ્ય લાગે તે દંડ આપજો.'

પછી રાજા રાજસભામાં બેઠેલ છે ત્યાં બધા પ્રધાનો અને નગરજનો વિગેરે એકત્ર મળ્યા. બન્ને મંત્રી સામ-સામે બેઠા. એટલે પરશુરામે બંને મંત્રીને કહ્યું કે-' હું ન્યાયની રીતે જે ઈન્સાફ આપું તે તમારે બંનેને કબુલ છે ?' તે બન્નેએ કબુલ કર્યું. એટલે મંત્રીપુત્રે કહ્યું કે-' મને ત્રણ-વાર કોલ આપો.' તેઓએ કોલ આપ્યા, પછી મંત્રીપુત્રે એક કળશ મંગાવીને કહ્યું કે-' જે આ કળશના નાળવામાંથી પોતાની શક્તિથી નીકળે તેને સાચો મંત્રી સમજવો.' તેણે આમ કહ્યું કે તરતજ યક્ષ પોતાની દિવ્ય શક્તિવડે નાળ-વામાંથી નીકળી ગયો, એટલે મંત્રીપુત્ર બોલ્યો કે-' આ ખોટો છે, કેમકે નાળવામાંથી નીકળવાની શક્તિ મનુષ્યની હોતી નથી, તે શક્તિ દેવનીજ હોય છે, તેથી જે એમાંથી નીકળ્યો તે મનુષ્ય નથી પણ કોઇ દેવ હોવાથી ખોટો મંત્રી છે.' તે વખતે એ પ્રમાણે પોતાને મંત્રીપુત્રની બુદ્ધિથી કળાઇ ગયેલ જાણીને યક્ષ વિલખો થઇ એકાએક અદૃશ્ય થઇ ગયો. સત્યમંત્રી તે જોઈને પ્રસન્ન થયો અને તરતજ કોટી દ્રવ્ય મંત્રી-પુત્રને આપવા લાગ્યો. તે વખતે દુષ્ટ ચિત્તથી તેને નિવારીને

રાજા બોલ્યો કે-' આ તો બધી ઇંદ્રજાળ જણાય છે, આણે બધું કપટ કેળવ્યું છે, કારણ કે દેશાંતરી પુરૂષો મહા ધૂર્ત્ત હોય છે.' આ પ્રમાણે કહ્યા છતાં રાજા પોતાના ચિત્તમાં તો ચમત્કાર પામ્યો, પણ આભરણના લોભમાં અંધ થયેલ હોવાથી બીજીવાર પણ ઉન્માર્ગે ગમન કર્યું. રાજાના આવા દુશ્ચરિત્રથી સર્વ નગરજનોના મન પણ દુઃખાણા. પરશુરામ તો ઉજ્વળ મુખવાળો થઇને સર્વ લોકો સહિત ત્યાંથી નીકળી પોતાને સ્થાનકે આવ્યો. ભૂષણનો અને કોટી દ્રવ્યનો લાભ કેમ થાય ? તેના ઉપાયને ચિંતવતાં પરશુરામના કેટલાક દિવસો લોકોથી સ્તુતિ કરાતા સતા વ્યતિક્રમ્યા. મોટા માણસો પણ પોતાના કામમાં સીદાય છે.' જુઓ ! ચંદ્ર આખા જગતને ઉજ્વળ કરે છે પણ તેની ઉપર રાહુની કાલિમા આવી પડે છે ત્યારે તેને દૂર કરી શકતો નથી.'

હવે રાજા મંત્રીપુત્રના છિદ્ર જોવા માટે આભરણ રાખવાના લોભથી ઉદ્યત થયો. તેથી તેણે મંત્રીપુત્રના આવવા જવાના માર્ગમાં મુદ્રારત્ન વિગેરે નખાવ્યું અને પોતાના વિશ્વાસુ પણ અનાર્ય સેવકોને તેની ખબર રાખવા જોડી દીધા. મંત્રીપુત્ર તે તરફ નીકળ્યો. તેણે મુદ્રારત્ન વિગેરે દીઠું; પરંતુ તેને ધુળિવત્ જાણી તેને ઉલંઘીને મુનિની જેમ ચાલ્યો ગયો; તેની સામી નજર પણ ન કરી. સેવકોએ રાજા પાસે આવીને તે પ્રમાણેની હકીકત નિવેદન કરી એટલે રાજાએ હૃદયમાં આશ્ચર્ય પામીને તેને પોતાની રૂબરૂ બોલાવ્યો. પછી તેના આભરણ સાથે પોતાના શરીરપરના આભરણો પણ તેણે પ્રીતિપૂર્વક મંત્રીપુત્રને આપ્યા. ચરિત્રકાર કહે છે કે-' ગુણોથી કોના મનનું આવર્જન થતું નથી ?' વળી કહે છે કેઃ—

" સુકૃતના ઇચ્છક એવા જે મનુષ્યો કિંચિત્ પણ અદત્ત લેતા નથી, તેને વિષે સુકૃતની શ્રેણિ કમળમાં રાજહંસી વસે તેમ વસે છે, આકાશમાં ચંદ્ર ઉગવાથી અંધકાર નાશ પામે છે અથવા સૂર્યોદયથી રાત્રી નાશ પામે છે તેમ વિપત્તિઓ નાશ પામે છે અને વિનીતને વિદ્યા ભજે તેમ દેવપણાની ઋદ્ધિ અને શિવલક્ષ્મી તેને ભજે છે."

પછી રાજાએ મંત્રીને બોલાવીને ક્રોડ દ્રવ્ય મંત્રીપુત્રને અપાવ્યું. તે મંત્રીએ પણ તે મંત્રીપુત્રનું ઘણું સન્માન કર્યું. રાજાએ તેની ઉપર પ્રસન્ન થઇને સભાસમક્ષ કહ્યું કે–" આ પૃથ્વીતળ ઉપર તમારી જેવા મનુષ્યો વસે છે તેથીજ તેને શેષનાગ ધારણ કરી રહ્યો છે, અસ્ત પામેલો સૂર્ય તેથીજ પાછો ઉદય પામે છે, સમુદ્ર મર્યાદા મૂકતો નથી, મેઘ યોગ્ય સમયે વરસે છે, એથી ખાત્રી થાય છે કે સત્ય, શૌચ ( અદત્ત ત્યાગ ) વિગેરે ધર્મો હજી આ પૃથ્વીપર વિદ્યમાન છે. "

રાજાની કરેલી આ પ્રમાણેની પ્રશંસા સાંભળીને પ્રસન્ન થયેલો મંત્રીપુત્ર તેમને નમસ્કાર કરીને પોતાને સ્થાને ( શેઠને ઘેર ) આવ્યો. પછી જયદેવ શેઠની રજા લઇને સારા સાથ સાથે સુમુહૂર્ત્તે ત્યાંથી નીકળી કાંપિલ્યપુરે આવ્યો. પોતાને ઘરે આવતાં તેને જોઈને તેના પિતા મંત્રી પ્રસન્ન થયા. પરશુરામે રાજાનું આભરણ અને ઇંદ્રપ્રસ્થના રાજાએ આપેલાં આભરણો પિતા પાસે મૂક્યાં. તે સાથે કાળીસુતનું બધું વૃત્તાંત નિવેદન કર્યું. પછી મંત્રી તેને રાજા પાસે લઇ ગયો અને તેમનું આભરણ આપવા સાથે બધી હકીકત નિવેદન કરી. રાજા તે સાંભળીને બહુ હર્ષ પામ્યો.

અહીં મુનિરાજ કહે છે કે-અદત્ત લેવાથી મનુષ્યો કાળીસુતની જેમ દુઃખી થાય છે અને ન લેવાથી પરશુરામની જેમ સુખી થાય છે.

ઇતિ કાળીસુત-પરશુરામ કથા.

આ પ્રમાણેની કથા સાંભળીને દેવકુમારે હૃદયમાં નિરધાર કર્યો કે-" આજથી હું કિંચિત્ પણ અદત્ત ગ્રહણ કરીશ નહીં, પરંતુ વેશ્યાએ જે પ્રતિજ્ઞા કરી છે તેને કાંઈક ચમત્કાર બતાવીને પછી ગુરૂ પાસે આવી જિનેશ્વરકથિત વ્રત અંગીકાર કરીશ." આ પ્રમાણે વિચારીને તે પોતાને ઘરે આવ્યો.

એ હકીકતને કેટલાક દિવસ વ્યતીત થયા પછી એકદા દેવકુમારે રાજા પાસે આવીને કહ્યું કે-" હે સ્વામી ! હું મારા પિતા જે વેલાકુળમાં છે ત્યાં જવા ઇચ્છું છું, જો તેઓ મારી સાથે આવશે તો તેને લેતો આવીશ." રાજાએ તેને રજા આપી એટલે તેણે ઘરે આવી પોતાની માતાને કહ્યું કે-'હું મારા પિતા પાસે જઉં છું.' આ પ્રમાણે કહેવાનું કારણ એ હતું કે તેને લાંબા વખત સુધી ન આવેલો જોઇને રાજા કે તેની મા કાંઈ ચિંતા ન કરે.

હવે ત્યાંથી નીકળીને આગળ ચાલતાં દેવકુમારને એક ઉત્તમ યોગી મળ્યા, એટલે દેવકુમારે તેમને નમસ્કાર કરીને તેની પાસે પાન સોપારી વિગેરે હર્ષથી ધર્યા. પછી તેની પાસે રહીને તેનો વિનય કરતાં તેણે યોગીનું મન પોતાને વશ કર્યું. યોગીએ પ્રસન્ન થઇને તેને કહ્યું કે-' હું તારાપર પ્રસન્ન થયો છું, માટે કહે તને શું આપું ?' દેવકુમારે કહ્યું કે-" હું તમારા દર્શનથીજ કૃતાર્થ થયેલો છું, પરંતુ તમને કાયમ

સંભારવા માટે તમારી પાસેથી એવો મંત્ર મેળવવા ઇચ્છું છું કે-'જે મંત્રથી હું ધારૂં તે મને મૂળ રૂપે જોઇ શકે, બીજા ન જોઇ શકે.' યોગીએ પ્રસન્ન થઇને તેવો મંત્ર આપ્યો, તે સાથે કહ્યું કે-'આ મંત્રથી તારા સાધ્યની સિદ્ધિ થશે; પરંતુ જે તારે પુત્ર થશે તે તને સદૈવ મૂળરૂપમાંજ જોશે. આ મંત્રનો કલ્પજ એવો છે.' દેવકુમારે તે મંત્ર ગ્રહણ કર્યો અને તેમની યથોચિત પૂજા કરી. પછી તેમની આજ્ઞા લઇને તે નજીકના ગામમાં બે ત્રણ દિવસ રહી પછી પોતાના નગરમાં આવ્યો અને પોતાની માતાને તથા રાજાને મળ્યો.

હવે તે વિચારવા લાગ્યો કે-'વેશ્યાએ કરેલી પ્રતિજ્ઞા શી રીતે ખોટી પાડવી? જો હું તેને રત્નમય પાયો આપું છું કે તેની પાસે રહેવા દઉં છું તો મોટો અનર્થ થાય છે. વળી તેને જીતતો નથી તો તે અબળા પોતાની જીત માને છે. મનુષ્યોને દ્રવ્યપ્રાપ્તિનું ફળ તેના અભિમાનનું રક્ષણ થાય તેજ હોય છે, તો એક પાયાવડે હું તે અભિમાનનું રક્ષણ કરૂં. પછી બે પાયાવડે પણ મારૂં વાંચ્છિત તો પૂર્ણ થશે.'

આ પ્રમાણે વિચારીને પ્રથમની ગુટિકાવડે અન્ય રૂપ કરીને અને બીજા મંત્રવડે બીજા ન દેખે તે રીતે એક પાયો લઈને તે વેશ્યાને ત્યાં ગયો અને તેને મણિમય પાયો દેખાડ્યો. અક્કાએ તે જોતાંજ પોતાની પુત્રીને સૂચના કરી, એટલે તેણે ઉભા થઇને આદર આપ્યો. દેવકુમાર તે રાત્રી ત્યાં રહ્યો અને કામસંગ્રામના શિલ્પને જાણનારી વેશ્યાએ પોતાનું કામકૌશલ્ય તેને બતાવી તેના ચિત્તનું રંજન કર્યું. પ્રભાતે વેશ્યાએ તેને કહ્યું કે-'આજે તો અહીંજ ભોજન કરજો.' દેવકુમારે જમવાની તો ના પાડી, એટલે વેશ્યાએ

કહ્યું કે–' તો હંમેશ આવવાની કૃપા કરશો.' દેવકુમારે કહ્યું કે–' બહુ સારૂં.' આમ કહીને તેના જોતાંજ મંત્રબળથી અદૃશ્ય થઈ ગયો. તે જોઇને વેશ્યા વિચારવા લાગી કે–' આ તે સિદ્ધ હતો કે વિદ્યાધર હતો ?' એટલામાં અક્કા આવી. તેણે પૂછયું કે–' તારો ભોગી કેમ જણાતો નથી ?' વેશ્યાએ બધી વાત કરી. અક્કાએ કહ્યું કે–' જે આવો શક્તિવાળો છે તેને શા માટે વશ ન કરવો ? હવે પછી તેનું સ્વરૂપ જાણીને ધીમે ધીમે તેને વશ કરવાનો ઉપાય કરજે.'

ત્યારપછી કમળશ્રી રાજમંદિરમાં ગઇ અને રાજાને બીજો પાયો બતાવ્યો. રાજા તે જોઈને મનમાં વિચારવા લાગ્યો કે–' આનું પરાક્રમ અદ્‌ભુત લાગે છે. નહીં તો બીજો પાયો ક્યાંથી મેળવે.' તે વખતે મંત્રી વિગેરે બધા લજ્જાથી નીચું જોવા લાગ્યા.

પ્રસંગ જોઈને દેવકુમાર બોલ્યો કે–" હે દેવ ! ગુફામાં રહેલા અંધકારને દીપશિખા દૂર કરે તો તેથી શું તે સૂર્ય કરતાં અધિક ગણાય ? વળી સોયના છિદ્રમાં કદી મૂશળ ન પ્રવેશ કરી શકે તો તેથી શું સોય મૂશળથી અધિક ગણાય ? વળી પોતાની સુંઢથી હાથી કીડીને ન પકડી શકે તો તેથી શું કીડી હાથીથી અધિક ગણાય ? ન ગણાય. તેથી જો આ વેશ્યા ચોરને બતાવે અને ત્રણે પાયા લાવે ત્યારે તેને સત્ય પ્રતિજ્ઞાવાળી કહી શકાય. તે વિના કહી શકાય નહીં. આ બાબતમાં હું છેવટે જે આપને કરી બતાવીશ તે જોઈને આપ પોતેજ કહેશો કે આનું નામ કર્યું કહેવાય." આ પ્રમાણે સાંભળીને રાજાએ વેશ્યાને કહ્યું કે–' તું ઉતાવળી ન થઈશ, છેવટ એક વર્ષ સુધીમાં પણ બીજા બે પાયા ચોર પાસેથી લાવી આપજે. આ બાબતમાં તુંજ સુશિક્ષીત છું તેથી તને કાંઇ

શીખવવું પડે તેમ નથી. કેમકે સ્વભાવથીજ ઉજ્વળ એવી જ્યોત્સ્નાને કાંઈ ઉજાળવી પડતી નથી.' આ પ્રમાણે કહીને તેને કૃપાદૃષ્ટિથી કાંઈક આપી રાજી કરીને રાજાએ રજા આપી. તે વખતે વેશ્યા સ્વભાવથીજ તુચ્છ મહિલાજાતિ હોવાથી અભિમાનવડે કોઇ જગ્યાએ સમાતી નહોતી.

હવે દેવકુમારે રાત્રે રૂપ ફેરવીને અદૃશ્યપણે તેના મકાનમાં પ્રવેશ કર્યો એટલે કમળશ્રીએ તેનો સારી રીતે સત્કાર કર્યો, તે પલંગ ઉપર બેઠો. આજે તે કાંઇ પણ લીધાવિના આવ્યો હતો, છતાં તેને પ્રથમ દિવસ પ્રમાણેજ સ્વીકાર્યો અને આનંદ આપ્યો કે જેથી તે દાતા પ્રસન્ન થઇને બીજા એ પાયા પણ લાવી આપે. અક્કા પણ તેની પાસે આવીને તેને હસાડે છે, રમાડે છે, માતાની જેમ બોલે છે અને તેનું ચિત્ત કબજે કરવા માટે તે જેમ પ્રસન્ન થાય તેમ કરે છે. અક્કા તેના શરીર સામું જોયા કરે છે પણ તેના અંગ ઉપર કાંઇ આભૂષણ વિગેરે દેખતી નથી. દેવકુમાર પણ ત્યાં નિદ્રા લેતો નથી તેમજ તેનો વિશ્વાસ પણ કરતો નથી. અક્કા વિચારે છે કે-' આ હવે કાંઈ આપી શકે તેવું લાગતું નથી.' વળી તેની આંખ મટકું મારતું જોઇને તેણે નિરધાર કર્યો કે-' આ દેવ તો નથી, પણ કોઇ સિદ્ધ કે વિદ્યાધર જણાય છે.' દેવકુમાર સવારે તેના દેખતાંજ તેના ઘરમાંથી બહાર નીકળી મૂળરૂપે પોતાને મંદિરે આવ્યો.

આ પ્રમાણે તે દરરોજ તેને ઘરે સાંજે જાય છે અને સવારે નીકળે છે. રાત્રે આનંદ કરે છે, પણ કાંઈ ઘરેણું કે દ્રવ્ય આપતો નથી, અને ગર્ભસ્થિતિના દિવસો પ્રયત્નપૂર્વક તજે છે. વેશ્યા દરરોજ તેના સંબંધનું વૃત્તાંત રાજા

પાસે આવીને કહે છે. ગર્ભસ્થિતિના દિવસો તજે છે એ વાત પણ કરી છે. રાજાએ કહ્યું કે તેનો મર્મ જરૂર જાણવો જોઇએ. પણ વેશ્યા તેનો મર્મ શોધી કે જાણી શકી નહીં. એક દિવસ એણે કહ્યું કે–' મને તેનાથી પુત્રોત્પત્તિ થવાનો સંભવ થયો છે. '

અન્યદા તેણે ' તમારાથી હું ગર્ભિણી થઇ છું ' એ વાત દેવકુમારને જણાવી. દેવકુમારે કહ્યું કે–' મારાથી ગર્ભ રહ્યાની વાત શા આધારે કહે છે ? ' તે બોલી કે–' તે શું તમે જાણુતા નથી કે મને પૂછો છો ? ' દેવકુમારે કહ્યું કે– " તું ખોટું કહે છે, કેમકે મેં તો ગર્ભસ્થિતિ થઇ શકે તેવો વખત જાળવેલો છે, તે વખતે તને સેવી નથી. તેં ચિત્તની ચપળતાથી બીજા પુરૂષને સેવ્યો હોય તો તે અન્યના પુત્રની મારે ચિંતા કરવાની નથી. જો મારાથી રહેલ પુત્ર થશે તો હું એવું કરીશ કે જેથી તે મારા રૂપને સર્વથા જોઇ શકશે નહીં, પણ તે વખત આવ્યા અગાઉ અત્યારથી તે વાતની ચિંતા શી ? તે વખત જોઇ લેવાશે. " આ પ્રમાણે કહીને મુખનો રંગ બદલ્યા શિવાય તે મૌનપણે ત્યાં રહ્યો.

આ ગર્ભનો વ્યતિકર રાજાએ જાણવાથી વેશ્યાને કહ્યું કે ' તે આગંતુક પુરૂષથી રહેલા ગર્ભનું તું યત્નથી રક્ષણ કરજે. ' ગર્ભના પ્રભાવથી દેવકુમાર ઉપર વિશેષ સ્નેહવાળી થયેલી તે વિચારે છે કે–' આમને હું રાજા પાસેથી અભય અપાવીશ. '

અન્યદા ગર્ભસ્થિતિ પૂર્ણ થયે તેને પુત્રનો પ્રસવ થયો. સંકેત કરેલે દિવસે દેવકુમારે તેને કહ્યું કે–' તું આને કોઇ ધાવ્યનો બંદોબસ્ત કરીને અન્ય ઘરે મૂકી દે; જો બીજે નહીં મૂકે તો આજ પછી હું તારે ઘરે આવીશ નહીં. ' તે બોલી કે–' હે પ્રિય ! આપ જેમ કહેશો તેમ હું કરીશ; પરંતુ

દેવકુમાર જેવા તે પુત્રને જોઇને હે પ્રાણેશ ! તમારા નેત્રને તો સફળ કરો.' વેશ્યાને મુખેથી પોતાનું નામ સાંભળીને દેવકુમાર વિચારવા લાગ્યો કે-' શું આણે મારૂં નામ જાણ્યું? પણ એવી શંકા કરવાથી સર્યું, એ પુત્રને દેવકુમારની ઉપમાજ આપતી હશે.' પછી તેણે વેશ્યાને કહ્યું કે-' ઠીક ત્યારે લાવ, હું જોઉં.' એટલે તેણે મણિના પારણામાંથી લાવીને તેમના ખોળામાં પુત્રને મૂકયો. તે પુત્રને હાસ્યવાળા મુખવાળો જોઇને તેમજ તેની સામુંજ જોઈ રહેલો જોઇને દેવકુમારે તેને રમાડ્યો અને હર્ષથી વારંવાર ચુંબન કર્યું. તે મનમાં વિચારવા લાગ્યો કે-' આ મારી સરખા આકારથી મારા પુત્રપણાને બરાબર સૂચવે છે, પણ દૈવે આ શું કર્યું કે તેને વેશ્યાને ઘેર જન્મ આપ્યો. આ ચંદનવૃક્ષ છતાં સર્પના પરિવારની જેમ અને પ્રગટ નિધાન છતાં દુષ્ટ દેવે અધિષ્ટિત કરેલાની જેમ, મહામૂલ્યવાળું રત્ન છતાં પામરના હાથમાં આવેલ હોય તેમ આ શ્વેત હસ્તી જેવો પુત્ર હીનકુળમાં ઉત્પન્ન થયો છે.' આ પ્રમાણે હર્ષ ને વિષાદથી વ્યાપ્ત થયેલા તેણે પોતાના વિચારોને ગોપવીને હસ્તે મોઢે વેશ્યાને કહ્યું કે-' આ મારી જેવો નથી છતાં તું મારો પુત્ર કેમ કહે છે?'

આ પ્રમાણેના દેવકુમારના વચનથી લજ્જાવડે નીચા મુખવાળી થયેલી વેશ્યાને, દેવકુમારે ઘણીવાર સુધી પોતાના ખોળામાં રાખીને પછી પુત્રને આપતાં કહ્યું કે-' જો તું કલ્યાણ વાંચ્છતી હો તો આને હમણા અમુક વર્ષ તો બીજે ઘરે રાખ.' વેશ્યા વિચારે છે કે-' જરૂર આ જ્ઞાનવાન છે, તેથીજ ભાવી કાંઈક અશુભ જાણીને તે આ પ્રમાણે કરવા કહે છે.' આમ વિચારીને તેણે ધાવ્યનો બંદોબસ્ત કરીને તે

પુત્રને બીજે ઘરે રાખ્યો અને પોતે સાર સંભાળ લેવા લાગી. તે બાળક કમળશ્રીને અત્યંત મનોહર લાગતો હતો, પ્રાણ કરતાં પણ વલ્લભ હતો. તે સજ્જનના સ્નેહની જેમ દિનપર-દિન વૃદ્ધિ પામવા લાગ્યો. 'કમળશ્રી નામની વેશ્યાને ચોરથી પુત્ર થયો છે' આવી વાત આખા શહેરમાં વિસ્તાર પામી અને બાળગોપાળ સૌ તે હકીકતથી જાણીતા થયા.

અન્યદા રાજા સભામાં પધાર્યા હતા, દેવકુમાર પણ બેઠેલો હતો, તેવામાં તે વેશ્યા આવી એટલે દેવકુમારે રાજા પ્રત્યે સ્પષ્ટપણે કહ્યું કે 'હે દેવ ! આ કમળશ્રીની પ્રતિજ્ઞા સાથે ચોરની વાર્તા પણ હવે તો ભૂલાઇ ગઇ છે. અથવા ચોરથી પુત્રપ્રાપ્તિ કરીને તેણે પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે ?' દેવકુમારે આ પ્રમાણે કહેવાથી સભાજનો સહિત રાજા હસ્યા, એટલે કમળશ્રી લજ્જા પામીને બન્ને પ્રકારે નીચા મુખવાળી થઇ. તેને આશ્વાસન આપીને રાજાએ દેવકુમારને કહ્યું કે— 'જે ક્ષણમાત્રમાં અદૃશ્ય થઇ જાય તે ચોર શી રીતે પકડાય ? આવા પ્રકારની શક્તિ છતાં તે આપણા આખા નગરને લૂંટતો નથી તે તેની આપણા નગરજનો ઉપર કરૂણા સૂચવે છે.' કમળશ્રી બોલી કે—'હે સ્વામી ! તમે એટલીજ શક્તિ કેમ કહો છો ? તેનામાં તો સર્વ શક્તિ છે. કેમકે તેણે ખબર પણ ન પડે તેમ પલંગના પાયા ખેંચી લીધા એ કામ તેણે દ્રવ્યના લોભથી કર્યું જણાતું નથી પણ તે સર્વ પ્રકારની શક્તિવાળો છે એમ જણાવવા માટેજ કર્યું જણાય છે. પરંતુ હે દેવ ! કદી તે ચોર મળી જાય તો પણ આપે તેને હણવો તે યોગ્ય નથી.' એટલે દેવકુમાર બોલ્યો કે—'ચોરે આ કમળશ્રીનું મન વશ કરી લીધું જણાય છે, કે જેથી આ

પ્રકારે તે ચોરને માટે અભય આપવાની પ્રાર્થના કરે છે. તે ચોરની શક્તિ મને તો બહુ વિશેષ લાગે છે કે જેણે વેશ્યાને પણ પોતાને વશ કરી લીધી છે.' તે વખતે રાજાએ કહ્યું કે-' હે કમળશ્રી ! જો તે ચોર મળી આવશે તો પણ હું તેને હણીશ નહીં, અભય આપીશ. આ પ્રમાણે હું વચન આપું છું, એમાં અસત્ય સમજીશ નહીં.'

દરબારશ્રીનું આવું વચન સાંભળવાથી વેશ્યા ઘણી ખુશી થઇને સ્વસ્થાનકે ગઇ. દેવકુમાર તે સાંભળીને વિચારવા લાગ્યો કે-' આ ખરેખરી મારાપર અનુરાગી થયેલી છે. આ વચનથી તેણે વિશેષે કરીને મારાપરનો અનુરાગ બતાવી આપ્યો છે. સુંદર વર્ણથીજ આંબાની મધુરતા જણાઇ આવે છે.' પછી રાજાએ સભા વિસર્જન કરી એટલે સર્વ સભાજનો રાજાને નમસ્કાર કરીને પોતપોતાને સ્થાનકે ગયા.

અહીં દેવકુમારનો પુત્ર પાંચ વર્ષનો થયો, પરંતુ તેના શરીરના ઉપચયથી તે દશ વર્ષનો હોય એમ જણાવા લાગ્યું. હવે તે બાળક બીજા છોકરાઓના માબાપોને જોઇને પોતાની માતાને પૂછે છે કે-' હે માતા ! મારા પિતા નથી ? ' માતા હસીને કહે કે-' તારા પિતા છે.' ત્યારે પુત્ર કહે કે-' હોય તો બતાવ.' માતા કહે કે-' કાલે સવારે બતાવીશ.' રાત્રે દેવકુમાર ત્યાં આવ્યો ત્યારે કમળશ્રીએ પુત્રસંબંધી વાત તેને કરી, એટલે તેણે રહસ્ય ફુટી જવાના ભયથી વેશ્યાને કહ્યું કે-' હમણા તારે તેને મારી પાસે લાવવો નહીં.' એટલે કમળશ્રી ઉપાલંભ દેતી સતી બોલી કે-' હું માનું છું કે તમે વજ્ર જેવા કઠિન હૃદયવાળા છો, જેથી તમને જોવાને ઉત્કંઠિત પુત્રની એટલી ઇચ્છા પણ પૂરી કરી શકતા નથી.' તેના જવાબમાં

દેવકુમાર મૌન રહ્યો. એટલે વેશ્યાએ વિચાર્યું કે–' આજે પ્રચ્છન્નપણે પુત્રને રાખીને તેને તેના પિતા દૃષ્ટિએ પાડવા. જેથી ખરી હકીકત જણાઇ આવશે કે આમ કરવાનું કારણ શું છે ?' આમ વિચારીને તેણે પોતાની દાસીને કહી રાખ્યું કે–' તારે પ્રચ્છન્નપણે પુત્રને લાવીને ગોખમાં રાખી તે તેના પિતાને જુએ એમ કરવું.'

દાસીએ વેશ્યાના કહ્યા પ્રમાણે પુત્રને લાવીને તેના પિતા દૂરથી બતાવ્યા અને પૂછ્યું કે–' તું તારી માતા પાસે કોઇને જુએ છે ?' પુત્ર બોલ્યો કે–' સારી રીતે જોઉં છું.' દાસીએ પૂછ્યું કે–' તે કેવા છે ?' પુત્ર બોલ્યો કે–' સુવર્ણ જેવા વર્ણવાળા છે.' બીજે દિવસે પણ તેને બતાવીને પૂછતાં તેણે સ્વર્ણસરખા વર્ણવાળાજ કહ્યા, તેથી વિસ્મય પામી દાસીએ તે વાત વેશ્યાને કહી. વેશ્યા વિચારવા લાગી કે–' આપણે સૌ શ્યામ વર્ણવાળા દેખીએ છીએ તે મિથ્યા છે અને પુત્ર કહે છે તે સાચું છે. તેની જુદા રૂપમાં દેખાવાની શક્તિ આ પુત્ર ઉપર લાગુ પડતી જણાતી નથી.' પછી વેશ્યાએ વિચાર્યું કે–' આ અહીં રહ્યા સતા ઓળખાઇ જવાની ધાસ્તીથી પોતાના સ્વરૂપને પ્રગટ કરી શકતા નથી, તેથી તેમને વધારે પરિચયવાળા કરૂં.' આમ વિચારીને તેણે દાસીને કહ્યું કે–' તારે આ બાળકને રોજ તેના પિતા દૂરથી બતાવવા અને તેને ભૂલી ન જાય તેવો દૃઢ કરવો.'

અન્યદા કમળશ્રીએ રાજા પાસે જઇને કહ્યું કે–' આપ જો અભય આપો તો હું ચોરને મેળવવાનો ઉપાય કહું.' રાજાએ અભય આપવાનું કબુલ કર્યું એટલે કમળશ્રી બોલી કે–" આપે

આપના દેવકુળમાં ઘણા મનુષ્યોને ભેગા કરવા અને તેઓ એક બારણેથી પેસી બીજે બારણે નીકળે એમ કરવું. આપે મધ્યમાં બેસી મારા પુત્રને પૂછવું કે-' આ તારા પિતા છે ?' પછી જેને જોઈને એ કહે કે-' હા, આ મારા પિતા છે.' તેને તમારે ચોર નિશ્ચયથી સમજી લેવો. " રાજાએ તે પ્રમાણે બંદોબસ્ત કરવા કોટવાળને કહ્યું-' કોટવાળે આખા ગામમાં તે હકીકત ફેલાવી. તે સાંભળીને દેવકુમાર હૃદયમાં બહુજ દુઃખી થયો. તેણે ધાર્યું કે-" જરૂર વેશ્યાએ તેના પુત્રને મને બતાવીને ઓળખાવ્યો જણાય છે, નહીં તો રાજા આ પ્રમાણેની ગોઠવણ કરેજ નહીં. હવે તો જે બનવાનું હોય તે બનો, બનવાનું હશે તે અન્યથા થવાનું નથી. સૌભાગ્યમંજરી સાથે બાર વર્ષ રહ્યા છતાં તેને પુત્ર થયો નહીં અને આને થોડા વખતના સંબંધમાં પુત્ર થયો, પણ પાપ છાનું રહેતુંજ નથી, કાળે કરીને પણ પ્રગટ થાય છે. હવે આ બાબતમાં કાંઇ ઉપાય દેખાતો નથી. અથવા દૈવ પરાઙ્મુખ થાય ત્યારે બુદ્ધિ નાશજ પામી જાય છે. એ વાતનો મને નિરધાર થયો, તેથી હવે તો દેવકુળે જવું, પછી જે ભાવી બનવાનું હોય તે બનો." આમ વિચારીને તે દેવકુળે ગયો.

અહીં કોટવાળે બંદોબસ્ત કર્યા પ્રમાણે નગરના મુખ્ય મુખ્ય પુરૂષો એકપછી એક દેવકુળમાં પ્રવેશ કરે છે અને રાજા તેને વેશ્યાપુત્રને બતાવી ' આ તારા પિતા છે ?' એમ પૂછે છે. અનુક્રમે જયારે વારો આવ્યો ત્યારે દેવકુમારને પણ તેણે અંદર જવા કહ્યું. તે પણ ધૃષ્ટતાનું અવલંબન કરીને મનને મજબુત કરી કષ્ટરહિતપણે અંદર ગયો. અંદર જઈ

રાજાને પ્રણામ કરી આગળ ચાલ્યો એટલે નરનાથે મેલા પુત્રને પૂછ્યું કે-'આ તારા પિતા છે?' એટલે તે બોલ્યો કે-'હા મહારાજ! એજ મારા પિતા છે. એમાં બીલકુલ શંકા જેવું નથી.' આ પ્રમાણે સાંભળી વિસ્મય પામીને રાજાએ દેવકુમારને પૂછ્યું કે-'શું આ ખરૂં કહે છે? અને ચોરનું કરેલું બધું કાર્ય તે શું તારૂં કરેલું છે?' એટલે દેવકુમાર બોલ્યો કે-'હા મહારાજ! એ બધું મારૂં કરેલું છે.' તેના બુદ્ધિવિસ્તારથી રાજા બહુ ખુશી થયો. પછી તેને અભય આપીને રાજાએ કહ્યું કે-'તેં પાયા શી રીતે કાઢ્યા? આ પુત્ર તને પિતા તરીકે કેમ ઓળખી શકયો? અને કમળશ્રીએ તારે માટે અભયની માગણી કેમ કરી?'

દેવકુમાર બોલ્યો કે-"હે નાથ! તમારા પલંગના બે પાયા આપની પાસે આવ્યા છે ને બીજા બે મારે ત્યાં જેમના તેમ પડ્યા છે તે ગ્રહણ કરો. આ બધું મેં અભિમાનમાં આવીને કર્યું છે. દ્રવ્યની લાલસાવાળાને કોઇ પણ કામ દુષ્કર નથી. આ પુત્ર મને ઓળખે છે તેનું કારણ એ છે કે હું ગુટિકાના પ્રયોગથી રૂપનું પરાવર્તન કરૂં છું પણ મારો અંગજાત પુત્ર હોય તે મને અસલ રૂપમાંજ દેખે એવો તેનો કલ્પ છે. કમળશ્રીએ મારે માટે અભયની માગણી કરી તે તેને પુત્ર થવાથી દૃઢ થયેલા મારાપરના સ્નેહને લઇને કરી છે. પણ તેણે મારે માટે એવી માગણી કરી તે ઠીક કર્યું નહીં, કારણકે મને કોઇ પરાભવ કરી શકે તેમ નથી." રાજા તેની આ પ્રમાણેની વિદ્યુતની જેમ સહજમાં અદૃશ્ય ને દૃશ્ય થવાની શક્તિ, તેની બુદ્ધિની વ્યક્તિ, તેમજ તેની પાસેની બીજી શક્તિ જોઇને બહુજ પ્રસન્ન થયો.

## દેવકુમારને મુખ્ય મંત્રીપણાની પ્રાપ્તિ.

રાજાએ દેવકુમાર ઉપર પ્રસન્ન થઇને તેને પાંચશે મંત્રીમાં મુખ્ય મંત્રી નીમ્યો. કમળશ્રી પણ એ હકીકત જાણીને તેમજ પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થયેલી ધારીને બહુ ખુશી થઇ. આને મંત્રી કરવાથી અસાધ્ય કાર્યો પણ સાધ્ય થશે એમ ધારીને રાજા પોતાના મનમાં બહુજ આનંદ પામ્યો. અમૃત જેવી વાણીથી પુત્રે સમજાવેલી કમળશ્રી પુત્ર સાથે દેવકુમારને ઘરે આવીને રહી. દેવકુમારે તેની સાથે આદરપૂર્વક પાણીગ્રહણ મહોત્સવ કર્યો. તે સાથે સૌભાગ્યમંજરીને પણ ઘરે લાવીને પાણીગ્રહણ કર્યું.

અન્યદા ત્યાં શ્રી ગુણાકરસૂરિ પધાર્યા. તેની પાસે દેવકુમારે કમળશ્રી ને સૌભાગ્યમંજરી સહિત જૈનધર્મ અંગીકાર કર્યો.

દેવકુમારની બુદ્ધિના મહાત્મ્યથી જે રાજાઓ કોઇ રીતે વશ થાય તેમ ન હોતા તે પણ સુર રાજાને વશ થયા. તે પ્રમાણે થવાથી રાજાની કૃપા દિવસાનુદિવસ વૃદ્ધિ પામવા લાગી. દેવ-કુમાર અનેક પ્રકારના સુખનું ભાજન થયો. તેમજ અનુક્રમે ધર્મનું આરાધન કરીને તે સદ્‌ગતિનું પણ ભાજન થયો.

હે ભાવિકો ! આ પ્રમાણે દેવકુમારનું ચરિત્ર વાંચીને અથવા સાંભળીને ધર્મને વિષે પ્રમાદ કરશો નહીં, જેથી તમે અનેક પ્રકારનાં સુખો ભોગવીને યાવત્ સર્વજ્ઞ પરમાત્માએ કહેલી મુક્તિનો આશ્રય કરશો અર્થાત્ મોક્ષના સુખને પામશો.

**ઇતિ પૂર્વજન્મના સુકૃત ઉપર દેવકુમારની કથા સંપૂર્ણ.**